BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

પ્રથમ વર્ષ બી.એ. - ઈતિહાસ

પેપર - ૨

(મુખ્ય તથા ગૌણ)

**HISM / HISS-102**

## ગુજરાતનો ઈતિહાસ

(પ્રાગૈતિહાસિક યુગથી ઈ.સ.૧૩૦૪ સુધી)






# વિભાગ-૧ પ્રાગૈતિહાસિક થી મૌર્યયુગ સુધી

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય**

**કુલપતિ**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

| | |
|---|---|
| **સંપાદન:** | |
| પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સિશ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ.સોનલ ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ. |
| **વિષય સમિતિ:** | |
| ડૉ.સોનલ ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ |
| ડૉ.અરુણ વાઘેલા | પ્રોફેસર અને અધ્યક્ષ ,ઇતિહાસ વિભાગ , ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ |
| ડૉ. લલિત પટેલ | પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણ |
| **પરામર્શન (વિષય):** | |
| ડૉ.અરુણ વાઘેલા | પ્રોફેસર અને અધ્યક્ષ ,ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ |
| ડૉ. જગદિશ ચૌધરી | પ્રિન્સીપાલ, એસ. વી. આર્ટસ કોલેજ, અમદાવાદ. |
| ડૉ. અનસુયા ચોથાણી | પ્રોફેસર, ઇતિહાસ વિભાગ,સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ. |
| **લેખન:** | |
| ડૉ. સુરેન્દ્ર બારિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ , સરકારી આર્ટસ એન્ડ સાયન્સ<br>કોલેજ,મોરવા હડફ, જી.પંચમહાલ |
| ડૉ. તરલીકા ગુર્જર | એસોસિએટ પ્રોફેસર , ઈતિહાસ વિભાગ, શ્રીમતી એસ.આર. મેહતા આર્ટસ<br>કોલેજ, અમદાવાદ |
| ડૉ. સોનલ ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર,ઈતિહાસ વિભાગ ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ |
| ડૉ. ધર્મેશ પંડ્યા | એસોસિએટ પ્રોફેસર , ઈતિહાસ વિભાગ, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા |
| ડૉ. અશોક વાઘેલા | આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી આર્ટસ કોલેજ, અમીરગઢ |
| **પરામર્શન (ભાષા) :** | |
| ડૉ. જીતલ રાઠોડ<br>ડૉ. જાગૃતિ મહેતા<br>ડૉ. દિનેશ ભદ્રેસરિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |



**પ્રકાશક:** ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.



Copyright © Dr. Babasaheb Ambedkar Open University – Ahmedabad. June 2020

This publiation is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0)
https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/



**ISBN " 978-93-89909-04-3 "**



**સર્વાધિકાર સુરક્ષિત**

All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this learning material. Readers are requested to kindly notify missing attribution, if any.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**HISM/HISS-102**

# ગુજરાતનો ઈતિહાસ

## (પ્રાગૈતિહાસિક યુગથી ઈ.સ.૧૩૦૪ સુધી)

વિભાગ-1

**પ્રાગૈતિહાસિક થી મૌર્યયુગ સુધી**

---

એકમ-1

ગુજરાતના ઈતિહાસ જાણવાના સાહિત્યિક સાધનો

---

એકમ-2

ગુજરાતના ઈતિહાસ જાણવાના પુરાતત્વીય, સિક્કાઓ, શિલાલેખીકીય સાધનો

---

એકમ-3

પ્રાગૈતિહાસિક ગુજરાત-લાઘનજ, કોટ અને પેઢામલીના સંદર્ભમાં

---

એકમ -4

આદ્ય ઐતિહાસિક ગુજરાત-ધોળાવીરા અને લોથલના સંદર્ભમાં

---

એકમ-5

ગુજરાતમાં મૌર્યસત્તા

---

**વિભાગ-1**

**પ્રાગૈતિહાસિક થી મૌર્યયુગ સુધી**

ગુજરાતનો ઇતિહાસ (પ્રાગૈતિહાસિકયુગ થી ઈ.સ. ૧૩૦૪ સુધી) પેપર-2 ના વિભાગ-1 (પ્રાગૈતિહાસિક થી મૌર્યયુગ સુધી) માં કુલ પાંચ યુનિટનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં ગુજરાતના ઇતિહાસ જાણવાના સાધનોનો પરિચય મેળવી પ્રાગૈતિહાસિક ગુજરાતથી શરૂ કરી ગુજરાતમાં મૌર્ય સત્તા સુધીનો ઈતિહાસ આવરિ લેવામાં આવ્યો છે. એકમોની વિસ્તૃત વિગતો આ મુજબ છે.

એકમ-1 આધારભૂત સાધનો વગર ઇતિહાસ લખી શકાતો નથી. આ સાધનોમાં સાહિત્યિક સાધનો ખૂબ જરૂરી છે. ગુજરાતનો ઇતિહાસ જાણવો હોય તો તેના સાહિત્યિક સાધનોને જાણવા જરૂરી છે, જે આ એકમમાંથી જાણી શકાશે. ધાર્મિક સાહિત્ય, ધર્મેત્તર સાહિત્ય તથા વિદેશી લેખકોના લખાણોમાંથી ગુજરાતનો ઇતિહાસ જાણવા મળે છે. સાથે સાથે પ્રાચીન સમયની લિપિ, ભાષા અને સાહિત્ય વિશેની માહિતી પ્રાપ્ત થાય છે.

એકમ-2 ગુજરાતનો ઇતિહાસ જાણવા માટે જેટલા સાહિત્યિક સાધનો મહત્વના છે, એટલા જ મહત્વના પુરાતત્વી, સિક્કાઓ અને શિલાલેખિકીય સાધનો છે. પુરાવસ્તુકીય સાધનોમાંથી પ્રાચીન ભારતનો ઇતિહાસ જાણી શકાય છે અને સમજી શકાય છે. પ્રાગૈતિહાસિક સંસ્કૃતિના સાહિત્યિક કે લેખિત સાધનો ઉપલભ્ધ ન થયેલ હોવાથી અહીં પુરાવસ્તુકીય સાધનો પર જ આધાર રાખવો પડે છે. આમ, અહીં પ્રાગૈતિહાસિક થી માંડીને સોલંકીકાલીન પુરાવસ્તુકીય સામગ્રીની વિસ્તુત માહિતી આપવામાં આવેલ છે.

એકમ-3 ગુજરાતની શરૂઆતની ભૂસ્તર રચના અને તેમાં થયેલ ફેરફારો, યોનિ અને માનવ યોનિનો સૌ પ્રથમ થયેલ ઉદ્દભવ, ગુજરાતમાં પ્રાગૈતિહાસિક સમયની શરૂઆત ક્યાં અને ક્યારે થઇ અને તેનો વિકાસક્રમ વગેરેની આ એકમમાં માહિતી આપવામાં આવેલી છે. ગુજરાતના સંદર્ભમાં પાષણયુગ અને પાષણયુગના તબક્કાઓને અહીં સમજી શકાશે.

એકમ-4 ભારતની સાથે સાથે ગુજરાતમાં શરૂ થયેલ 'નગર સંસ્કૃતિ' ની શરૂઆત અને આટલી સુવ્યવસ્થિત અને ભવ્ય સંસ્કૃતિનો ગુજરાતમાં થયેલ વિકાસની અહીં વિસ્તૃત વાત કરવામાં આવેલી

છે. સાથે સાથે આ સમયના આપણા પૂર્વજો ધાતુ વિદ્યા, કલા-કૌશલ્ય, કૃષિ અને નગર વ્યવસ્થામાં કેટલા નિપુણ હતા તે જાણી શકાશે.

એકમ-5 ભારતના ઐતિહાસિકકાળથી ગુજરાતનો ઐતિહાસિક કાળ 150 વર્ષ મોડો શરૂ થયો એની વિગતોની સાથે ભારતના મોટાભાગના પ્રદેશો પર શાસન કરતી મૌર્યસત્તાની ગુજરાતના ઇતિહાસમાં શુ ભૂમિકા છે એની માહિતી આ એકમમાંથી પ્રાપ્ત થશે. આ ઉપરાંત મૌર્યકાલીન ગુજરાતની સામાજિક, આર્થિક, ધાર્મિક, વહીવટીય અને સ્થાપત્ય વિષયથી પણ  માહિતગાર થવાશે.

| એકમ-01 | ગુજરાતના ઇતિહાસ જાણવાના સાહિત્યિક સાધનો |
|---|---|

રૂપરેખા

1.0 ઉદ્દેશો

1.1 પ્રસ્તાવના

1.2 સાહિત્યિક સાધનો

1.2.1. પ્રાગૈતિહાસિક અને આદ્ય – ઐતિહાસિક યુગના સાહિત્યિક સાધનો

1.2.1.1 પુરાણો

1.2.1.2 જૈન આગમગ્રંથો

1.2.1.3 બૌદ્ધ જાતક કથાઓ

1.2.2 મૌર્યયુગથી મૈત્રકયુગના સાહિત્યિક સાધનો

1.2.3 અનુ-મૈત્રક અથવા ચાવડા વંશના સાહિત્યિક સાધનો

1.2.4 સોલંકી –વાઘેલા કાલના સાહિત્યિક સાધનો

1.2.4.1 નાટકો અને કાવ્યો

1.2.4.2 મહામાત્ય વસ્તુપાલના સમયનું સાહિત્યિક સાધનો

1.2.5 અનુ-સોલંકી કાલના સાહિત્યિક સાધનો

1.2.6 ગુજરાતના ઇતિહાસ વિશે અન્ય પ્રદેશમાં રચાયેલ સાહિત્ય

1.2.7 વિદેશી લેખકો અને સાહિત્ય

1.2.8 ગુજરાતની સાંસ્કૃતિક સ્થિતિનો ખ્યાલ આપતા સાધનો

1.3 સારાંશ

1.4 ચાવીરૂપ શબ્દો

1.5 તમારી પ્રગતિને ચકાસોના જવાબો

1.6. સંદર્ભ

## 1.0 ઉદ્દેશો :

આ એકમ વાંચીને તમે ગુજરાતના ઇતિહાસ જાણવાના સાહિત્યિક સાધનોથી પરિચિત થશો.

- પ્રાચીન ગુજરાતના ઇતિહાસ જાણવાના સાધનો ક્યાં ક્યાં છે?
- ગુજરાતના પ્રાચીન સમયમાં કયા પ્રકારની લિપિઓ હતી ?
- ગુજરાતની ભાષા અને સાહિત્ય વિશે માહિતગાર થશો?
- સાહિત્યમાંથી ઇતિહાસ કઈ રીતે જાણી શકાય તેનો ખ્યાલ આવશે?
- સાહિત્યમાં ઇતિહાસ બાબતે કેવી ખામીઓ હોય તે સમજાશે.

## 1.1 પ્રસ્તાવના

સૌપ્રથમ તો ઐતિહાસિક સાધન-સામગ્રી એટલે શું? એ આપણે સમજવું પડે, ઐતિહાસિક સાધન એટલે "ઐતિહાસિક માહિતી ધરાવતા કોઈપણ પ્રકારના અવશેષ કે અહેવાલને ઇતિહાસ લેખન માટેની સાધન- સામગ્રી ગણાવી શકાય. માનવીએ ભૂતકાળમાં કરેલી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ કોઈપણ અવશેષ કે અહેવાલનો ઇતિહાસ લેખનની સામગ્રી તરીકે સમાવેશ થઇ શકે. આ સાધન-સામગ્રીને તેના સમય, સ્થાન અને લેખક પ્રમાણે વર્ગીકરણ કરી; સાધનની વિશ્વસનીયતા ચકાસી; સાધન પ્રથમ કક્ષાનું છે કે દ્વિતીય કક્ષાનું તે નક્કી કરી શકાય છે. આવા સાધનોમાં સાહિત્યિક, પુરાવસ્તુકીય, સિક્કાઓ, શિલાલેખો વગેરે મુખ્ય હોય છે. આ બધા સાધનોનો ઉપયોગ કરી કોઈપણ દેશ-પ્રદેશ સ્થળ વંશના ઇતિહાસનું આલેખન કરી શકાય.

## 1.2 સાહિત્યિક સાધનો :

ગુજરાતના ઈતિહાસને સમજવા માટે સાહિત્યિક સાધનો વધારે મહત્વના છે. કારણ કે સાહિત્ય એ પ્રજા જીવનનું પ્રતિબિંબ છે. તેથી જ સાહિત્યને સમાજનું દર્પણ કહેવાય છે. સાહિત્યમાં વેદો, પુરાણો, મહાભારત, જૈન ધર્મના ગ્રંથો, બૌદ્ધ ધર્મના ગ્રંથો, રાજ્યવંશોના વૃત્તાંત, રાજાઓની પ્રશસ્તિઓ, ચરિત્રો, નાટકો, કાવ્યો, મહાકાવ્યો વગેરે સાહિત્યમાંથી ઇતિહાસ જાણી શકાય છે. પરંતુ ઉપરોક્ત સાહિત્યને ઇતિહાસ જાણવાના અન્ય સાધનો જેવા કે પુરાવસ્તુકીય, અભિલેખિક, સિક્કાઓ, તામ્રપત્રો વગેરે સાથે તુલના કરી સાહિત્યિક સાધનોની ઐતિહાસિકતા તપાસી ઉપયોગ કરી શકાય. આથી પ્રાચીન ગુજરાતના ઇતિહાસ જાણવા માટે સાહિત્યિક સાધનની વિગતે ચર્ચા કરીએ.

### 1.2.1 પ્રાગૈતિહાસિક અને આદ્ય-ઐતિહાસિક યુગના સાહિત્યિક સાધનો :

ભારતમાં ઐતિહાસિક કહી શકાય તેવો ઇતિહાસનો પ્રથમ ગ્રંથ છેક 11મી સદીમાં કવિ કલ્હણે લખેલ 'રાજતરંગિણી'માંથી મળે છે. આ ગ્રંથમાં તે ભારતયુદ્ધથી ઇતિહાસનો પ્રારંભ કરે છે. જયારે ગુજરાતના પ્રાચીન ઇતિહાસની કૃતિઓ ચાવડા વંશથી શરૂઆત કરે છે. એ અગાઉના ઇતિહાસ માટે કેટલીક છૂટીછવાયી સામગ્રી મળે છે. પ્રાગ અને આદ્ય-ઐતિહાસિક યુગના ખુબ જ ઓછા સાહિત્યિક સાધનો છે.

#### 1.2.1.1 પુરાણો

પુરાણોમાં ભારતના આદ્ય – ઐતિહાસિક વંશોને લગતી અનુશ્રુતિઓ જોવા મળે છે. તેમાં ખાસ કરીને શર્યાતો, ભૃગુઓ અને યાદવોને લગતી અનુશ્રુતિઓ જોવા મળે છે. આ અનુશ્રુતિઓ વાયુ પુરાણ, બ્રહ્માંડ પુરાણ, બ્રહ્મપુરાણ અને મત્સ્ય પુરાણમાં આપેલી છે. તેમાંથી ગુજરાતના આદ્ય-ઇતિહાસ માટેની માહિતી મળે છે. મહાભારતમાંથી મથુરાથી આવી દ્વારકા વસેલા યાદવો વિશે માહિતી મળે છે. મહાભારતના 'મૌસમ પર્વ'માં યાદવાસ્થળીની સંપૂર્ણ માહિતી સાંપડે છે. જયારે મહાભારતનો ખીલ (પરિશિષ્ટ) 'હરિવંશ'માં શ્રીકૃષ્ણ ચરિતના બાકીના પ્રસંગો જોવા મળે છે. આ

ઉપરાંત વિષ્ણુપુરાણ અને ભાગવતપુરાણમાં પણ યાદવો અને શ્રીકૃષ્ણ વિશે વિસ્તૃત માહિતી મળે છે.

ગુજરાતના જુદાં જુદાં તીર્થક્ષેત્રો તથા ગુજરાતની અમુક જ્ઞાતિઓની ઉત્પત્તિ અંગે સ્કંદપુરાણ અને પદ્મપુરાણના કેટલાક ખંડોમાં માહિતી જોવા મળે છે. પરંતુ આ ખંડ પ્રાચીન કાલ પછી લખાયેલા જોવા મળે છે.

#### 1.2.1.2 જૈન આગમ ગ્રંથો

જૈન આગમ ગ્રંથોમાંથી પણ યાદવોને લગતી અનુશ્રુતિઓ મળે છે. જેમ શ્રીકૃષ્ણ વિશે સંસ્કૃત તથા ગુજરાતી સાહિત્યમાં અનેક કૃતિઓ રચાઈ છે તે પ્રમાણે વસુદેવ, અરિષ્ટનેમિ અને રાજિમતી વિશે જૈન લેખકોએ પ્રાકૃત સંસ્કૃત અને જૂની ગુજરાતીમાં અનેક કૃતિઓ રચી છે.

#### 1.2.1.3 બૌદ્ધ જાતકકથાઓ

બૌદ્ધ જાતકકથાઓમાં તેમજ પાણિની વગેરેની કૃતિઓમાં પણ યાદવવંશને લગતા ભૌગોલિક, વાણિજ્યિક અને જનજાતીય પ્રકારના કેટલીક છૂટા-છવાયા પ્રાસંગિક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

### 1.2.2 મૌર્યયુગથી મૈત્રકયુગના સાહિત્યક સાધનો

મૌર્યથી મૈત્રક યુગના આ 11 સદીઓનો ગુજરાતનો ઇતિહાસ પુરાણો અને અનુશ્રુતિઓમાંથી મળે છે. સાહિત્યિક સાધનો કરતા વધારે વિશ્વસનીય માહિતી શિલાલેખો, સિક્કાઓ અને તામ્રપત્રોમાંથી પ્રાપ્ત થાય છે. સાહિત્યિક સાધનની વાત કરીએ તો પુરાણોમાં મૌર્ય વંશની સાલવારી અને અનુશ્રુતિઓમાં થોડોઘણો ખ્યાલ આવે છે. અનુ-મૌર્ય સમયના ઇતિહાસ માટે 'પેરિપ્લસ' (પહેલી સદી) અને 'ટોલેમી' (બીજી સદી)ની ભૂગોળમાંથી કેટલીક ઉંપયોગી માહિતી મળે છે. શક શાસકો તથા શાકારી વિક્રમાદિત્ય વિશેની અનુશ્રુતિ જૈન સાહિત્યમાં મળે છે. તેમાંથી પશ્ચિમી ક્ષત્રપોની પણ વિગત મળે છે. ગુજરાત પર ગુપ્ત સમ્રાટોના શાસન વિશે સાહિત્યમાં ભાગ્યેજ કોઈ ઉલ્લેખ છે. વલભીના મૈત્રકો પૈકી ધ્રુવસેન બીજા વિશે તેના સમયના ચીની યાત્રી હ્યું-એન-ત્સાંગ પોતાના પ્રવાસ નોંધો સી-યુ-કી"પશ્ચિમ દિશાનો અહેવાલ" માં માહિતી મળે છે. છેલ્લા રાજા શિલાદિત્ય અને વલભી-ભંગ વિશે જૈન સાહિત્ય અનુશ્રુતિક વૃતાંત આપે છે. પરંતુ તેમાં જોડણી અને સાલવારીમાં ગેરસમજ જોવા મળે છે.

### 1.2.3. અનુ-મૈત્રક અથવા ચાવડા વંશના સાહિત્યિક સાધનો

ગુજરાતના ઇતિહાસમાં મૈત્રકો પછી અનુ-મૈત્રક અથવા ચાવડા વંશનો ઉદય થાય છે. તેમના વિશે કેટલાક સાહિત્યિક સાધનો ઉપલબ્ધ છે. અણહિલવાડ પાટણના ચાવડાવંશ વિશે 12મી સદીમાં લખાયેલ યશ:પાલકૃત 'મોહરાજ-પરાજય'માં પ્રાસંગિક ઉલ્લેખો છે. ચાવડા વંશની સળંગ વંશાવલી 13મી સદીમાં અરિસિંહકૃત 'સુકૃત-સંકિર્તન' અને ઉદયપ્રભસુરીકૃત 'સુકૃતકીર્તિક્લ્લોલિની'માં તેમજ મેરૂતુંગાચાર્ય રચેલ 'પ્રબંધચિંતામણી (14મી સદી) વગેરે પ્રબંધસંગ્રહોમાં મળે છે. પરંતુ જૈન પ્રબંધો અને 17મી 18મી સદીમાં 'ધર્મારણ્ય – મહાત્મ્ય' અને કૃષ્ણ કવિએ લખેલ 'રત્નમાલા'માં વનરાજ ચાવડાના માતાપિતાને લગતા વૃત્તાંત એ જૈન

અનુશ્રુતિઓથી ઘણો જુદા પડે છે. આમ ચાવડા રાજ્ય માટેની અનુકાલીન સાહિત્ય અને સમકાલીન સામગ્રીની સરખામણી વિસંવાદી અને સંદિગ્ધ જોવા મળે છે.

### 1.2.4 સોલંકી –વાઘેલા યુગના સાહિત્યિક સાધનો

સોલંકી – વાઘેલા કાલ એ ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણયુગ હતો. આ સમયમાં સાહિત્યક સામગ્રી વિપુલમાત્રામાં જોવા મળે છે .

❖ **હેમચન્દ્રાચાર્ય**

સિદ્ધરાજ જયસિંહની પ્રેરણા તથા પ્રોત્સાહનથી રચાયેલા 'સિદ્ધહેમશબ્દાનુશાસન'ના આઠેય અધ્યાયમાં સોલંકી રાજા મૂળરાજથી લઇને સિદ્ધરાજ સુધીના રાજાઓની પ્રશસ્તિ આપી છે.

હેમચન્દ્રાચાર્યના 'દ્વેયાશ્રય' નામના સંસ્કૃત કાવ્યગ્રંથમાં સમકાલીન રાજા સિદ્ધરાજ તથા કુમારપાલ સુધીના સોલંકી વંશનું ઉત્કીર્તન આપેલું છે. જયારે  પ્રાકૃત 'દ્વયાશ્રય'માં કુમારપાલનું ચરિત્ર નિરુપ્યું છે. આ બંને મહાકાવ્યો મુખ્ય દ્રષ્ટિએ રૂઢ સ્વરૂપનું કાવ્યો આપવાનું હતું, એટલે ઐતિહાસિક કહી શકાય તેવા સળંગ અને પદ્ધતિસરનું લેખન મળતું નથી. આ ટીકા સોલંકી – વાઘેલા કાળની લગભગ બધાં જ કાવ્ય તથા નાટકોને લાગુ પડે છે. તેમ છતાં ગુજરાતના ઇતિહાસ ઉપયોગી સાહિત્યમાં 'દ્વયાશ્રય' મહત્વનું સ્થાન ધરાવે છે અને તે ઇતિહાસના સાધન તરીકે પ્રથમ શરૂઆત સમાન છે. આ ઉપરાંત હેમચન્દ્રાચાર્ય દ્વારા રચિત 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત'ના પરિશિષ્ટ પર્વમાં જૈન આચાર્યોની પટ્ટાવલીઓ પણ ઇતિહાસ ઉપયોગી સાધન છે.

#### 1.2.4.1 નાટકો અને કાવ્યો

▪ **કર્ણસુંદરી**

સોલંકી રાજા કર્ણદેવના સમયમાં પાટણમાં આવેલા કાશ્મીરી કવિ બિલ્હણએ 'કર્ણસુંદરી'નામે નાટકની રચના કરી છે. એ ગુજરાતના ઐતિહાસિક નાટકમાં ઉત્તમ નમૂના રૂપ છે. આ નાટકમાં ખાસ કરીને રાજા કર્ણદેવના પરિણયને લગતી માહિતી જોવા મળે છે. આ ઉપરાંત કર્ણદેવે ગઝની પર આક્રમણ કરી સિંધુના કિનારે વિજયયુદ્ધ લડાઈનું વર્ણન છે.

▪ **મુદ્રિતકુમુદચંદ્ર**

ઈ.સ.1125માં સિદ્ધરાજ જયસિંહની અધ્યક્ષતામાં શ્વેતાંબરવાદી દેવસુરીએ  દિગંબરવાદી કુમુદચંદ્રને વાદ-વિવાદમાં કઈ રીતે ચૂપ કરાવી દીધા એ આખી ઘટનાનું કવિ યશચંદ્ર એ આ નાટકમાં આલેખન કરેલું છે. તેન પાત્રો તથા પ્રસંગોમાં ઐતિહાસિક માહિતી મળે છે.

▪ **મોહરાજ પરાજય**

ઈ.સ.1160માં સોલંકી રાજા અજયપાલના મંત્રી યશ:પાલે 'મોહરાજ-પરાજય' નાટક રચ્યું. તેમાં રાજા કુમારપાળે ભગવાન મહાવીર સ્વામીની મૂર્તિ અને આચાર્ય હેમચન્દ્રાચાર્યની સમક્ષ ધર્મરાજ અને વિરતિની પુત્રી કૃપાસુંદરી સાથે લગ્ન કાર્ય તેનું વર્ણન છે. કુમારપાલે જૈન ધર્મ અંગીકાર કર્યાની ઐતિહાસિક ઘટનાનું ઉલ્લેખ છે.

- **ચન્દ્રલેખાવિજય પ્રકરણ**

દેવચંદ્રસૂરીએ આ નાટકમાં કુમારપાલે સપાલદક્ષના ચાહમાન રાજા અર્ણોરાજને હરાવ્યાની ઐતિહાસિક ઘટનાની નોંધ છે. આ નાટકો સમકાલીન હોવાથી ઇતિહાસપયોગી માહિતી મળે છે. ઉપરોક્ત નાટકો ધાર્મિક કે સામાજિક ઉત્સવ પ્રસંગોએ મંદિરો વગેરે સાર્વજનિક સ્થાનોએ ભજવાતા.

- **'કુમારવિચાર-શતક' કાવ્ય**

રામચંદ્રસૂરીએ 'કુમારવિચાર- શતક' કાવ્યમાં કુમારપાલે પાટણમાં પાશ્વનાથ જિનાલય બંધાવ્યાનું કાવ્યમય વર્ણન કર્યું છે .

- **કુમારપાલ – પ્રતિબોધ**

ઈ.સ. 1185માં કુમારપાલના સમકાલીન સોમપ્રભસૂરીએ 'કુમારપાલ –પ્રતિબોધ' નામે ગદ્યગ્રંથમાં હેમચન્દ્રસૂરીએ વારંવાર ધર્મોપદેશ આપીને કુમારપાલને કેવી રીતે પ્રતિબોધ કરવ્યો તેનું નિરૂપણ કર્યું છે. આ સૂરીએ રચેલા 'શતાર્થિક' કાવ્યમાં એ એક શ્લોકના સો અર્થ પૈકીના ચાર અર્થ સિદ્ધરાજ, કુમારપાલ, અજયદેવ, અને મૂળરાજ જેવા સમકાલીન રાજાઓને લાગુ પડે છે.

**1.2.4.2 મહામાત્ય વસ્તુપાલના સમયના સાહિત્યિક સાધનો** :

વસ્તુપાલ સોલંકી રાજા ભીમદેવ બીજાના સમકાલીન રાણા વીરધવલના મહામાત્ય હતા. તેમના સમયમાં વિપુલ સાહિત્ય રચાયું છે. તેમાં ખાસ કરીને વસ્તુપાલના સુકૃતો તથા પરાક્રમો વિશે અનેક કૃતિઓ રચાયેલ છે.

વસ્તુપાલે પોતાના (નરનારાયણાનંદ)મહાકાવ્યના અંતિમ સર્ગમાં પોતાના પૂર્વજોના તથા પોતાનો ટૂંકમાં પરિચય આપ્યો છે પણ ગુજરાતના ઈતિહાસને વધારે ઉપયોગી સાધન સામગ્રી તેના વિદ્યામંડળે પૂરી પાડી હતી. વસ્તુપાલના સુકૃતોની પ્રશસ્તિ વિશે એના સમકાલીન કવિઓએ ૧૩મી સદીના ઉત્તરાર્ધમાં પાંચ કાવ્યોની રચના કરી હતી.

- **કીર્તિકૌમુદી**

સોમેશ્વરે વસ્તુપાલની કીર્તિગાથા રૂપે કીર્તિકૌમુદી નામના મહાકાવ્યની રચના કરી. એમાં પાટણના સોલંકી વંશના મૂલરાજ પહેલાથી ભીમદેવ બીજા સુધીના રાજાઓ, વાઘેલા સોલંકી વંશના રાણા ધવલથી વીરધવલ અને પ્રગ્વાટ કુળના ચંડથી માંડીને વસ્તુપાલ-તેજપાલ અને રાણા વીરધવલના મહામાત્ય તરીકે તેઓની નિયુક્તિ, તેમજ વસ્તુપાલે ખંભાતમાં કરેલા લાટના રાજા શંખનો પરાજય અને વસ્તુપાલે સંઘ સાથે શત્રુંજય, ગિરનાર અને પ્રવાસની કરેલી તીર્થયાત્રાનું નિરૂપણ કરેલું છે. સોમેશ્વરે અણહિલવાડના સોલંકી વંશના તેમજ ધોળકાના વાઘેલા સોલંકી વંશના ઇતિહાસ વિશે ઉત્તમ ઐતિહાસિક માહિતીનું પોતાના મહાકાવ્યમાં આલેખન કરેલ છે. જે ગુજરાતના ઇતિહાસ માટે દ્વયાશ્રય પછી બીજા નંબરનો ઉત્તમ ગ્રંથ છે.

• **સુકૃત-સંકીર્તન**

કવિ અરિસિંહે આ મહાકાવ્યમાં અણહિલવાડ પાટણના ચાવડાવંશ સોલંકીવંશ વસ્તુપાલ-તેજપાલની મંત્રી પદે નિયુક્તિ ,વસ્તુપાલે કરેલી સંઘ યાત્રા અને ગુજરાતમાં તેણે ઠેરઠેર બંધાવેલા મંદિરો જળાશયો વગેરે નીરુપણ મળે છે.

• **વસંતવિલાસ**

મંત્રી વસ્તુપાલના પુત્ર જૈત્રસિંહ માટે રચાયેલા બાલચંદ્રકૃત 'વસંતવિલાસ' નામે મહાકાવ્યમાં શંખ નો પરાજય અને ખાસ વસ્તુપાલના મૃત્યુ અંગે વસ્તુપાલનો સદગતી સાથે થયેલા વિવાહ એ રૂપક સાથે વર્ણન છે.

• **'ધર્માભ્યુંદાય' 'સંઘપતિચરિત'**

ઉદયપ્રભુસૂરીએ રચેલા ધર્માભ્યુંદાય અથવા સંઘપતિચરિતમાં ખાસ કરીને વિજયસેનસૂરીએ વસ્તુપાલને આપેલ ધર્મોપદેશ અને શત્રુંજ્યની સંઘયાત્રાનું વર્ણન મળે છે. નરચંદ્રસૂરીએ પણ 'વસ્તુપાલ-તેજપાલ' કાવ્યમાં વસ્તુપાલના ગુણો, યાત્રાઓ અને સુકૃતોનું વર્ણન છે.

ઉપરોક્ત ચાર મહાકાવ્ય ઉપરાંત બીજા કેટલાક ખંડકાવ્યમાં પણ માહિતી મળે છે.

ઉદયપ્રભસૂરીએ 'સુકૃતકીર્તિક્લ્લોલિની' અને જયસિંહસૂરી કૃત 'વસ્તુપાલ-તેજપાલ પ્રશસ્તિ' તેમજ 'હમ્મીરમદમર્દન'માં ઉત્તરના તુરુષ્ક હમ્મીર તથા ઈલ્તુત્મિશ અને દક્ષિણના યાદવ રાજા સિંઘણ ગુજરાત પર આક્રમણ કરવા માંગે છે ત્યારે વસ્તુપાલ કુનેહથી હમ્મીરના આક્રમણથી બચાવે છે. એ આખી ઐતિહાસિક ઘટનાનું વર્ણન છે.

મહાકાવ્યો અને ખંડકાવ્યોના કવિઓ વસ્તુપાલના સમકાલીન જ નહિ પણ નિકટ સંપર્ક વાળા હતા તેથી તેમને વસ્તુપાલના કુળનું અને તેના સુકૃતોનું આલેખન કરેલું છે તે ઘણું શ્રધ્ધે છે, પરંતુ આ કાવ્યોમાં વસ્તુપાલની રાજકીય કારકિર્દીનું ક્રમિક નિરૂપણ થયેલ નથી. આમાં મોટા ભાગે પ્રસંશાત્મક અને અતિશયોક્તિભર્યું છે.

ઉપરોક્ત કાવ્યોમાં નિરુપાયેલા પ્રસંગોનું સંકલન અને સમકાલીન અભિલેખોમાં જણાવેલ હકીકતો સાથે તુલનાત્મક આભ્યાસ કરી ઐતિહાસિક માહિતી જાણી શકાય છે.

• **રાસ**

વસ્તુપાલના સમકાલીન કવિઓએ વસ્તુપાલના સુકૃતો વિશે રાસ રચ્યાં છે. વિજયસેનસૂરીકૃત 'રેવંતગિરિરાસ'માં ગિરનાર પર અને પલ્હાણપુત્રે ઈ.સ.૧૨૩૩માં રચેલો 'આબુરાસ'માં આબુ પર્વત પર તેજપાલે ચંદ્રાવતીના રાજા સોમના સહકારથી દેલવાડામાં ભૂમિ પસંદ કરી શોભન દેવ નામે ઈ.સ.૧૨૩૦ માં નેમિનાથનું મંદિર બંધાવ્યું. એ યાદગાર સુકૃત નિરૂપ્યું છે. અજ્ઞાત કર્તા દ્વારા રચાયેલ 'પેથડરાસ'માં પોરવાડ પેથડે પાટણથી શત્રુંજય, ગિરનાર, પ્રભાસ વગેરે તીર્થોની યાત્રા કરી હતી તેનું પ્રવાસવર્ણન ભૌગોલિક દ્રષ્ટિએ નોંધપત્ર છે.

• **પ્રબંધો**

આનુશ્રુતિક વૃત્તાંતો આપતા પ્રબંધોના સંગ્રહ ગુજરાતના પ્રાચીન ઈતિહાસ માટે ઘણી સામગ્રી પૂરી પડે છે.

- **પ્રબંધાવલી : (ઈ.સ. 1234)**

ઉદયપ્રભસૂરીના શિષ્ય જિનભદ્રકૃત 'પ્રબંધાવલી' એ સૌથી પ્રાચીન જ્ઞાતપ્રબંધ સંગ્રહ છે. જેમાં, ગુજરાત, રાજસ્થાન અને મળવા સાથે સબંધ ધરાવતા ઐતિહાસિક કુટુંબો અને પ્રસંગોને લગતા આનુશ્રુતિક વૃત્તાંત આપ્યા છે. જેમાં આગળ જતા વસ્તુપાલના મૃત્યુ પછીના કેટલાંક બનાવોના ઉલ્લેખ ઉમેરાયા છે.

- **પ્રભાવકચરિત (ઈ.સ. 1277)**

પ્રભાચંદ્રસૂરીએ 'પ્રભાવકચરિત'માં કેટલાંક જૈન પ્રભાવક આચાર્યોનું ચરિત્ર અનુશ્રુતિઓ અનુસાર આલેખ્યું છે. તેમાંથી ગુજરાતની કેટલીક ધાર્મિક તથા સાંસ્કૃતિક સ્થિતિ પર પ્રકાશ પડે છે. આ ગ્રંથ હેમચંદ્રાચાર્યના પરિશિષ્ટ પર્વના અનુસંધાને લખાયેલો છે. એમાં વાજ્રસ્વામીથી માંડીને હેમચંદ્રાચાર્યસૂરી સુધીમાં 22 પ્રભાવક આચાર્યોની જીવન રેખા આલેખવામાં આવે છે.

- **પ્રબંધચિંતામણી' (ઈ.સ.1305)**

મેરુતુંગાચાર્યે રચેલ 'પ્રબંધચિંતામણી' એ ગુજરાતના ઈતિહાસ માટે સહુથી વધુ ઉપયોગી પ્રબંધ સંગ્રહ છે. એમાં વનરાજ ચાવડાથી માંડીને વાઘેલા વીરધવલ સુધીના રાજાઓનો સિલસિલાબંધ વૃત્તાંત સાલવારી સાથે આપે છે અને એ સમયે સોલંકી વંશની સત્તા લુપ્ત થઇ હોવાથી એમાં એ રાજાઓની ક્ષતિઓ પણ જણાવવામાં આવે છે. આ સંગ્રહમાં મુખ્ય દ્રષ્ટિકોણ જૈન ધર્મનો હોવાથી કેટલીક ઈત્તર અપેક્ષિત માહિતી નથી આપવામાં આવી, છતાં અનુશ્રુતિક વૃત્તાંતોના સંગ્રહ તરીકે પણ આ ગ્રંથ ઘણો ઉપયોગી નીવડ્યો છે. પ્રાચીન ગુજરાતના ઇતિહાસના સાધનોમાં 'દ્વયાશ્રય', 'કીર્તિકૌમુદી' પછી 'પ્રબંધ ચિંતામણી' સૌથી વધુ મહત્વનો ગ્રંથ કઈ શકાય

એક બીજા મેરુતુંગાચાર્યે ઈ.સ. 1350માં અરસામાં લખેલ 'સ્થવિરાવલી' કે 'વિચારશ્રેણી'માં ચાવડા, સોલંકી અને વાઘેલા રાજાઓની યાદી સાલવારી સાથે આપી છે. તેમાં કેટલાંક વિગતભેદ જોવા મળે છે રાજશેખરસૂરીએ લખેલ 'પ્રબંધકોશ' કે 'ચતુંરવિશતિ પ્રબંધ'(ઈ.સ.1349) પણ કહે છે. તેમાં વસ્તુપાલ-તેજપાલ જેવા શ્રાવકોના પ્રબંધ ગુજરાતના પ્રાચીન ઇતિહાસ માટે ઉપયોગી છે.

'પ્રબંધચિંતામણી' અને 'પ્રબંધકોશ'ની વચ્ચેના સમયમાં રચાયેલા 'વિવિધતીર્થકલ્પ'માં જિનપ્રભસૂરીએ શત્રુંજય, રૈવતક, અર્બુદ વગેરે જૈન તીર્થોને લગતા વૃત્તાંતો નિરૂપ્યા છે. તેમાં ગુજરાતના ઇતિહાસને લગતા કેટલાક મહત્વના ઉલ્લેખ મળ્યા છે. એક બીજા કલ્પમાં અલાઉદ્દીને મોકલેલ ઉલુંઘખાને ઈ.સ.૧૨૯૯માં ગુજરાત પર કરેલા આક્રમણનો ઉલ્લેખ આવે છે. એવી રીતે વલ્લભી-ભંગની સાચી માહિતી આ કલ્પમાંથી મળે છે. દિલ્હી સલ્તનત પહેલા નાકિમ અલ્પખાનના સેવક સમરસિંહે ઈ.સ.1315માં શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કાર્યોનો ઉલ્લેખ શત્રુંજય તીર્થકલ્પમાં આવે છે. એ સુકૃતનું કક્કસૂરીએ 'નાભીનંદનજિનોદ્ધાર' પ્રબંધ નામે લાંબા કાવ્યમાં વિસ્તૃત વર્ણન છે.

### 1.2.5 અનુસોલંકી કાળના સાહિત્યિક સાધનો

#### 1.2.5.1 ઐતિહાસિક ચરિત્રો

ઈ.સ.1366-1469 દરમ્યાન પ્રબંધોની જેમ અનુ-સોલંકીકાળમાં જૈન કવિઓ દ્વારા વિવિધ ઐતિહાસિક ચરિત્રોનું આલેખન થયેલ છે. તેમના વિષય વસ્તુમાં રાજા કુમારપાલ અને મંત્રી વસ્તુપાલનું વર્ણન જોવા મળે છે. તેમના કેટલાક નીચે પ્રમાણે છે

સોમતિલકસૂરિએ 'કુમારપાલચરિત' (ઈ.સ.1344), ધર્મરત્ને ગદ્યપદ્યમિશ્રિત 'કુમારપાલચરિત' (ઈ.સ.1381)ની રચના કરી, તેમાં વનરાજથી કુમારપાલ સુધીની સાલવારી સાથેની ઐતિહાસિક માહિતી મળે છે. જિનમંડનગણિએ 'કુમારપાલપ્રબંધ' (ઈ.સ.1443) અને ચારિત્રસુંદરગણિએ (ઈ.સ.1469) 'કુમારપાલચરિત' રચ્યું. ઈ.સ. 1614માં ખંભાતના કવિ ઋષભદાસે ગુજરાતીમાં 'કુમારપાલરાસો' રચ્યો. જેમાં ખંભાતનું વિસ્તૃત વર્ણન તેમજ તત્કાલીન સમાજનું સમૃદ્ધ ચિત્ર જોવા મળે છે.

15મી સદીના મધ્યમાં જિનહર્ષે ઈ.સ.1441માં 'વસ્તુપાલચરિત' નામનું વિસ્તૃત ચરિત્ર રચ્યું, જેમાં પહેલાંની ઘણીખરી સામગ્રીનો ઉપયોગ થયો છે. આ ગ્રથમાં કલ્પના કરતા ઇતિહાસનું પ્રમાણ વધારે છે. આ ઉપરાંત કેટલાંક જૈન કવિઓ એ વસ્તુપાલ વિશે ગુજરાતીમાં રાસ લખ્યાં છે. આ કવિઓ હિરાંણદસૂરિ, લક્ષ્મીસાગર, પાશ્વચંદ્રસુરિ, પ્રેમવિજય, સમયસુંદર, મેરુવિજય અને રામવિજય આ બધાએ 'વસ્તુપાલ-તેજપાલ રાસ' રચ્યાં છે.

- **'વિમલપ્રબંધ' કે 'વિમલચરિત્ર' (ઈ.સ.1512)**

ઈ.સ. 1512 માં કવિ લાવણ્યસમયે ગુજરાતીમાં 'વિમલપ્રબંધ' રચ્યો છે.જેમાં કવિ એ વિમલ માતરીના શૈશવથી મૃત્યુ સુધીના પ્રસંગો આલેખ્યા છે પરંતુ તેમાં ઐતિહાસિકતા કરતા દંતકથાનું તત્વ વધારે જોવા મળે છે .પરંતુ કવિનો ઉદ્દેશ વિમલના જીવનચરિત્રનો નહિ પણ સુકૃતોના આધાર જૈન ધર્મનો પ્રભાવ વધારવાનો છે .તેમાં છતાં આ પ્રબંધમાં વણિક જ્ઞાતિઓની વિશેષત: શ્રીમાળી જ્ઞાતિની ઉત્પત્તિ અને વિકાસની દંતકથા, ન્યાતજાતના વિવિધ રીત રીવાજો, એ સમયની શિક્ષણપ્રથા , શકુનાદીક અને સામુહિક લક્ષણો વગેરે અનેક બાબતોનું નિરૂપણ થયું છે તે સાંસ્કૃતિક ઇતિહાસની દ્રષ્ટિ ખુબ ઉપયોગી ગ્રંથ છે.

- **'જગડૂચરિત'**

ઈ.સ.1313-15 માં વાઘેલા સોલંકી રાજા વીસલદેવના સમયમાં ગુજરાતમાં ભયંકર દુષ્કાળ પડેલો ત્યારે કચ્છના શ્રેષ્ઠ જગડુશાહે આગાઉથી સંગ્રહી રાખેલા ધાન્ય(અનાજ)માંથી અન્નદાન કરી લાખો લોકોને બચાવેલા તે વિશે સર્વાનંદસૂરીએ સંસ્કૃતમાં 'જગદડૂચરિત' રચ્યું. તેમાંથી આપણને ગુજરાતના એ ભયંકર દુષ્કાળ અને વિશેષત: કચ્છના દાનવીર જગડુશાહ વિશે ઐતિહાસિક માહિતી મળે છે.

### 1.2.6 ગજરાતના ઇતિહાસ વિશે અન્ય પ્રદેશમાં રચેલ સાહિત્ય

❖ **કાન્હડદે-પ્રબંધ**

ગુજરાતના પ્રાચીન ઈતિહાસને ખાસ ઉપયોગી એવી બીજા પ્રદેશમાં રચેલ સાહિત્યમાં જાલોરના નાગર રાજકવિ પદ્મનાભે ઈ.સ. 1456માં ગુજરાતી પદ્યમાં રચેલો 'કાન્હડદે-પ્રબંધ' છે. તેમાં કર્ણદેવ વાઘેલાથી નારાજ થયેલા માધવ મંત્રીના નિમંત્રણથી દિલ્હીના સુલતાનના લશ્કરે ગુજરાત પર આક્રમણ કરી પાટણ કબજે કર્યું ને સોમનાથનું મંદિર તોડી નાખ્યું. એ હકીકત

જાણવાનો વિશ્વસનીય ગ્રંથ છે. એ પછી ઝાલોરના રાજા કાન્હડદેએ સુલતાનના લશ્કરના આક્રમણના ભોગ બન્યોને એમાં એ આખરે વીરગતિ પામ્યો એ ઐતિહાસિક ઘટનાનું વર્ણન છે.

- **પારિજાતમંજરી કે વિજયશ્રી**

માળવાના રાજકવિ મદને રચેલી 'પારિજાતમંજરી' કે 'વિજયશ્રી' નામે સંસ્કૃત નાટિકા, જેના પહેલા બે અંક ધારા નગરીના સરસ્વતી મંદિરમાં શિલા પર કોતરેલા છે .જેમાં માળવાના પરમાર રાજા અર્જુન વર્માએ ગુજરાત પર આક્રમણ કરી ગુજરાતના સોલંકી રાજા ભીમદેવ બીજાની ગાદી થોડા વર્ષ પડાવી લેનાર જયંતસિંહને પાવાગઢની તળેટીમાં હરાવેલો એ ઐતિહાસિક ઘટનાનું નિરુપણ છે.

- "ધર્મારાણ્ય-મહાત્મ્ય"

પદ્મપુરાણ –અંતર્ગત "ધર્મારાણ્ય-મહાત્મ્ય" માં વનરાજ ચાવડાના પિતા વિશે , 'પુરાતનપ્રબંધ સંગ્રહ કરતા જુદી અનુશ્રુતિ આપી છે. વળી એમાં વનરાજના વંશજોની વંશાવળી આપી છે તે 'સુકૃત સંકીર્તન' અને 'સુકૃતકીર્તિકલ્લોલિની'માં આપેલી વંશાવળીને મળતી આવે છે. ને 'પ્રબંધચિંતામણી,' 'પ્રવચનપરીક્ષા' વગેરેમાં આપેલી વંશાવળીથી જુદી પડે છે.

સ્કંદપુરાણમાં ગુજરાતના અનેક તીર્થક્ષેત્રો ને લગતા ખંડ આવે છે. તે ભૌગોલિક તથા ધાર્મિક ઉપયોગીતા ધરાવે છે. વળી પુરાણોમાં ગુજરાતની નગર, મોઢ ઈત્યાદી જ્ઞાતિઓની ઉત્પત્તિ વગેરેને લગતી અનુશ્રુતિઓ પણ આવે છે.

❖ 'રત્નમાલા'

કવી કૃષ્ણએ રચેલું 'રત્નમાલા' નામે હિન્દી કાવ્ય 17 માં 18માં સૈકામાં રચાયેલું લાગે છે. પરંતુ તેમાં વનરાજના પિતા જયશીખરી વિશે તેમજ કનોજના રાજા ભુવડ સાથે થયેલા યુદ્ધ વિશે જે વૃતાંત નિરુપયો છે તે માત્ર આ જ ગ્રંથમાં જ મળે છે, આ ગ્રંથ મૂળ સિદ્ધરાજ જયસિંહનું ચરિત નીરૂપવા માટે લખાયો હતો પરંતુ ચાવડા વંશની વાત તેણે વણી છે.

❖ 'મિરાતે અહમદી'

મરાઠા કાલના પ્રારંભમાં ફારસીમાં લખાયેલી 'મિરાતે અહમદી'માં શરૂઆતમાં ચાવડા ,સોલંકી અને વાઘેલા વંશના ઇતિહાસની રૂપરેખા આપી છે. ચાવડા રાજાઓની વશાવાલીઓ બાબતમાં એ પ્રબંધ ચિંતામણી વળી પરંપરાને અનુસરે છે.

ગ્રંથકારોની પ્રશસ્તિઓ અને ગ્રંથકારો અને લહીયાઓની પુષ્પિકાઓ પણ ઇતિહાસના સાધન છે. કારણ કે ગ્રંથકાર પોતાનો તથા પોતાન પૂર્વજો, ગુરુઓ, રાજાઓ સમય અને સ્થાનનો પણ નિર્દેશ કરે છે અને લહિયાઓ પણ પુષ્પિકામાં કયો પત્ર કયો લહિયો, ક્યા, કયારે અને કયા રાજા માટે લખે છે. તેનો ઉલ્લેખ કરે છે જે તત્કાલીન ભૂગોળ અને કાલગણના માટે ઉપયોગી થાય છે.

### 1.2.7 વિદેશી લેખકો અને સાહિત્ય

- ગ્રીક-રોમન તથા ચીની લેખકો

વિદેશી લેખકો અને સાહિત્યમાં ગુજરાતના પ્રાચીન ઇતિહાસ માટે ગ્રીક-રોમન તથા ચીની લેખકોના ગ્રંથો ઉપયોગી છે, ગ્રીકના 'પેરિપલ્સ' નામના પુસ્તકમાંથી કચ્છ. સૌરાષ્ટ્ર અને દક્ષિણ

ગુજરાતના સમુદ્ર કાંઠા તથા વહાણવટા વિશે સારી માહિતી આપે છે. મિસરના ટોલેમીની "ભૂગોળ'માંથી પણ સૌરાષ્ટ્ર અને લાટના વિસ્તારની માહિતી મળે છે. ચીની પ્રવાસી હ્યું-એન-ત્સાંગનો સિયુંકીમાં પશ્ચિમ ભારતના પ્રવાસની નોંધોમાં ભૃગુકચ્છ, વડાલી, ખેડા, વલભી, આનંદપુર અને સૌરાષ્ટ્રની ભૂમિ પ્રજા તથા સંસ્કૃતિનો અને વિશેષતઃ એ દરેક પ્રદેશમાં પ્રવર્તતી બૌદ્ધ ધર્મની સ્થિતિનો પરિચય આપ્યો છે. ચીની પ્રવાસી ઇત્સિંગ (ઈ.સ.671-695) ગુજરાતની મુલાકાત લીધી ન હતી પરંતુ વલભી વિદ્યાપીઠના ઉલ્લેખ મળે છે.

- **અરબી અને ઈરાની લેખકો**

અરબી અને ઈરાની મુસાફરોના સફરનામામાં પણ ગુજરાતની પ્રાચીન સ્થિતિ વિશે કેટલાક મહત્વના ઉલ્લેખ મળેલ છે.નૂરૂદીન મોહમદ ઓફીસે પોતાના પુસ્તક 'જામે-ઉલ-હિકાયત'માં સિદ્ધરાજ જયસિંહના વખતમાં ખંભાત માં મુસલમાનોને થયેલી હેરાનગતી અને સિદ્ધરાજ જયસિંહ એ એમને આપેલા ન્યાય ની વાત નોંધી છે. મહમૂદ ગઝનવી સાતેહ હિંદમાં આવેલ અલબુરીનીએ 'કિતાબ-ઉલ-હિન્દ'માં વલભી ના નાશ અંગેની અને વલભી સવંત ની માહિતી આપી છે .બલાઝરી અને ઈબ્ન અસીર પણ પોતાના ગ્રંથમાં પ્રાચીન કાળમાં ગુજરાત પર થયેલા આરબ હુમલાઓની નોંધ કરે છે. ઈરાનના કેટલાક જરથોસ્તીઓ ધર્મના જતન માટે વત ત્યજી ગુજરાતમાં આવી વસ્યા તે વિશેની માહિતી ઈ.સ. 1600 માં બેહમન કેકોબાદસંજાણે રચેલા 'કિસ્સે સંજાણ' કાવ્યમાંથી મળે છે.

- **મુસ્લિમ ઇતિહાસકારો કે લેખકો**

વાઘેલા –સોલંકી રાજ્યની પડતી વિશે પણ કેટલાક મુસ્લિમ ઇતિહાસકારોના ગ્રંથોમાં માહિતી મળે છે. જેમ કે અલાઉદ્દીન ખિલજીનો રાજ કવિ અમીર ખુસરોના 'ખઝાઈનુલ- કુતુહ' તથા 'દેવલરાની ખીજરખાન' કાવ્યમાં મોહમંદ તુઘલકના સમકાલીન ઇસામી, બરની, નિઝામુદ્દીન, બદૌની, ફીરીશતા વગેરેના નોંધોમાંથી ગુજરાત વિશે માહિતી મળે છે.

**1.2.8 ગુજરાતની સાંસ્કૃતિક સ્થિતિનો ખ્યાલ આપતા સાધનો :**

આદ્ય ઐતિહાસિક યુગથી વાઘેલા સોલંકીકાળ સુધીના સમયમાં જે સાહિત્ય સર્જાયું તેમાં તત્કાલીન સાંસ્કૃતિક સ્થિતિનો ઉલ્લેખ મળે છે. આ સાંસ્કૃતિક ઇતિહાસમાં તત્કાલીન સામાજિક તથા આર્થિક સ્થિતિ, ભાષા અને સાહિત્ય, લિપિ, ધર્મ સંપ્રદાયો આવી અનેક બાબતોનું નિરૂપણ કરવાનું હોય છે. રાજકીય ઈતિહાસને ઉપયોગી એવી લિખિત અને અભિલિખિત સામગ્રીમાં પણ કેટલેક અંશે સાંસ્કૃતિક સ્થિતિનો ચિતાર મળે છે. દા.ત. હેમચંદ્રાચાર્યના સંસ્કૃત 'દ્વયાશ્રય' પરથી શ્રી રામલાલ ચુનીલાલ મોદીએ કરેલું એ સમયના ગુજરાતની સામજિક પરિસ્થિતિનું નિરૂપણ મહાભારત, રામાયણ, પુરાણો, આગમો, ધર્મશાસ્ત્ર , અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર, દર્શનો, કાવ્યો, કાવ્યશાસ્ત્ર, જ્યોતિષ, આયુર્વેદ, ઈત્યાદિ સર્વવિધ વિષયોના ગ્રંથો સામાન્યતઃ ભારતના અને ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસ વિશે કંઈક માહિતી ધરાવે છે. એમાંના જે ગ્રંથો ગુજરાતની આસપાસ રચાયા હોઈ એ વધુ અસરકારક નીવડે છે. દા.ત. ગુજરાતના જૈન સૂરિઓ તથા ગુજરાતના જૈન તીર્થોને લગતા પ્રબંધો તેમજ ગુજરાતના તીર્થો તથા ગુજરાતના જ્ઞાતિઓને લગતા પુરાણ – ખંડો તથા પૌરાણિક ગ્રંથો . આ પ્રકારના જૈન પ્રબંધોમાં અને પુરાણોમાં તથા

આગમગ્રંથો પર લખેલી વૃત્તિઓ, વગેરેનું સાંસ્કૃતિક દ્રષ્ટિએ અભ્યાસ કરતા એમાંથી ગુજરાતની તે કાળની સંસ્કૃતિ વિશે વિપુલ માત્રામાં માહિતી મળે છે.

ધાર્મિક સાહિત્ય, કાવ્યો, નાટકો, કથાઓ, દાર્શનિક ગ્રંથો તથા કાવ્યશાસ્ત્ર, શબ્દશાસ્ત્ર, છંદ, કોશ, નાટ્યશાસ્ત્ર, જ્યોતિષ, આયુર્વેદ ઈત્યાદિ શાસ્ત્રોને લગતા ગ્રંથો વગેરે પરથી પણ મુખ્યત્વે તે કાલની ધર્મ, સાહિત્ય, વિદ્યા, શાસ્ત્રો,વગેરે વિશે તેમજ આનુષંગિક રીતે કટલીક બીજી સાંસ્કૃતિક બાબતો વિશે માહિતી મળે છે.

- **તમારી પ્રગતિ તપાસો**

**(ક) નીચેના પ્રશ્નોને ધ્યાનથી વાંચો અને એક વાકયમાં જવાબ આપો?**

1. શર્યાતો, ભૃગુઓ, અને યાદવોને લગતી માહિતી કયાં ગ્રંથમાંથી મળે છે?
2. જૈન સાહિત્ય કઈ ભાષામાં રચાયેલું છે?
3. પેરિપ્લસ અને ટોલેમીની ભૂગોળમાંથી કયાં કાલની માહિતી મળે છે?
4 ચાવડા વંશની સળંગ વંશાવળી કયાં મહાકાવ્યોમાંથી મળે છે ?
5. હેમચંદ્રાચાર્યે કયાં ગ્રંથમાં કુમારપાલ ચરિત્ર નિરૂપ્યું છે?

(ખ) નીચે (અ) માં આપેલ ગ્રંથકાર ને (બ) માં આપેલ કૃતિઓ માંથી સાચી સાથે  જોડો.

| **અ** | **બ** |
|---|---|
| 1. હેમચંદ્રાચાર્ય | 1. પ્રબંધચિંતામણી |
| 2. સોમેશ્વર | 2. રેવંતગિરિરાસ |
| 3. ઉદયપ્રભસૂરિ | 3.સુકૃતકીર્તિકલ્લોલિની |
| 4. વિજયસેનસૂરિ | 4.કીર્તિકૌમુદી |
| 5. મેરૂતુંગાચાર્ય | 5. દ્વયાશ્રય |
| | 6. વસંતવિલાસ |

**1.3. સારાંશ** :

ગુજરાતના ઇતિહાસ જાણવાના સાધનો બાબતે ઉપરોક્ત સાહિત્યિક સાધનોમાં મૌર્ય કાળથી મૈત્રક કાળ સુધીનો ગુજરાતના ઇતિહાસ બાબતે પ્રમાણમાં ઓછો પ્રકાશ પડે છે. પરંતુ અનુ-મૈત્રક કાળ ચાવડા વંશ, સોલંકી-વાઘેલા કાળ અને વાઘેલા સોલંકી કાલ વિશે જૈન અનુશ્રુતિઓ, પ્રબંધો, રાસ, સુકૃતો, કાવ્યો, ચરિત્રો , નાટકો, વગેરેમાંથી આ સમયનો ઇતિહાસ નિરૂપણ માટે શક્ય એટલા પૂરતા સાધનો છે. આ ઉપરાંત વિદેશી મુસાફરો કે લેખકોના ગ્રંથો પણ અસરકારક રીતે ઉપયોગી થાય છે.

વિવિધ સાહિત્યના સર્જકો કે ગ્રંથકારોએ આપેલી પ્રશસ્તિઓ અને પુષ્પિકાઓ પણ ઇતિહાસ જાણવાના ઉપયોગી સાધન બને છે. તો રાજશાસનો, ખતપત્રો, દસ્તાવેજો વગેરેમાંથી પણ જે તે રાજાએ આપેલ રાજવિજ્ઞપ્તિ, યમલપત્ર(મૈત્રી-કરાર), અધિકારીઓ, વહીવટી વિભાગો, રાજાધીરજો, સામંતો, વિવિધ શાસનલેખોની પદ્ધતિ, સામાજિક રીત રિવાજો , આર્થિક બાબતો વગેરે અનેક બાબતોને લગતી ઉપયોગી માહિતી જાણવા મળે છે.  પરંતુ આ સમયમાં ગુજરાતના સાંસ્કૃતિક સ્થિતિ વિશે કોઈ સ્વતંત્ર ગ્રંથ રચાયાના પુરાવા મળતા નથી એટલે

આપણે ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસ જાણવા માટે ઉપરોક્ત સાહિત્યમાંથી તારવણી કરી માહિતી મેળવી શકીએ.

## 1.4. ચાવીરૂપ શબ્દો :

Chronology – કાલગણના

Comparative – તુલનાત્મક

Contemporary – સમકાલીન

Critical edition – સમીક્ષિત આવૃત્તિ

Decline - હ્રાસ, પડતી, દા.ત. મૈત્રક વંશની પડતી

Dynasty - વંશ

Epic – વીર ચરિત કાવ્ય

Epigraph – અભિલેખ

Epigraphic – આભિલેખિક

Eulogy – પ્રશસ્તિ

Excavation – ખોદકામ

Genealogy - વંશાવળી

Inscription – શિલાલેખ

Mural Painting Fresco– ભિત્તિચિત્ર

Myth – પુરાણકથા

Pre historic - પ્રાગ – ઐતિહાસિક

Pre history – પ્રાગ – ઇતિહાસ

Proto historic – આદ્ય – ઐતિહાસિક

Proto history – આદ્ય- ઇતિહાસ

Script – લિપિ

Seal- મુદ્રા

Source - સ્ત્રોત

Synchronism - સમકાલીન

Traditional – પરંપરાગત

## 1.5. તમારી પ્રગતિને ચકાસોના જવાબો :

(ક) એક વાકય વાળા પ્રશ્નોના જવાબો

1.પુરાણોમાં 2.પ્રાકૃત ભાષાઓમાં 3.અનુ-મૌર્ય કાલની

4.સુકૃત-સકીર્તન, સુકૃત કીર્તિકલ્લોલિની, 5.પ્રાકૃત દ્વયાશ્રયમાં

(ખ) જોડકાંના જવાબો

1.દ્વયાશ્રય, 2. કીર્તિકૌમુદી, 3.સુકૃતકીર્તિકલ્લોલિની, 4. રેવંતગિરિરાસ, 5. પ્રબંધચિંતામણી

**1.6. સંદર્ભો :**


1. આચાર્ય નવીનચંદ્ર, (સંપા.), ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ, ભાગ -3 (અમદાવાદ, 1966)
2. ગોકાણી પુષ્કરભાઇ (સંપા.), દ્વારકા અને શ્રીકૃષ્ણ, ભાગ-1, 2 (અમદાવાદ,1985, 2004)
3. જમીનદાર રસેસ,(સંક.), ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ, ભાગ -8 (અમદાવાદ, 1984)
4. જોટે રત્નમણીરાવ, ગુજરાતનું પાટનગર : અમદાવાદ (અમદાવાદ, બીજી આવૃત્તિ, 2014)
5. જોષી ઉમાશંકર , પુરાણોમાં ગુજરાત,(અમદાવાદ બીજી આવૃત્તિ, 2011)
6. પરીખ પ્રવિણચંદ્ર, ગુજરાતનો સ્થાનિક ઇતિહાસ ગ્રંથ -1 (અમદાવાદ, 1985)
7. પરીખ રસિકલાલ અને શાસ્ત્રી હરિપ્રસાદ(સંપા.), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ભાગ-1 થી 4 (અમદાવાદ,1972-'79, શેલત ભારતીબેન, દ્વિતીય સંસ્કરણ ,2004)
8. ભટ્ટ પુરુષોત્તમ અને જમીનદાર રસેસ (સંયો.), ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ,ભાગ-1,2 (અમદાવાદ, 1966)
9. મહેતા મકરન્દ, ગુજરાત અને દરિયો, (વડોદરા,2012)
10. શાસ્ત્રી દુર્ગાશંકર, ગુજરાતનો મધ્યકાલીન રજપૂત ઇતિહાસ, ભાગ -1,2 (અમદાવાદ1937-39)
11. શાસ્ત્રી હરિપ્રસાદ, ગુજરાતના પ્રાચીન ઇતિહાસની સાધનસામગ્રી,(અમદાવાદ,1978)
12. શાસ્ત્રી હરિપ્રસાદ, ગુજરાતનો ઇતિહાસ, પ્રાચીન કાલ (અમદાવાદ બીજી આવૃત્તિ , 2012)
13. શાસ્ત્રી હરિપ્રસાદ,મૈત્રક કાલીન ગુજરાત ભાગ -1,2 (અમદાવાદ,1955)

## એકમ : 2 ગુજરાતનો ઈતિહાસ જાણવાના પુરાતત્વીય, સિક્કાઓ અને શિલાલેખીય સાધનો

રૂપરેખા

2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 પુરાતત્વીય સાધનો

2.2.1 પ્રાગ ઐતિહાસિક

2.2. 2 પ્રાગ હડપ્પીય સંસ્કૃતિ

2.2.3 હડપ્પીય સંસ્કૃતિ

2.3 અવશેષો

2.3.1 મૌર્યકાલીન અને અનુમૌર્યકાલીન અવશેષો

2.3.2 ક્ષત્રપકાલીન અને ગુપ્તકાલીન અવશેષો

2.3.3 મૈત્રકકાલીન અને અનુમૈત્રકકાલીન અવશેષો

2.3.4 સોલંકીકાલીન અવશેષો

2.4 સ્થાપત્યકીય સ્મારકો

2.4.1 ગુફાઓ

2.4.2 મંદિરો

2.4.3 જળાશયો

2.4.4 કિલ્લાઓ

2.4.5 શિલ્પો

2. 5 સિક્કાઓ

2.6 શિલાલેખો

2.7 સારાંશ

2.8 શબ્દાવલી/ચાવીરૂપશબ્દો

2.9 તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો

2.10 સંદર્ભગ્રંથો

**2.0 ઉદ્દેશો** :

આ પ્રકરણના અભ્યાસ પછી તમે જાણી શકશો.......

- ગુજરાતનો ઈતિહાસ જાણવાના વિવિધ સાધનો.
- રાજવંશો, રાજાઓ અને તેમણે કરેલા કર્યો.
- સાધનો દ્વારા રાજકીય, સામાજિક, આર્થિક અને સંસ્કૃતિક ઈતિહાસની જાણકારી.

**2.1 પ્રસ્તાવના** :


ગુજરાત પ્રદેશનો ઈતિહાસ ભારતના ઇતિહાસનો એક ભાગ છે. આ પ્રદેશનું આનર્ત, ગુર્જર દેશ કે ગુજરાત નામ સોલંકીકાળમાં પ્રયોજાવા લાગ્યું. ગુજરાત મળ્યા પહેલા પ્રાગ ઐતિહાસિક યુગથી ગુજરાતના ઇતિહાસની શરૂઆત થાય છે. ઈતિહાસ માટેની સાધન-સામગ્રીની દ્રષ્ટિએ ગુજરાત સમૃદ્ધ છે. લેખનનો અભાવ હતો તે પ્રાગ ઐતિહાસિક યુગ અને લખાણ ઉકેલાયા નથી. તે આદ્ય ઐતિહાસિક યુગની જાણકારી પૂરાવશેષો દ્વારા થાય છે. સાધનોનાં સમયાંકન અંતે કાર્બન-14 ની પદ્ધતિનો ઉપયોગ થાય છે. જે સૌથી વધુ સફળ નિવડી છે. સ્તરવિદ્યાની પ્રક્રિયા પણ સમયાંકન માટે વધુ શ્રદ્ધેય ગણાય છે. આ પ્રકરણમાં આપણે પૂરાતત્વીય સિક્કાઓ અને શિલાલેખોનો અભ્યાસ કરીશું.


**2.2 પુરાતત્વીય સાધનો** :

પુરાતત્વીય સાધનોમાં ખોદકામ કે સ્થળ- તપાસમાં પાષાણ, પકવેલી માટી, ધાતુઓ, ઈમારતો, હથિયાર, આભૂષણો, વાસણો, શિલ્પો, હાડપિંજરો વગેરેનો સમાવેશ થાય છે, આ સાધનો પ્રત્યક્ષ રીતે જોઈ શકાતા હોવાથી તે વધારે અધિકૃત ગણાય છે.

**2. 2.1 પ્રાગ ઐતિહાસિક** :

પ્રાગ ઐતિહાસિક કાળમાં લેખનનું અસ્તિત્વ ન હતું, તેથી આ સમયનો ઈતિહાસ જાણવા માટેનું એક માત્ર સાધન પૂરાવસ્તુકીય છે. આ સમયમાં માનવ દ્વારા ચીજવસ્તુઓ પાષાણની ઘડવામાં આવતી હતી. તેથી તેને પાષણયુગ કહેવામાં આવે છે.




ગુજરાતમાં પાષણયુગના અવશેષો સૌ પ્રથમ ઇ.સ. 1893માં રોબર્ટ બ્રુસફૂટ નામના ભૂસ્તર શાસ્ત્રીઓ શોધી કાઢ્યા. સાબરમતી નદીના પટમાં, વિજાપુર તાલુકાના અનોડિયા- કોટ અને

પેઢામલી પાસેથી ઓજારોના અવશેષો મળ્યા છે. આવા ઓજારો લાંઘણજ, સૌરાષ્ટ્રના અનેક સ્થળોએ, વલસાડ અને ડાંગ જિલ્લા સુધી કચ્છમાંથી પ્રાપ્ત થયા છે, જેના દ્વારા જાણવા મળે છે કે આ યુગનો માનવ ગુજરાતમાં વસતો હતો. મધ્ય પાષણયુગના હથિયારો નાના અને વધુ સારી રીતે ઘડાયેલા છે. લઘુ પાષણયુગ અંત્ય પ્રાચીન પાષણયુગ તરીકે ઓળખાણ છે. પ્રાપ્ત થયેલા અવશેષોમાં અકીકના નાનાં હથિયારો, ચૂનારૂપ થયેલા પ્રાણીઓના અને માણસોનાં હાડકાં અને હાડપિંજરો મળ્યાં છે. આના આધારે માનવના સ્થાયી વસવાટની, શબ-દફનના રિવાજની અને રોગ નિવારણનાં ઈલાજ વિશે જાણકારી મળે છે. નૂતન પાષણયુગના અવશેષો મહેસાણા જિલ્લાના, લાઘણજમાં, તાપીના તટપ્રદેશમાં અને ડાંગ વિસ્તારમાંથી મળે છે. જે આ યુગના માનવીની પ્રવૃત્તિ અને વસવાટની જાણકારી આપે છે.

**2.2. 2 પ્રાગ હડપ્પીય સંસ્કૃતિ** :

ગુજરાતમાં પ્રાગ હડપ્પીયન સંસ્કૃતિના અવશેષો રંગપુર, પ્રભાસપાટણ પાસેના જૂના ટીંબામાંથી અને લોથલમાંથી પ્રાપ્ત થાય છે. રંગપુરમાં ઇ.સ. 1953-54 માં ખોદકામ કરવામાં આવ્યું. તેના સૌથી નીચલા સ્તર રંગપુર-1 માં લઘુ પાષણયુગની પતરીઓનું અનુસંધાન જોવા મળે છે. પાષણ ઓજારોમાં ભૌમિતિક અને અભૌમિતિક લઘુ પાષાણો હતા જે જેસ્પર કેલ્સેડની અને અકીકમાંથી બનાવવામાં આવતા હતા. લોથલના સૌથી નીચલા સ્તર- 1 અ માં લઘુ પાષણયુગની પતરીઓના અનુસંધાનની સાથે અબરખિયાં રાતાં મૃતપાત્રોની જાણકારી મળે છે. પ્રભાસપાટણ નજીકના જૂના ટીંબાના ખોદકામમાં સ્તર-1-અ માં પ્રાગ હડપ્પીયન કાળના ખરબચડાં ધૂંસર મૃતપાત્રોમાંના વાડકાઓ અને ઘડા મળ્યા છે. જે ચમકવાળા અને ચમક વગરના હતા. તામ્ર પાષણયુગની પથ્થરની પતરીઓ પણ પ્રાપ્ત થઈ છે. કચ્છમાં દેસલપરનાં પ્રાપ્ત થયેલાં મૃતપાત્રો અને ટૂંકી પતરીઓ ઉદ્યોગ તામ્ર પાષણયુગની સંસ્કૃતિનો નિર્દેશ કરે છે. લોથલ, રંગપુર, દેસલપર અને શ્રીનાથગઢનાં અવશેષો પરથી ત્યાંના પ્રજાજીવનની સાથે પ્રાગ હડપ્પીય સંસ્કૃતિની જાણકારી આપે છે.

**2.2.3 હડપ્પીય સંસ્કૃતિ** :

ઈ.સ. 1954 નાં નવેમ્બરમાં લોથલના ટીંબામાં હડપ્પીય વસાહત મળી આવી. લોથલમાં વસ્તી સ્તરોના તબક્કામાં કલ-અ-હડપ્પીય સંસ્કૃતિ (ઇ.સ. પૂર્વે 2450 થી 1900) અને કાલ-આ- ઉત્તર હડપ્પીય સંસ્કૃતિ (ઇ.સ. પૂર્વે 1900 થી 1600) નો સમાવેશ થાય છે. લોથલ-અ માં ચાર પેટા તબક્કાઓ અને લોથલ-આમાં પાચમાં તબક્કાનો સમાવેશ થાય છે. આ પાંચ તબક્કાઓમાં લોકોની જાણકારી પ્રાપ્ત અવશેષો દ્વારા જાણી શકાય છે. જેમાં વખાર, નીચલું નગર, ધક્કો, રસ્તાઓ અને શેરીઓ, સ્થાપત્યો, શિલ્પો, માટીકામના નમૂનાઓ, મુદ્રાઓ, આભૂષણો, ઓજારો, હથિયારો, રમકડાં અને સોગઠાનો સમાવેશ થાય છે. સિંધુ સભ્યતાનાં બધા જ લક્ષણો લોથલમાં જોવા મળે છે.

ઇ.સ. 1954 થી 1960 દરમિયાન પૂરાતત્વખાતાએ આ સંસ્કૃતિના બીજા સ્થળો શોધ્યાં. જેમાં આમરા, લાખા બાવળ, પ્રભાસ-સોમનાથ, રોજડી (શ્રાનાથગઢ), આરકોટ, દડ અને પિઠડિયાનો

સમાવેશ થાય છે. કચ્છમાં દેસલપર, પબુમઠ, સુરકોટડા, ધોળાવીરા ઉપરાંત ભાગા તળાવ, મહેગામ વગેરે સ્થળોએ હડપ્પીય વસાહતો મળી આવી છે. જે ગુજરાતમાં હડપ્પીય સંસ્કૃતિનો વિકાસ અને વિસ્તારને સૂચવે છે.

(ક) તમારી પ્રગતિ ચકાસો -1

(1) પાષાણયુગના પ્રકારોની ચર્ચા કરો.

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

(2) હડપ્પીય સંસ્કૃતિ વિશે માહિતી આપો.

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

## 2.3 અવશેષો :

અવશેષો પુરાતત્વવિદોને ઘણી જહેમતથી સ્થળ તપાસ અને ઉત્ખનન દ્વારા પ્રાપ્ત થયેલા, જેના આધારે ગુજરાતના ઈતિહાસની મહત્વની જાણકારી પ્રાપ્ત થઇ શકી છે.

### 2.3.3 મૌર્યકાલીન અને અનુમૌર્યકાલીન :

ગુજરાતમાં પ્રાગ્-મૌર્યકાલ, મૌર્યકાલ અને અનુમૌર્યકાલમાં ઈ.સ. પૂર્વે સદી સુધીનાં માટીના ચાર પ્રકારના વાસણો પ્રાપ્ત થાય છે. માટીના વાસણો – કાળા અને લાલ, સાદા લાલ, બરછટ લાલ- નગરા, ટીંબરવા, ભરૂચ, સોમનાથના થારોમાંથી પ્રાપ્ત થાય છે. માટીનો ઉપયોગ મણકાઓ, ઢીંગલીઓ, કાનની બુટ્ટીઓ, શરીર પરથી મેલ કાઢવાના મેલિયા, ઘર અને તળાવની પાલ બાંધવામાં પણ થતો હતો. નગરાનાં ઉત્ખનનમાં માટીની પાળ મળી આવી છે. પથ્થર, ધાતુઓ, હાડકાં, છિપોલીનો ઉપયોગ કરતા હતા તેવાં પુરાવાઓ પ્રાપ્ત થયા છે. ધાતુઓમાં લોખંડનાં ભાલા, છીણી જેવા ઓજારો, ખીલા,તાંબાના અને ચાંદીના સિક્કાઓ ઉપરાંત તાંબા પર સોનું ચઢાવેલુ કાનનું ઘરેણું ધાતવામાંથી પ્રાપ્ત થયું છે. જે આ સમયમાં ધાતુઓનાં વિવિધ ઉપયોગની માહિતી આપે છે. આ કાળમાં હાડકાંનો ઉપયોગ ભાલોડા, અણી, ઘંટની ટોકરી જેવી વસ્તુઓ બનાવવામાં કરતા હતા. જે નગરા, ટીંબરવા, જોખા, ધાતવા વગેરે સ્થળેથી પ્રાપ્ત થઇ છે.

**2.3.2 ક્ષત્રપકાલીન અને ગુપ્તકાલીન :**

આ કાળમાં માટીનાં, પથ્થરના અને ધાતુના અવશેષો પ્રાપ્ત થયા છે.જે માટીની હુન્નરકલા, પથ્થર ઉદ્યોગ અને ધાતુ ઉદ્યોગનો ખ્યાલ આપે છે. માટીમાંથી વાસણો, મુદ્રાઓ, મૂર્તિઓ, મણકા, રમકડાં વગેરે બનાવવામાં આવતાં હતા. આ કાળમાં અગાઉના લાલ વાસણો અને લાલ બરછટ વાસણો ઉપરાંત લાલ ઓપવાળા વાસણો, ચીતરેલા વાસણો, રોમન કોઠીઓ, સફેદ માટીના વાસણો, અબરખ છાટેલા વાસણ અને રોજિંદા વપરાશમાં વિવિધ પ્રકારના વાસણો મળી આવે છે. ચીતરેલા વાસણો વડનગર, નગરા તથા શામળાજીમાંથી મળી આવ્યા છે. રોમથી આયાત થતાં વિશિષ્ટ વાસણોમાં અણીદાર તળિયાવાળી અને પકડવાના હાથાવાળી કોઠીઓ રોમ સાથેના વેપારનો પુરાવો છે. આ વાસણ વલભીપુર, સોમનાથ, દ્વારકા, પીંડારા, નગરા, શામળાજી, દેવની મોરી, ધતવા વગેરે સ્થળોમાંથી મળ્યા છે. સફેદ માટીના વાસણો વડનગરમાંથી પ્રાપ્ત થયા હતા. માટીની ચકરડી અને માટીનું ગાડું નગરામાંથી પ્રાપ્ત થયું છે. માટીમાંથી મણકા અને આભૂષણ બનાવવાની કલાથી તે પરિચિત હતા. જયારે માટીના અક્ષરો, આકૃતિઓવાળી મુદ્રાઓ નગરા, ટીંબરવા થતા વડનગરમાંથી પ્રાપ્ત થઇ છે. ઇંટો સાદી અને અને સુશોભિત એમ બંને પ્રકારની બનતી.

આ કાળમાં શંખની બંગડીઓ અને મણકા બનાવવાનો ઉદ્યોગ હતો. જેના પુરાવા પ્રભાસ પાટણ, અમરેલી, જૂનાગઢ, વલભી, વડનગર, નગરા, વડોદરા, કામરેજ, શામળાજી વગેરે સ્થળોએ જોવા મળે છે. છિપોલીમાંથી બનાવેલું ત્રિરત્ન આકૃતિનું પદક નગરામાંથી પ્રાપ્ત થયું છે. આ કાળમાં હાડકાંમાંથી બનતી વસ્તુઓમાં પાસાં અને અંજનશલાકાનો સમાવેશ થાય છે. જે મળી આવી છે.

આ કાલમાં પથ્થરની વસ્તુઓ ઘડીને બનાવવામાં આવતી. જેમાં પથ્થરની મૂર્તિઓ, મણકાઓ, નિશા, નિશાતર, ઘંટી, પિંડલા, ડબ્બા, પથ્થરનો ઉપયોગ ફર્શબંદી માટે અને તળાવોની પાલ માટે થતા હોવાના પુરાવા પ્રાપ્ત થાય છે.

આ કાળમાં લોખંડ ગાળવાના સાધન શામળાજી, વસ્તાન, ડુંગરી, ધાતવા તથા દેવની મોરીમાથી મળ્યા છે. જે લોખંડ ગાળવાના ઉદ્યોગનો નિર્દેશ કરે છે. લોખંડની ધાતુઓમાં છીણી. ભાલોડા, છરીઓ, સાંકળ, તવેથા, કાતર, ખીલા વગેરે બનાવવામાં આવતા જે આ સમયમાં લોખંડનો  વપરાશ દર્શાવે છે તાંબાની વસ્તુઓમાં ડબ્બી, અંજનશલાકાઓ, મુદ્રાઓ, વલયો, વીંટીઓ વગેરે એ સમયના ધાતુના ઘડતરની માહિતી આપે છે. દેવની મોરીના સ્તૂપમાંથી બુદ્ધનાં અવશેષો સાચવતી ડબ્બી પર ઉપરથી બેસાડાય તેવું ઢાંકણ અને નગરામાંથી પ્રાપ્ત સુશોભિત ઢાકણ એ સમયના કારીગરના ધંધાકીય જ્ઞાનની કુશળતા દર્શાવે છે. તાંબા અને કાંસાની વસ્તુઓ વિદેશમાંથી ખાસ રોમન સામ્રાજ્યમાંથી આવતી હતી. આકોટામાંથી મળેલો તાંબાનો લોટા પરનો હાથો છે એની ઉપર હોડીમાં બેઠેલા કામદેવની પ્રતિમા છે. જે આનો ઉત્તમ નમૂનો છે. સીશાની મુદ્રાઓ અને આભૂષણો, ચાંદીનાં સિક્કાઓ અને સોનાની વસ્તુઓ પ્રાપ્ત થઇ છે. દેવની મોરીના સ્તૂપના સમુદ્રગકમાંથી તાંબાની દાબડીની અંદરની સોનાની શીશી અને

ટીંબરવામાંથી મળેલા સોનાના પતરાના ગોળ આભૂષણના ભાગ પર સોનાના તારને સાંકળીને ઉપસાવેલી ભાત નોંધપાત્ર છે. આ સમયની પાપ્ત થતી સાધનસામગ્રી અભ્યાસ પરથી કહી શકાય કે ક્ષત્રપ અને ગુપ્ત કાળના ગુજરાતની સમૃદ્ધિ સારી હતી.

**2.3.3 મૈત્રકકાલીન અને અનુમૈત્રકકાલીન**:

આ કાળના નગરો અને ગામોમાંથી માટીકામના નમૂનાઓ, મુદ્રાઓ, ધાતુઓનાં નમૂના વગેરે પ્રાપ્ત થયા છે. માટીના અવશેષોમાં વાસણો, ઇંટો, રમકડાં, પૂતળાઓ, મણકાઓ વગેરે પ્રાપ્ત થયા છે. જે માટીમાંથી વિવિધ વસ્તુઓ બનાવવાની કલાનો પરિચય કરાવે છે. માટીના વાસણો ટીંબરવા, વડોદરા, આકોટા, દ્વારકા, સોમનાથ, વડનગર, નગરા અને વલભીપુરમાંથી પ્રાપ્ત થયા છે. નગરામાંથી રોમન ઘાટના, એમ્ફોરાના અવશેષો પ્રાપ્ત થયા છે. વાસણોને ચીતરીને સુશોભિત કરવાની અને મુદ્રાઓ વડે સુશોભિત કરવાની કલા નોધપાત્ર છે. ઉ.દા. શામળાજીમાંથી આવા વાસણો સૌરાષ્ટ્રનાં ઘણા ભાગોમાંથી મળી આવ્યા છે. જો કે આ કાળના વાસણોમાં વિવિધતાનું પ્રમાણ મૌર્ય અને ક્ષત્રપકાળ કરતા ઓછું જોવા મળે છે. રમકડાઓમાં કરવણમાંથી મળેલું યુગલ- નગરામાંથી મળેલી વૃષભની પ્રતિમાઓ, ઘોડાં, નીલગાય, ભેંસ, હાથી મુખ્યત્વે મનુષ્યની આકૃતિઓ અને સુશોભિત તકતીઓ પણ પ્રાપ્ત થઈ છે.

પથ્થરમાંથી બનેલી ઘંટીઓ, મણકા, મૂર્તિઓ વગેરે પ્રાપ્ત થાય છે. પથ્થરની ઘંટીઓનું સ્વરૂપ ક્ષત્રપકાલીન જોવા મળે છે. મધ્ય એશિયામાંથી વૈદૂર્ય નામના આયાત થતા પથ્થરમાંથી તથા અકીક, ચર્ટ, ચાલ્સીડો વગેરે પથ્થરમાંથી વિવિધ ઘાટના મણકા પ્રાપ્ત થાય છે.

લોખંડ, તાંબુ, પંચધાતુ, સોનું, ચાંદી, સીસું વગેરે ધાતુઓના ઉપયોગની અને તેમાંથી બનતી વસ્તુઓની માહિતી પ્રાપ્ત થાય છે. આ કાળમાં લોખંડના ખીલા, તાંબામાંથી બનતા શિલ્પો તથા શીશાના આભૂષણો નોધપાત્ર છે. શંખ અને કાંચની પ્રાપ્ત થયેલી બંગડીઓ તેના ઉપયોગની માહિતી આપે છે.

**2.3.4 સોલંકીકાલીન**:

આ કાળમાં માટીનો ઉપયોગ વાસણો, રમકડાં, મૂર્તિઓ, ઇંટો, મણકા અને તળાવની પાળ બનાવવા ઉપરાંત લોખંડ ગાળવાની ભઠ્ઠી બનાવવામાં થતો હોવાના અવશેષો પ્રાપ્ત થાય છે. માટીના ચાર પ્રકારના રોજિંદા વપરાશના દેશી વાસણો મળે છે. વાસણો ઉપર ચિત્રો દોરીને સુશોભિત કરવામાં આવતા હતા. વાસણો પરદેશમાંથી પણ આયાત કરવામાં આવતા હતા. વડોદરામાંથી, ચીનમાંથી આયાત કરવામાં આવેલા વાસણોનો એક નમૂનો પ્રાપ્ત થયો છે જે ચીં સાથેના વેપારનો નિર્દેશ કરે છે. વડનગરમાં અને વડોદરામાં ઇંટોની ઈમારતોનાં અવશેષો મળ્યા છે. આ કાળમાં માટીનો વિશિષ્ટ ઉપયોગ લોખંડને ગાળવાની ભઠ્ઠીઓમાં થતો હતો એમ કુંભારિયાના પ્રાપ્ત અવશેષો પરથી કહી શકાય.

પથ્થરના ઉપયોગ દ્વારા ઈમારતો બાંધવામાં આવતી હતી. જે ધાર્મિક ઈમારતો હોવાના પુરાવાઓ પ્રાપ્ત થાય છે. સોલકીના અંત ભાગમાં અસ્તિત્વ ધરાવતી (રેતિયા કે ખરતા) પથ્થરની ખાણોના પાવાગઢ પાસે પુરાવા મળ્યા છે. પથ્થરોની શિલાઓનો વધેલો કચરો તેમજ અણઘડ શિલાઓ આ સમયના નગરો અને ગામોમાંથી મળી આવે છે. રેતિયા ચૂનાના પીળા, આરસપહાણ, રાયોલાઈટ, ટ્રેપ વગેરે પ્રકારનાં પથ્થર ખાણમાંથી ખોદીને ઉપયોગમાં લેવામાં આવતા હતા તેવા પુરાવાઓ પણ પ્રાપ્ત થયા છે.

ધાતુ ઉદ્યોગનો પણ નોંધપાત્ર વિકાસ થયો હતો. આના પુરાવારૂપે લોખંડ, ચાંદી અને તાંબાની ધાતુના કીટા પ્રાપ્ત થયા છે. લોખંડ ગાળવાનાં ઉદ્યોગનાં પુરાવા કુંભારિયા, અંબાજીના પ્રદેશ ઉપરાંત કપડવંજ ઘલા, વસરાવી, ઘુમલી, વસ્તાન, ડુંગરી, ધાતવા, કાટોડિયા વગેરે સ્થળેથી મળી આવ્યા છે. તારાપુરમાંથી ચાંદીની કાચી ધાતુમાંથી મળેલા કિટા અને આબુ પાસે તાંબાની ધાતુનાં કિટા પણ પ્રાપ્ત થયા છે.

## 2.4 સ્થાપત્યકાલીન સ્મારકો :

### 2.4.1 ગુફાઓ :

આ સ્થાપત્યમાં ચૈત્યગૃહો અને વિહારો રૂપે કંડારાયેલી ગુફાઓનો સમાવેશ થયા છે. ગુફા સ્થાપત્ય જૂનાગઢ, તળાજા, ઢાંક, ખાંભલડા, સાણા (ની ટેકરીઓ ઉપર), ઝીંઝૂરિયર, કડિયા ડુંગર વગેરે સ્થળોએ આવેલા છે. જેમાં બાવા ખ્યારાની ગુફાઓ, ખાપરા-કોળિયાની ગુફાઓ, ઉપરકોટ ગુફાઓ, તળાજાની ગુફાઓ, ઢાંકાની ગુફાઓ, ખાંભીભલડાની ગુફાઓ, સાણાની ગુફાઓ, ઝીંઝૂરિયરની ગુફાઓનો સમાવેશ થાય છે.

ઇંટેરી સ્તૂપો અને વિહારોના અવશેષો પણ મળ્યા છે, જેમાં બોરિયાનો સ્તૂપ પાકી ઇંટોનો બનેલો છે. આ ઈંટો પ્રાયઃ મૌર્યકાલીન અને અનુમૌર્યકાલીન છે. ઈંટવા વિહારમાંથી પ્રાપ્ત માટીના મુદ્રાંકમાં બ્રાહ્મી લિપિમાં મહારાજા રુદ્રસેન વિહારે ભિક્ષુસંઘસ્ય લખેલું છે. શામળાજીમાં દેવની મોતી નામના સ્થળે ઉત્ખનન કરતા વિહાર અને મોટા સ્તૂપ પ્રાપ્ત થયાં છે. આ સ્તૂપમાંથી બુદ્ધની પ્રતિમા અને માટીના વાસણમાં મૂકેલો પથ્થરનો દાબડો (અસ્થિપાત્ર) પ્રાપ્ત થયો હતો. જેની બાજુએ અને તળિયા પર સંસ્કૃત પદ્યમાં અને ઢાંકણા પર પાલિ ત્રિપિટકમાંનું પ્રતિત્ય-સમુત્પાદનાં સિદ્ધાંતને લગતું સૂત્ર કોતરેલું છે. પથ્થરનાં દાબડામાં, તાંબાની દાબડીમાં બુદ્ધના શરીરાવશેષ સાચવતી સોનાની શીશી, રેશમી વસ્ત્રની બે કોથળી, પૂજાનો સામાન વગેરે હતો. આ અવશેષો પરથી જણાય છે કે આ સ્થળ બૌદ્ધ ધર્મનું મહત્વનું કેન્દ્ર હશે.

મૈત્રક શાસનોમાં તેર વિહારોનો ઉલ્લેખ આવે છે. એમાંના અગિયાર વલભીપુરમાં હતા. આ તમામ વિહરોને મૈત્રક રાજાઓ તરફથી ભૂમિદાન મળ્યા હતાં. જે મૈત્રક દાનધર્મની માહિતી આપે છે.

**2.4.2 મંદિરો** :

મૈત્રક અને અનુમૈત્રક સમયનાં દાનશાસનોમાં ઉલ્લેખિત એક પણ મંદિર અસ્તિત્વમાં નથી. સૌરાષ્ટ્ર, તળગુજરાત અને કચ્છમાં આ કાળનાં જળવાયેલા દેવાલયો પરથી તેના સ્થાપત્ય સ્વરૂપ અને તેના ઉત્તરોત્તર વિકાસનો ખ્યાલ આવે છે.

મૈત્રકકાલીન દેવાલયમાં સૌથી પ્રાચીન દેવાલય ધુમલીની ઉત્તર પૂર્વે આવેલ ગાપ ગામનું પથ્થરનું દેવાલય છે. સમચોરસ ગર્ભગૃહનું બનેલું આ મંદિર સમચોરસ જગતી પર બંધાયેલું છે. મંદિરનો સમય છઠ્ઠી સદીના અંતિમ ચારનો હોવાનું શ્રી નાંણાંવટી અને શિ ઢાંકીએ પ્રતિપાદિત કર્યું છે. મૈત્રકકાલીન દેવાલયની સ્થાપત્ય શૈલીનો ક્રમિક વિકાસ વિસવડા, બિલેશ્વર અને સૂત્રાપાડાના દેવાલયોમાં નજરે પડે છે. આ કાળના બીજા દેવાલયોમાં થાનમાં મોટા સૂર્યમંદિરની નજીકમાં આવેલું નાનું મંદિર, સૂત્રાપાડાની પશ્ચિમે આવેલું કદવાર ગામનું જૂનું દેવાલય, સમુદ્રકાંઠે આવેલા કલસાર ગામના દેવાલયનો સમાવેશ થાય છે. દેવાલયોના ઉપલબ્ધ નમૂના દેવાલય- વસ્તુકલાનાં જુદા-જુદા તબક્કા દર્શાવે છે.

મૈત્રકકાળમાં મંદિર સ્થાપત્યમાં છાદ્યાન્વિત અને રૂપાન્વિત શૈલીનો સંમિશ્રણની સંક્રમણ અવસ્થા જોવા મળે છે, પરંતુ આમાંના શરૂઆતના મંદિરો મૈત્રકકાળનાં ઉત્તર ભાગનાં છે. સંક્રમણ અવસ્થાના મંદિરો સૌરાષ્ટ્રના અનેક સ્થળોએ આવેલા છે. જેમાં ભાણસરા, સુત્રાપાડા, કાલાવડ, આખોદર, પાછતર, ધ્રાસણવેલ, ધુમલી, મૈથણ, ઓડદર, મિયાણી, વસઈ, ધ્રુમઠ, દેદાદરા તથા ખિમરાણનો સમાવેશ થાય છે. સંક્રમણ અવસ્થાના મંદિરો મૈત્રકકાલીન છે કે અનુમૈત્રકકાલીનના હતા તે નક્કી કરવું મુશ્કેલ છે,

ઉત્તર ગુજરાતના વિજાપુર તાલુકાના લાકરોડામાં આવેલું દેમરાનું દહેરૂં તરીકે ઓળખાતું મંદિર પ્રાક સોલંકીકાલીન વિશિષ્ટતા ધરાવે છે. જેમાં ગર્ભગૃહ ઉપર સર્પાકાર શિખરમાં બાર સમતલ થરોની રચના છે. હિંમતનગર તાલુકાના રોડામાં સાત મંદિરોનો સમૂહ છે. જેમાં મંદિર નંબર-૨ નું શિખર ફાંસાકાર છે અને બાકીના બધા મંદિરોના શિખર એકાંડીરેખાન્વિત શિખર શૈલીનાં છે. જે ચાલુક્યકાળના પ્રારંભના સળંગ ઉભકડ વળાંકવાળા રેખાન્વિત શિખરશૈલીની વચગાળાની અવસ્થા દર્શાવે છે. ખેરાલુ તાલુકાનાં વડનગરના અમથોર માતાના મંદિરોની પીઠ, દ્વાર શાખાઓ, સ્તંભો વગેરેનાં ઘાટ પરથી તે દસમી સદીના પૂર્વાર્ધનાં હોવાનું સૂચિત થાય છે.

સોલંકીકાળ વસ્તુકલામાં સુવર્ણકાળ ગણાય છે. આ કાળમાં નગરશૈલી સ્થાનિક લક્ષણો સાથે મંદિરમાં આવિર્ભાવ પામી. રેખાન્વિત શિખરશૈલીનો ઉત્તરોત્તર ક્રમિક વિકાસ દસમી સદીના મધ્યપૂર્વથી તેરમી સદીના અંત સુધી બંધાયેલા મંદિરોમાં  જોવા મળે છે. આ કાળના દેવાલયોમાં તલદર્શન દૃષ્ટિએ એકયતન, બે ઉર્ધ્વઁદર્શનમાં દેવાલય-વસ્તુકલાનો સંપૂર્ણ વિકાસ જોવા મળે છે. તલદર્શનની દ્રષ્ટિએ એકયતન, બે ગર્ભગૃહવાળો દ્વયાયતન, ત્રણ ગર્ભગૃહવાળા ત્રયાયતન, પાંચ ગર્ભગૃહવાળા પંચાયતન એમ વર્ગીકરણ કરી શકાય. એકયતનમાં પણ એકાંગી, દ્વિઅંગી, ત્રયંગી, ચતુરંગી, પંચગી, ષડંગી એમ પેટા પ્રકાર જોવા મળે છે. આ કાળના

મંદિરોમાં ગર્ભગૃહ, મંડપ અને તેને જોડતું અંતરાલ વિકસિત સવરૂપમાં જોવા મળે છે. મોટા મંદિરોમાં ગૂઢમંડપ, સભામંડપ, મહામંડપ, મુખમંડપ આ સર્વ જોવા મળે છે. મંદિરના પીઠોદયમાં થર કોતરેલા હોય છે. મતા મંદિરોમાં ગજથર, અશ્વથર, નરથર જોવા મળે છે. નરથરમાં માનવજીવનની વિવિધ પરિસ્થિતિઓ અને આનંદપ્રમોદનાં પ્રસંગો જોવા મળે છે. પીઠની જેમ માંડોવરમાં પણ અનેકવિધ સમતલ થરોની રચના હોય છે. જેમાં અનેક દેવદેવીઓની આકૃતિઓ કંડરાયેલી હોય છે. રેખાન્વિત શિખરમાં મંડોવરના ભાદ્રાદિ નિર્ગમો અને ટોચ સુધી વિસ્તરે છે. એના પર થર ઉર શૃંગો(અડધિયા શિખરો), પ્રત્યંગો (ચોથિયા શિખરો) અને શૃંગારિકો (નવા શિખરો) ની રચના થાય છે. ઉધ્વદર્શનની દ્રષ્ટિએ આ ઝાલનાં મંદિરમાં વિશાળ જગતી (ઓટલા) પર બંધાયેલા છે.

આ કાળના જૈન મંદિરોમાં આસપાસનાં ચોકને ફરતી ૨૪, ૫૨ કે ૭૨ દેવકુલિકાઓ કરવામાં આવે છે. આ કુલિકાઓની સંખ્યા પરથી અનુક્રમે ચોવીસ, બાવન કે બોંતેર જિનાલય નામે ઓળખવામાં આવે છે.

આ કાળના મંદિર સ્થાપત્ય કલાના નોધપાત્ર નમૂનાઓ પૂરા પડતાં મંદિરો વિવિધ સ્થળોએ આવેલા છે. ભીમદેવ પહેલાના મંત્રી વિમલે આબુમાં બંધાવેલું વિમલવસહિ, મોઢેરાનું સૂર્યમંદિર, સિદ્ધરાજે વિકસાવેલ સિદ્ધપુરનો રુદ્રમહાલય, કુમારપાળે તારંગા પર બંધાવેલું અજિતનાથ મંદિર, તેજપાલે આબુ પર બંધાવેલ લુણવસહિ, ડભોઇનું વૈદ્યનાથ મંદિર, કુમ્ભારીયામાં બંધાયેલા જિનાલયો, સેજકપુર, ધૂમલીના નવલખા મંદિરો, સરનાળનું ગળતેશ્ર મંદિર, થાનનું ત્રિનેત્રેશ્વર મંદિર ઉપરાંત ઉત્તર ગુજરાતમાં સુણક, રુહાવી, મણુંદ, વીરતા, ગોરાદ, ધીણોજ, મોટબ, દેલમાલ, ખંડોસણ વગેરેનો સમાવેશ થાય છે.
દેવાલયોની શોભામાં વધારો કરતા તોરણો `સોલંકીકાળમાં જોવા મળે છે. વડનગર, સિદ્ધપુર, શામળાજી, મોઢેરા, ધુમલી, પિલુદ્રા, વાલમ, આસોડા વગેરે સ્થળોએ આ કાળનાં તોરણો જોવા મળે છે. શામળાજીનાં પ્રાચીન મંદિરમાં હરિશ્ચંદ્રની ચોરી નામે ઓળખાતું તોરણ ગુજરાતનાં તોરણનો સૌથી પ્રાચીન નમૂનો છે., વડનગરનું તોરણ શિલ્પ સમૃદ્ધિની દ્રષ્ટિએ ભવ્ય છે.

**2.4.3 જળાશયો** :
મૈત્રકકાલીન દાન શાસનોમાં વાપી (વાવ), કૂપ (કુવો), તડાગ (તળાવ) વગેરે બાંધકામોનો ઉલ્લેખ આવે છે. જેના પરથી આ સ્થાપત્ય કલાના વિકાસની માહિતી પ્રાપ્ત થાય છે. સોલંકીકાળમાં દુર્લભ સરોવર જેણે સિદ્ધરાજે સહસ્ત્રલિંગ સરોવર નામે કરાવેલું નવનિર્મિત, સહસ્ત્રલિંગની પ્રતિકૃતિ સમાન વિરામગામનું મુનસર કે માનસર તળાવ, ધોળકાનું મલાવ તળાવ નોંધપાત્ર છે. વાવનું નિર્માણ એ સાર્વજનિક પરમાર્થ માટે પુણ્યપ્રદ ગણાતા પૂર્તધર્મની માહિતી આપે છે. આ સમયની વાવના નમૂનાઓ મળ્યા છે. જેમાં પાટણની રાણકી વાવ, ઉમરેઠની ભદ્રકાળી વાવ, ખેરાળાની વાવ, બાયડની વાવ, ધાંદલપુરની વાવ, વઢવાણની ગંગા અને માધાવાવ વગેરેનો સમાવેશ થાય છે.

**2.4.4. કિલ્લાઓ:**

ક્ષત્રપકાળમાં બાંધવામાં આવેલા કિલ્લાઓના અવશેષો શામળાજીમાંથી પ્રાપ્ત થયા છે. આ કિલ્લાની ચારેબાજુ પાણીની ખાઈની નિશાનીઓ પ્રાપ્ત થઇ છે. કામરેજમાં પ્રાપ્ત થયેલા અવશેષો જોતાં ત્રણ બાજુએ ઊંડી ખાઈ અને ઉપર જવા માટેનો માર્ગ બાજુમાં છે.

સોલંકીકાળ દરમિયાન બંધાયેલા નગરના કોટના અને પુરદ્વારોના અવશેષો પરથી એની રચનાઓ ખ્યાલ આવે છે. ઝીંઝુવાડા અને ડભોઇનાં કિલ્લાઓ અને તેના પર દ્વારો નોધપાત્ર નમૂનાઓ છે.

**2.4.5 શિલ્પો :**

મૌર્યકાળનું ગણાવી શકાય એવું કોઇપણ શિલ્પ પ્રાપ્ત થયું નથી. ક્ષત્રપકાલીન શિલ્પો શામળાજીની આજુબાજુનાં પ્રદેશોમાંથી ઉપલબ્ધ થાય છે. જેમાં ગણેશની ઊભેલી મૂર્તિ, માતા અને શિશુની સંયુક્ત મૂર્તિ, ભીલકન્યા સ્વરૂપે પાર્વતીની મૂર્તિ, સપ્તમાતૃકાઓ પૈકીની બે માતૃકા પ્રતિમા માહેશ્વરની અને અગ્નેયિની, ચામુંડાદેવીની, કુમાર સ્કંદની પ્રતિમા વગેરેનો સમાવેશ થાય છે.

કચ્છના દોલતપુરમાંથી મળેલું મુખ શિલ્પની આંખો ખુલ્લી અને ટોપીઘાટનો સુશોભિત મુકુટ આકર્ષક છે. આહવા, ડાંગમાંથી નાનું શિલ્પ (જિ. સુદન) માંથી ખંડિત પ્રતિમા, ખેડ બ્રહ્માંમાંથી મળેલુ શિવલિંગ વગેરે ક્ષત્રપકાલીન છે. આ કાળમાં મૂર્તિવિધાન કલાનો સારો વિકાસ થયો છે. વસ્ત્રાલંકારની સૂક્ષ્મ અને સ્પષ્ટ આલેખનશૈલી આ કલાની વિશેષતા છે. ઢાંકની ગુફાઓની જૈન તીર્થંકરોની ઉપલબ્ધ થયેલી પ્રતિમાઓમાં આધિનાથ, ઋષભદેવ, શાંતિનાથ, પાશ્વનાથનું મહાવીર અને  અંબિકાનો સમાવેશ થયા છે. દેવની મોરીના સ્તૂપમાંથી મળેલી પકવેલી માટીન પ્રતિમાઓ શિલ્પ વિધાનની દ્રષ્ટિએ શ્રેષ્ઠ છે. ખાંભીલડાની ગુફામાં બોધિસત્વો, વૃક્ષ નીચે ઊભેલા પદ્મપાણિ અવલોકિતેશ્વર અને વ્રજપાણિ, આજુબાજુ પરિચારકો- સેવકોની આકૃતિઓ આ કાળની છે.

ગુપ્તકાળની શૈલીમા પ્રાદેશિક વિશિષ્ટ લક્ષણોવાળી ભિન્ન ભિન્ન છે. આ કાળનાં શિલ્પોમાં પગનો ઘૂંટણ અને પીંડીની નીચેનો ભાગ ધીમે ધીમે પાતળો થતો જાય છે. અર્ધમીલિત નેત્રોવાળા શિલ્પોમાં અંર્તમુખ જીવન અને આધ્યાત્મિક આનંદની ઝાંખી થાય છે. ટીંટોઈમાથી મળેલી વીણાધર શિવ અને સ્કંદમાતાની પ્રતિમા, શામળાજીમાંથી મળેલી વીરભદ્ર શિવની પ્રતિમા અને નંદીનું શિલ્પ, દેવની મોરી ગામમાંથી મળેલી બીજી માતૃકાઓનો સમૂહ, અંબાજી પાસે વાવના બે ગણના શિલ્પો, શામળાજીનાં આજુબાજુમાંથી મળેલું મસ્તક વિનાનું માટીનું પકવેલું નાનું શિલ્પ જે યક્ષી કે માતૃદેવીનું લાગતું શિલ્પ, તીર્થંકર શ્રી આદિનાથ- જના અર્ધમિલીત ચાંદીવાળા નેત્રની ખંડિત પ્રતિમા વગેરે ગુપ્તકાળની શિલ્પશૈલીની ઝાંખી કરાવે છે.

મૈત્રકકાલીન અનેક દેવ- દેવીઓની પ્રતિમાઓ પ્રાપ્ત થઇ છે. શિવ પાર્વતી, વિશ્વરૂપ વિષ્ણુ, મકરવાહિની ગંગાની દ્વિભુજ પ્રતિમા, સ્કંદમાતા, શેષમાંથી ચતુર્ભુજ, ભૈરવ, પાર્વતી અને નૃત્ય

કરતા ગણપતિ, સૂર્ય, બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ચંદ્રની પ્રતિમાઓ, વરાહ અને દશાવતારની પ્રતિમાઓ ગરૂડારૂઢ વિષ્ણુ, ઉમા-મહેશ્વર વગેરેનો સમાવેશ થાય છે. જેમાં શામળાજીમાં કળશી છોકરાની મા તરીકે પૂજાતી પ્રતિમા, મકર વાહિનીગંગાની દ્વિભુજ પ્રતિમામાં મકરનાં મુખ અને પૃચ્છની કોતવણી નોધપાત્ર છે. કપૂરાઈમાંથી મળેલું શિવ-પાર્વતીનું ખંડિત શિલ્પ તત્કાલીન કલાનો સુંદર નમૂનો છે. કોટયાર્ક- મહુડીનાં સ્કંદમાતા, માતા અને શિશુની પ્રતિમા, ટીંટોઇના પાર્વતી અને નૃત્ય કરતાં ગણપતિ નોધપાત્ર શિલ્પો ગણાવી શકાય. આકોટાના જૈન ધાતુ પ્રતિમા સમૂહમાંથી મળેલી શ્રી જીવંતસ્વામીની બે ઊભી કાર્યોત્સર્ગ પ્રતિમાઓ (મહાવીર સ્વામીના દીક્ષા લીધાં પહેલા તપ કરતા સ્વરૂપની), યક્ષ- યક્ષીયુક્ત આદિનાથની ઊભી પ્રતિમા, ત્રિતીર્થિક પાશ્વનાથની પ્રતિમા, ચતુર્ભુજ અશ્વ પર આરૂઢ ચતુર્ભુજ મહાવિદ્યા અચ્છુંપ્રાદેવીની પ્રતિમાઓ મૈત્રકકાલીન કલાની ઝાંખી કરાવે છે.

આકોટા જૈનધાતુ પ્રતિમાસંગ્રહની કેટલીક પ્રતિમાઓ અનુમૈત્રકકાલીન છે. તારંગા પરના ધારણ માતાના મંદિરની બૌદ્ધ તારાની પ્રતિમા નોંધપાત્ર છે.
સોલંકીકાલીન શિલ્પોમાં મુખ્યત્વે હિંદુ અને જૈન ધર્મની પ્રતિમાઓ જોવા મળે છે. જેમાં શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયના શિલ્પો, દેવ-દેવીઓ, સૂર્યપૂજા, શકિતપૂજાને લગતા શિલ્પા ઉપરાંત દીકપાલોની મૂર્તિઓ, સુંદરીઓ, અપ્સરાઓ, નાયિકાઓ, ધાર્મિક કથા પ્રસંગો, પૌરાણિક આખ્યાયિકાઓ, કથાઓ વગેરેનો સમાવેશ થાય છે. મંદિરમાં પ્રવેશ દ્વાર આગળ, પીઠની દીવાલમાં અને બહારની બાજુએ ઘુમ્મટની નીચે કોતરાયેલાં શિલ્પો- શિલ્પકલાનો ખ્યાલ આપે છે.

સોલંકીકાળમાં બ્રહ્માની મૂર્તિઓ દેલમાલ, ખંભાત, ખેડબ્રહ્મા વગેરે સ્થળોએથી મળી છે. વિષ્ણુની દસાવતારમાંથી વરાહ, ત્રિવિક્રમ, નરસિંહ વગેરે સ્વરૂપોની પ્રતિમા વિશેષ મળે છે. વિષ્ણુના વિવિધ સ્વરૂપોની ત્રૈલોક્ય મોહન, વિશ્વરૂપ, શેષશાયી, લક્ષ્મી- નારાયણ વગેરે સ્વરૂપોની પ્રતિમા સંડેર, તૈબપુર, પાટણ, કોટયર્ક, વાલમ, ચાંણોદ, ઊંઝા, મોઢેરાના સૂર્યકુંડમાં વગેરે સ્થળોએથી મળે છે. કાલિયમર્દનનું શિલ્પ મણુંદના વિષ્ણુ મંદિરની છતમાં અને વિમલવસહિની છતમાંથી મળ્યું છે. શિવપ્રતિમાઓ મિયાણી, વાયડ, ગોરદ અને વીરતા, ધુમલી, ડભોઇનાં દરવાજા આગળથી ઝીંઝુવાડાના કિલ્લાના દરવાજામાંથી મળે છે. ઉપરાંત ઉમામહેશ્વર, અંધકાસુરવધ =મૂર્તિ, ગજાસુરસંહાર મૂર્તિ, શિવતાંડવ પ્રતિમા વગેરે સ્વરૂપો મળી આવે છે. કપડવંજમાંથી ચતુર્ભુજ ગણેશ, ઝિંઝુવાડાના કિલ્લાના દરવાજામાંથી નૃત્ય કરતા ગણેશ ઉપરાંત બેઠેલાં અને ઉભેલાં ગણપતિની અનેક પ્રતિમા મળે છે. મોઢેરાનાં મુખ્ય મંદિરમાં સૂર્યપ્રતિમા ઉપલબ્ધ નથી. ખંભાત પાસે નગરા, સૂત્રાપાડા અને ખેરાલુમાં સૂર્યમૂર્તિ નોંધપાત્ર છે. સૂર્યપત્ની સૂર્યાણીની પ્રભાસ પાટણમાંથી અને ખેરાળુમાંથી મળેલી પ્રાચીન પ્રતિમા છે. કાર્તિકેયની પ્રતિમાઓ વડનગર, કોટયર્ક, મોઢેરામાંથી મળી છે. શકિતનાં વિવિધ સ્વરૂપોમાં મહિષાસુર મર્દિનીની અષ્ટભૂજ પ્રતિમાઓ પાટણ, સુણકમાં મળે છે. સપ્તમાતૃકાઓમાં છુટક કે સામૂહિક પ્રતિમાઓ પાટણ. લાડોલ, વડનગર, મોઢેરા, સુણક વગેરે સ્થળોએથી મળે છે.

ઋષભદેવ, નેમિનાથ, પાશ્વનાથ મહાવીર સ્વામી વગેર તીર્થંકરોની પ્રતિમાઓ ગીરનાર, શત્રુંજ્ય, આબુ વગેરે સ્થળોએથી મળી આવે છે. આબુના વિમલવસહિ અને લુણવસહિનાં જૈન મંદિરોમાંથી શિલ્પકલાની સમૃદ્ધિ જોવા મળે છે. યક્ષ- યક્ષિણીઓ, વિદ્યા-દેવીઓ વગેરેની પ્રતિમાઓ પણ પ્રાપ્ત થઇ છે. કથા પ્રસંગના શિલ્પો ડભોઇનાં કાલિકા મંદિરની જંઘા =માંથી, હીરા ભાગોળના દરવાજાની બહારની બાજુએથી લુણવસહિની દેરીની છતમાંથી વગેરે સ્થાઓએથી મળી આવે છે. મંદિરના નરથર ઉપરાંત મોઢેરા, વિમલવસહિ, લુણવસહિ, ડભોઇનું કાલિકા મંદિર વગેરેની દીવાલોમાં આવેલા ગજથર અને અશ્વથર ઉપરાંત અન્ય પ્રાણીઓનાં શિલ્પો, વિવિધ વૃક્ષ, વેલના પાન, પુષ્પો, ફૂલવેલની ભાત, કમળપત્રો વગેરે સુંદર રીતે આ કાળમાં કંડારાયેલા જોવા મળે છે.

- **તમારી પ્રગતિ ચકાસો – 2**

**(ખ) નીચે આપેલાં વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

(1) છીપોલીમાંથી બનાવેલું ત્રિરત્ન આકૃતિનું એક પદક નગરમાંથી પ્રાપ્ત થયું છે.

(2) પશ્ચિમ એશિયામાંથી વૈદૂર્ય નામનો પથ્થર આયાત થતો હતો.

(3) લોખંડ ગાળવાના ઉદ્યોગના પુરાવા કુંભારિયા તથા અંબાજીમાંથી પ્રાપ્ત થયા છે.

**(ગ) સ્વાધ્યાય**

(1) ક્ષત્રપ અને ગુપ્તકાલીન અવશેષો વિશે જણાવો.

______________________________________________________________________________
______________________________________________________________________________
______________________________________________________________________________
______________________________________________________________________________
______________________________________________________________________________

(2) સોલંકીકાલીન અવશેષો વિશે વિગતે ચર્ચા કરો.

______________________________________________________________________________
______________________________________________________________________________
______________________________________________________________________________
______________________________________________________________________________
______________________________________________________________________________

**(ઘ) જોડકા જોડો :**

| | |
|---|---|
| (1) વિરમગામ | (અ) રાણકી વાવ |
| (2) ધોળકા | (બ) મુનસર તળાવ |
| (3) પાટણ | (ક) મલાવ તળાવ |

**2.5 સિક્કાઓ**:

ઈતિહાસની જાણકારી માટે સિક્કાઓ મહત્વનું સાધન છે. ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાંથી જે સિક્કાઓ મળી આવ્યા છે તે ગુજરાતનાં ઈતિહાસની જાણકારી આપે છે.

ગુજરાતના લોથલમાંથી વિવિધ પ્રકારની મુદ્રાઓ મળી છે, જે મુખ્યત્વે સેલખડી ઉપરાંત અકીક, તાંબુ, પકવેલી માટીની બનાવેલી હોય છે, મુદ્રાઓ ઉપર અનેક પ્રકારના પ્રાણીઓ કોતરેલા હોય છે, જેમાં એક શિંગડાં વાળા બળદ, હાથી અને પક્ષીની આકૃતિ નોંધપાત્ર છે. જે કલાના સર્વોત્તમ નમૂના છે. મુદ્રાઓ અને મુદ્રાકો પરના લખાણ હજી સુધી ઉકેલાયા નથી.
ગુજરાતના કામરેજ, નવસારી અમરેલી વગેર સ્થળોએથી મૌર્યકાલીન સિક્કાઓ મળી આવ્યા છે. જેના પર લખાણ નથી પરંતુ અલગ અલગ પંચ વડે ચિહ્ન આહત કરેલા હોય છે. ચાંદીના સિક્કા પર સ્વસ્તિક, ત્રિશુલ, હાથનીનું અને વર્તુળનું ચિહ્ન હોય છે. તાંબાના સિક્કાઓ પર પણ પાંચ ચિહ્ન જોવા મળે છે. આ સિક્કાઓના અભ્યાસ પરથી જણાય છે કે તે કેટલાક ચોક્કસ વેપારી સંઘો દ્વારા પાડવામાં આવતા હતા. કેટલાંક ચિહ્ન સ્થળ નિર્દેશ કરે છે.

ભારતીય ગ્રીકો યવન રજાઓમાં એઉક્રાતિદેવના સિક્કાઓ સૌરાષ્ટ્રમાંથી મળ્યા છે. જે વેપારીઓ દ્વારા આવ્યા હશે કારણ કે આ રાજાની સત્તા આ પ્રદેશ સુધી પ્રસરી ન હતી. રાજા મીનેન્ડર અને એપલદત્તના સિક્કાઓ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાંથી મળ્યા છે. આ સિક્કાઓ પર રાજાના ઉત્તરાંગ અને ગ્રીક દેવતાની આકૃતિ અંકિત થયેલી છે ઉપરાંત ગ્રીક ભાષાનું લખાણ ગ્રીક લિપીમાં અને પ્રાકૃત ભાષાનું લખાણ ખરોષ્ઠિ લિપિમાં કોતરેલું છે. જે આકૃતિ વિધાન ભાષા અને લિપીની માહિતી આપે છે. દા.ત. મિનેન્ડરના ચાંદીના ગોળ સિક્કાઓના અગ્રભાગે રાજાની મુખાકૃતિ અને ગ્રીક ભાષાનું લખાણ અને પાછળના ભાગે ગ્રીક દેવતાની આકૃતિ અને ખરોષ્ઠી લિપિમાં મહારાજ ત્રાતા મેનન્દ્ર નામનું લખાણ પ્રાકૃત ભાષામાં છે. એપલદત્તના ચાંદીના સિક્કા મિનેન્ડર જેવાં જ હતા જે પાછળથી ઉતરતી કક્ષાનાં બન્યા. અનુમૌર્યકાળના ઉત્તરાર્ધના બોધિવંશનાં સિક્કાઓ સિસાના છે.

ક્ષત્રપકાળનો ઈતિહાસ જાણવા માટે મહત્વનું સાધન સિક્કાઓ છે. ક્ષત્રપ રાજવીઓનાં ચાંદીના, તાંબાના, પોટન અને સિસના સિક્કાઓ પ્રાપ્ત થયા છે. જેના દ્વારા રાજાનું નામ, ક્ષત્રપ અને મહાક્ષત્રપનાં પદો, તત્કાલીન લિપિઓ અને ભાષાનો ખ્યાલ આવે છે. સિક્કાઓ પરની રાજાની મુખાકૃતિ – તેની આલેખન શૈલીની કારીગરી વિશે અને સિક્કાઓ તૈયાર કરવાની કલા-કારીગરીની માહિતી આપે છે. સિક્કાઓ પરના પ્રતીકો પ્રચલિત ધર્મ-સંપ્રદાયનું સૂચન કરે છે. ક્ષત્રપોના સિક્કાઓ પર વર્ષ અને નામ આપવાની પ્રથા જોવા મળે છે. આથી ક્ષત્રપોની વંશાવલી અને સાલવારી તૈયર કરવામાં ઘણી મહત્વની માહિતી મળે છે. દા.ત. સૌથી પ્રથમ રુદ્રસિંહ પહેલાના સિક્કા પર વર્ષ આપવાની પ્રથા જોવા મળે છે. સિક્કાઓનાં અગ્ર ભાગમાં ગ્રીક અથવા ગ્રીક રોમન લિપિમાં અને પાછળનાં ભાગમાં તત્કાલીન લિપિઓ અને ભાષામાં લખાણ છે. દા. ત. ભૂમક નહપાન અને ચષ્ટનના સિક્કાઓ ઉપર ખરોષ્ઠિ અને બ્રાહ્મી લિપિમાં જયદામાથી અંત સુધી બધા રાજાઓના સિક્કાઓ પર માત્ર બ્રાહ્મી લિપિમાં, દામજદશ્રી અને સત્યમાદાના સિક્કાઓ પર શુદ્ધ સંસ્કૃતમાં લખાણ છે. ક્ષત્રપોના સિક્કાઓમાં દેશી અને વિદેશી બંને પદ્ધતિનું મિશ્રણ જોવા મળે છે. સિક્કાઓ ઉપર મુખાકૃત, અક્ષરો, આકરા, તોલ વગેરે ગ્રીક અસર સૂચવે છે તો સંસ્કૃત-પ્રાકુત ભાષા, બ્રાહ્મી લિપિ અને પર્વત, નદી, ચંદ્ર, સૂર્ય વગેરેનાં

પ્રતીકો ભારતીય અસરો સૂચવે છે. તેથી ભારતીય સિક્કાઓશાસ્ત્રનાં ઇતિહાસમાં તે મહત્વનું સ્થાન ધરાવે છે. ગુજરાતમાંથી ઉપરકોટ, વસોજ, સનાડિયા, જુનાગઢ મ્યુઝિયમ, અમરેલી, દેવની મોરી, દેવા, મોડાસા, આકોટા, કામરેજમાંથી સિક્કાઓના પ્રાપ્ત થયાં છે. શર્વ ભટ્ટાકર નામના રાજવીના સિક્કાઓ મોટા પ્રમાણમાં મળ્યા છે. જેના આગ્રભાગ પર રાજાનું ઉત્તરાંત અને પૃષ્ઠ ભાગ પર ત્રિશૂળનું ચિહ્ન જણાય છે. ક્ષત્રપ શાસનનાં અંત પછી અને મગધના ગુપ્ત સત્તાના પ્રસાર વચ્ચેના સમય દરમિયાન ગુજરતમાં શર્વ ભટ્ટારક નામના રાજ્યનું શાસન સ્થપાયું હોય એમ જણાય છે.

ગુપ્ત રાજવી ચંદ્રગુપ્ત `વિક્રમાદિત્યનું શાસન ગુજરાતમાં સ્થપાયું. તેણે ક્ષત્રપોના જેવાં ચાંદીના સિક્કાઓ પડાવ્યા. કુમારગુપ્ત અને સ્કંદગુપ્તના ચાંદીના સિક્કાઓ વિશેષ પ્રમાણમાં મળે છે. સિક્કાઓની વિવિધતા, શૈલી અને સંખ્યા જોતાં રાજ્યની જાહોજલાલી અને સમૃદ્ધિનો ખ્યાલ આવે છે. કુમારગુપ્તનાં સિક્કા પર ગ્રીક અસર જોવા મેં છે. સિક્કાના અગ્ર ભાગમાં ક્ષત્રપોના સિક્કા જેવી રાજાની મુખાકૃત, ગુપ્ત સંવત અને પાછળના ભાગમાં ગરુડની આકૃતિ અને પરમ ભાગવત મહારાજાધિરાજ શ્રી કુમારગુપ્ત મહેન્દ્રાદિત્ય લખેલું હોય છે. કેટલાક સિક્કા પર દેખાતા ગ્રીક અક્ષરો કેટલાક સિક્કાઓમાં જોવા મળતા નથી.

સ્કંદગુપ્તના સિક્કાઓમાં ગરૂડ, નંદી અને વેદીનું ચિહ્ન જોવા મળે છે. ગરૂડનાં ચિહ્ન  પરથી રાજધર્મનો ખ્યાલ આવે છે. હુણોના હુમલાના કારણે રાજ્યનો વેપાર ખોરવાતા આર્થિક સ્થિતિ નબળી પડી જેની અસર સિક્કાઓ પર પડી. પિતાનું કુમારગુપ્તનાં જેવાં સિક્કા પડાવનાર સ્કંદગુપ્તના સિક્કા પર રાજકીય અસર જોવા મળે છે. ગુપ્તોનું શાસન સ્થપાતા ક્ષત્રપ સિક્કાઓની અસર દૂર થઇ. ગ્રીક અક્ષરોનું સ્થાન બ્રાહ્મી લિપિ અને સંસ્કૃત ભાષાએ લીધું.
ત્રૈકુટક રાજવંશના પ્રાપ્ત થયેલાં સિક્કાના આધારે ઇન્દ્રદત્ત, દ્રહસેના, વ્યાઘ્રસેન વગેરે રાજાઓની જાણકારી મળે છે. આ રાજવીઓના સિક્કાઓમાં પણ ક્ષત્રપ સિક્કાઓની અસર જોવા મળે છે. આગળના ભાગમાં રાજાનું ઉત્તરાંગ અને ગ્રીક અક્ષરો અને પાછળના ભાગમાં ત્રિકૂટ પર્વત અને ચંદ્ર-સૂર્યનાં પ્રતિક અને સમુદ્ર કે નદી સૂચવતી એક રેખા છે. દ્રહસેનના સિક્કા પરના લખાણની ભાષા સંસ્કૃત છે. ગુપ્ત રાજવીઓની સત્તા મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હતી ત્યારે ત્રૈકુટક રાજવંશની સત્તા દક્ષિણ ગુજરાતમાં હતી.
મૈત્રકોના કોઈ આધારભૂત સિક્કાઓ ઉપલબ્ધ નથી. તેમના દાનશાસનમાં સિક્કાઓનો ઉલ્લેખ મળે છે. ધ્રુવસેના બાલાદિત્યનાં દાનશાસનમાં તિજોરીમાંથી રોજ એક રૂપક આપવાની જાહેરાત કરે છે. મૈત્રક રાજ્યના પ્રદેશોમાંથી વલભી નામે ઓળખાતા સિક્કાઓ વિપુલ પ્રમાણમાં મળે છે. જેમાં ત્રિશૂળ, પરશુની આકૃતિ જોવા મળે છે. આના ઉપરથી સિક્કા પડાવનાર રાજવી પ્રારંભમાં માહેશ્વર અને સમય જતાં ભાગવત સંપ્રદાય અપનાવ્યો હશે એટલે કે સિક્કાઓ ઉપરથી રાજ્યધર્મની માહિતી મળે છે.

અનુમૈત્રકકાલ દરમિયાન ગુજરાતમાં ચાંદીના અને તાંબાના સિક્કાઓ પ્રચલિત હતા. ચાંદીના સિક્કા દ્રમ્મનાનામે અને તાંબાના સિક્કાઓ સંભવતઃ ગધૈય સિક્કાના નામે ઓળખાતા હતા.

ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણકાળ ગણાતા સોલંકીકાળના રાજવીઓના કોઇ આધારભૂત સિક્કાઓ મળ્યા નથી. આ સમયના લેખો અને સાહિત્યમાંથી કેટલાક પ્રચલિત સિક્કાઓના નામ મળે છે. જેમ કે – નિષ્ક, બિસ્ત, દ્રમ્મ, ભાત્રક, રૂપક, કાકિણી, કાર્ષાપણ, પણ, પ્રસ્થ, શૂર્પ વગેરે લેખનપદ્ધતિમાં સોલંકી રાજવીઓના નામના દ્રમ્મનો ઉલ્લેખ મળે છે. દા.ત. ભીમપ્રિય દ્રમ્મ, કુમારપાળ પ્રિય, લુણસા પ્રિય, વીસલ પ્રિય વગેરે. ગણિતસારમાં ચલણ અંગેનું કોષ્ટક દર્શાવતો શ્લોક મળે છે. સોલંકી રાજવીઓના સિક્કાઓમાં નાં અને કોષ્ટક મળે છે પણ તેમના સિક્કાઓ મળતા નથી. આ અંગે વિદ્વાનોમાં મતમતાંતરો છે.

**2.6 શિલાલેખો** :

શિલાલેખોનો સમાવેશ અભિલેખોમાં થાય છે, તેથી પ્રથમ અભિલેખોનો અર્થ જાણવો જરૂરી છે. અભિલેખ એટલે કોઈ પણ પદાર્થ પર કોતરેલું લખાણ. ખડક, પથ્થર, પથ્થરનાં સ્તંભ, ગુફાની દીવાલ, પથ્થર કે ધાતુના દાબડા પર, તાંબાના પતરા પર અને માટીના વાસણ ઉપર લખાણને કોતરવામાં આવતું હતું. અભિલેખોમાં શિલાલેખો, સિક્કાલેખો, પ્રતિમાલેખો, તામ્રલેખો વગેરેનો સમાવેશ થાય છે. ઈતિહાસની માહિતી પૂરી પાડતા અભિલેખો મહત્વનું સાધન છે.

ગુજરાતના અભિલેખોમાં સૌથી પ્રાચીન મૌર્ય સમ્રાટ અશોકનો ગિરનારનો શિલાલેખ છે. જે જુનાગઢનાં દામોદર કુંડ પાસે આવેલા શૈલ (ખડક) પર ચૌદ ધર્મલેખો પ્રાકૃત ભાષામાં અને મૌર્યકાલીન બ્રાહ્મી લિપિમાં કોતરેલા છે. ઈ.સ. ૧૮૩૭માં જેમ્સ પ્રિન્સેપ નામના વિદ્વાને તેને ઉકેલ્યા. આ શિલાલેખોમાંથી અશોકની ધર્મભાવના અને રાજ્ય વિસ્તારણી માહિતી પ્રાપ્ત થાય છે. ક્ષહરાત ક્ષત્રપ વંશના રાજા નહપાનનાં સમયનાં એના સગા-સંબંધીઓના દાન વિષયક આઠ લેખો નોંધપાત્ર છે. એમાં દાન-ભૂમિદાન, ગૌદાન, સુવર્ણદાન, કન્યાદાન વગેરેની ઉપયોગી માહિતી પ્રાપ્ત થાય છે. આ લેખો નાસિક અને પૂર્ણ જિલ્લામાં આવેલી ગુફાઓમાં કોતરેલાં છે. સમ્રાટ અશોકના ગિરનારના શિલાલેખની બીજી બાજુએ રાજા મહાક્ષત્રપ રુદ્રાડામાં પહેલાનો કોતરેલો લેખ મહત્વનો છે. મહાક્ષત્રપ રૂદ્રદામાના જુનાગઢનો શીલાલેખ સંસ્કૃત ગદ્યમાં અને ક્ષત્રપ કાલીન બ્રાહ્મીલિપિમાં કોતરાયેલો છે, લેખનો મુખ્ય વિષય સ્થાનિક પુર્ત=કાર્યને લાગતો છે. ગિરિનગરનાં સુદર્શન જળાશયનો સેતુ (બંધ)તૂટી ગયો જે એના આનર્ત-સૌરાષ્ટ્રનાં રાજ્યપાલ સુવિશાખે સમરાવ્યાનો ઉલ્લેખ છે. આ લેખમાંથી એ પણ જાણવા મળે છે કે આ `સુદર્શન તળાવ મોર્ય ચંદ્રગુપ્તનાં રાષ્ટ્રીય (રાજ્યપાલ) વૈશ્ય પુષ્પગુપ્તે બંધ બાંધીને કરાવ્યું હતું. સમ્રાટ અશોક મૌર્યના રાષ્ટ્રીય (રાજ્યપાલ) યવનરાજ તુષાસ્ફે તેમાંથી નહેરો કઢાવી હતી. સુરાષ્ટ્ર પર મગધના મૌર્યનું શાસન પ્રવર્તતું હતું. તેની જન્કરિઆ શિલાલેખ દ્વારા થઇ. જેણે અશોકના ગિરનારના શિલાલેખો દ્વારા સમર્થન મળ્યું.

કચ્છના અંધૌમાંથી વર્ષ પર (બાવન) ના ચાર યષ્ટિલેખો (લષ્ટિલેખો કે મૃત્યુલેખો) રાજા ચાષ્ટન અને રાજા રુદ્રદામાના રાજ્યકાળના પ્રાપ્ત થયા છે. જેમાં રાજાઓના રાજ્યકાળ વિશે, તે

સમયના ગોત્રો વિશે અને વ્યકિતઓના નામની માહિતી પ્રાપ્ત થાય છે. ચાષ્ટનના અંધૌમાંથી વર્ષ 11 ના અને દોલતપુરમાંથી વર્ષ 6ના મળેલા યષ્ટિલેખો પરથી શકસંવત ચાષ્ટનના રાજ્યકાળથી શરૂ થયો હોવો જોઈએ એટલે કે આ લેખો શક સંવતનાં પ્રવર્તક ઉપર પ્રકાશ પાડે છે. રાજા રુદ્રદામા (પહેલા)ના સમય, મહાક્ષત્રપ રુદ્રસિંહના સમયનાં યષ્ટિલેખોમાંથી રાજાઓના નામ, વ્યકિતઓના નામ પ્રાપ્ત થાય છે. રાજા રુદ્રસિંહ પહેલાના સમયના ચાર શિલાલેખોમાં શક વર્ષ 103 નો ગુંદાનો શિલાલેખ પૂર્તકાર્યને લગતો સૌથી પ્રાચીન છે. જેમાં આભીર સેનાપતિ રુદ્રભૂતિએ વાવ ખોદાવી અને બંધાવી એમ જણાવ્યું છે. શામળાજી પાસે બૌદ્ધ સ્તૂપમાંથી શૈલ સમુદ્રગક (પથ્થરનો દાબડો) પરનો લેખ સંસ્કૃત પદ્યમાં છે જે સ્તૂપની અને અસ્થિપાત્રની સ્થાપનાની માહિતી આપે છે. સમ્રાટ અશોક અને ક્ષત્રપ રુદ્રદામનો લેખ ધરાવતા શૈલ પર કોતરેલો ત્રીજો લેખ ગુપ્ત સમ્રાટ ચંદ્રગુપ્તના સમયનો છે. જે ગુપ્તકાલીન સંસ્કૃત પદ્યમાં લખાયેલો છે. જે સુદર્શનન્નો સેતુ (બંધ) ગુપ્ત સંવત 136 (ઈ.સ.455) માં તૂટી જટા સમરાવ્યાનો છે. ભારે પૂર અને અતિવૃષ્ટિ થવાથી સેતુ તૂટી જતા સમ્રાટ સ્કંદગુપ્તના ગિરિનગરના નગરપાલક ચક્રપાલિકે બીજે વર્ષે સમરાવ્યું અને ચક્રભૂત વિષ્ણુનું મંદિર બંધાવ્યું. આ શિલાલેખોમાં ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્તની આપવામાં આવેલી માહિતી મહત્વપૂર્ણ છે.

સોલંકીકાળનો ઈતિહાસ જાણવા માટે અભિલેખિત સાધનસામગ્રીમાં શિલાલેખો, પ્રતિમાલેખો અને તામ્રપત્રો વિપુલ સંખ્યામાં મળે છે. શિલાલેખો પરથી રાજ્ય વિસ્તાર, મંદિર નિર્માણ, પુનઃનિમાર્ણ, વિસ્તરણ, મહંતો, સંપ્રદાયો, દેરાસરો, કિલ્લાઓ, મસ્જિદ વગેરેની માહિતી મળે છે. દા.ત. સિદ્ધરાજના ભદ્રેશ્વર, દાહોદ, ભિનમાલ, કીરડુ, બાલી વગેરેના શિલાલેખો તેના રાજ્યવિસ્તારની માહિતી આપે છે. ગુજરાત બહારના માળવા, મેવાડ, મારવાડ સુધી સોલંકીઓના આધિપત્યની પ્રતીતિ થાય છે. પ્રભાસ પાટણમાં મળેલા શિલાલેખો પરથી સોમનાથના મંદિરના નિર્માણ, પુનઃનિર્માણ, વિસ્તરણોની અને મહંતોની માહિતી પ્રાપ્ત થાય છે. જેમાં ભીમદેવ `પહેલા, કુમારપાલ, ભીમદેવ બીજાના સમયમાં નિર્માણ, પુનઃનિર્માણ અને મહંત ભાવ બૃહસ્પતિ, વિશ્વેશ્વરરાશી વગેરેનો ઉલ્લેખ જોવા મળે છે. ગિરનાર અને શત્રુંજ્ય પરના શિલાલેખો પરથી વસ્તુપાલ તેજપાળે બંધાયેલા ધર્મસ્થાનોની માહિતી મળે છે. આબુ પર્વત પર દેલવાડામાં પત્ની અનુપમાદેવી અને પુત્ર લુણસિંહના શ્રેય માટે તેજપાલે નેમિનાથ દેવનું ચૈત્ય બંધાવ્યું હતું. આ મંદિરના વહીવટ માટે ટ્રસ્ટીઓ નિમવામાં આવ્યા હતા અને ઉજવવાના ઉત્સવોના નિયમોની માહિતી આપી છે. સારંગદેવના સમયમાં શિલાલેખોમાંથી ચિંતામણી પાશ્વનાથ મંદિરના દાતાની અને સંભાળ રાખનાર શ્રાવકોની માહિતી આપી છે. પૂજા-નૈવેધ, પ્રેક્ષણક નિમિતે અને નિત્ય પંચોપચાર પુજાના ખર્ચ માટે વિવિધ લાગા બાંધી આપવાની માહિતી રાજા સારંગદેવના સમયમાં અને માંગરોળના શિલાલેખોમાંથી મળે છે. કેટલાંક શિલાલેખોમાં મંદિરો અને કિલ્લા ઈત્યાદિને લગતી પ્રશસ્તિઓનો સમાવેશ થાય છે. દા.ત. રાજા કુમારપાળે વડનગરને ફરતો કોટ કરાવ્યો તે વિશે કવિ શ્રીપાળે રચેલી પ્રશસ્તિ, વીસલદેવના સમયમાં ડભોઇનાં વૈદ્યનાથ મંદિરની પ્રશસ્તિ કવિ સોમેશ્વર દેવે રચેલી. રાજા અર્જુન દેવના સમયમાં ખોજા નાખુદા નુરૂદ્દીન પીરાજ મસ્જિદ બંધાવી હતી. તેના નિભાવ માટે કેરેલી

જોગવાઈની માહિતી વેરાવળ-પાટણનાં અરબી અને સંસ્કૃતના લેખોમાંથી મળે છે. ધાતુ અને પાષણ પ્રતિમા- ઉપરના લેખોમાંથી પ્રતિમાનાં દાતા, પ્રતિષ્ઠા કરનાર સૂરી, પ્રતિષ્ઠા, સમય વગેરની  માહિતી મળે છે.

સોલંકીવાસ કાલીન મળેલા તામ્રપાત્રોમાંથી રાજાના બિરૂડો, અધિકારીઓ, વહીવટી વિભાગો, નવા બંધાયેલા ગામો અને મંદિરોની પ્રમાણભૂત માહિતી મળે છે. તામ્રપાત્રોના આધારે મૈત્રકકાળનો ઈતિહાસ જાણી શકાયો છે.

- **તમારી પ્રગતિ ચકાસો.**

**(ચ) નીચેનાં વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

(1) ક્ષત્રપોના સિક્કામાથી દેશી અને વિદેશી એમ બંને પદ્ધતિનું મિશ્રણ જોવા મળે છે.

(2) મૈત્રક રાજ્યના પ્રદેશમાંથી પંચમાર્ક નામે ઓળખાતા સિક્કાઓ વિપુલ પ્રમાણમાં મળે છે.

(3) સુવર્ણયુગીના સોલંકીકાળના રાજવીઓના સિક્કાઓ પુષ્કળ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે.

**(છ) સ્વાધ્યાય** :

(1) ક્ષત્રપકાલીન સિક્કાઓ વિશે નોધ લાખો.

____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________

(2) ઈતિહાસ જાણવાના સાધન તરીકે શિલાલેખોનું મૂલ્યાંકન કરો.

____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________

## 2.7 સારાંશ :

આ પ્રકરણમાં ગુજરાતનો ઈતિહાસ જાણવાના સાધનોની જાણકારી મેળવી. પ્રાગ:ઐતિહાસિકકાળથી શરૂ કરી સોલંકીકાળ સુધીનો ગુજરાતનો ઈતિહાસ જાણવા માટેના સાધનો વિવિધ અને વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત થયાં છે. જેમાં અલિખિત અને અભિલેખિત સાધનોનો સમાવેશ થાય છે. આ સાધનો દ્વારા ગુજરાતનો રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક ઈતિહાસ જાણી શક્યો છે.

## 2.8 શબ્દાવલી:

- યષ્ટિલેખો: મૃત્યુ પામેલા વ્યક્તિની યાદગીરીમાં પથ્થર લોટ પર  કોતરવામાં  આવતા લેખો. લષ્ટિલેખો કે મૃત્યુલેખો.
- શૈલ સમુદ્રગક-પથ્થરનો દાબડો

- ગુફાલેખ – ડુંગરમાં કંડારેલી ગુફાની દિવાલ પર કોતરેલા લેખ
- શિલાલેખ : શિલા (પથ્થર) પર કોતરેલા લખાણ
- પ્રતિમાલેખ : પ્રતિમાની બેસણી કે પીઠ પર કોતરેલા લેખ
- મૃત્પાત્ર કે મૃદ્ભાંડ લેખ- માટીના વાસણો પર કોતરેલા લેખ
- તામ્રપત્ર – દાનશાસન લેખ – કોતરેલા તાંબાના પતરા
- પૂર્તનિર્માણ - દેવાલય, વાવ , કૂવા, તળાવ વગેરે સાર્વજનિક પરમાર્થ બાંધકામનું નિર્માણ

---

**2.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.**

---

(ખ) નીચે આપેલા વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.

(1) ખરું (2) ખોટું (3) ખરું

**(ઘ) જોડકા જોડો.**

| | |
|---|---|
| (1) વિરામગામ | (આ) મુનસર તળાવ |
| (2) ધોળકા | (ઈ) મલાવ તળાવ |
| (3 ) પાટણ | (અ) રાણકી વાવ |

**(ચ) નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

(1) ખરું (2) ખોટું (3) ખોટું

---

**2.10 સંદર્ભસૂચિ :**

---

1. રસિકલાલ છોટાલાલ પરીખ અને હરિપ્રસાદ શાસ્ત્રી : ગુજરાતનો રાજકીયઅને સંસ્કૃતિક ઈતિહાસ ભાગ – 1 થી 4
2. શાસ્ત્રી હરિપ્રસાદ : ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ
3. શાસ્ત્રી હરિપ્રસાદ : મૈત્રકકાલીન ગુજરાત ભાગ -૧-૨
4. જમીનદાર રશેસ –ક્ષત્રપકાલીન ગુજરાત
5. આચાર્ય ન. આ. : ગુજરાતનો સોલંકીકાલીન ઈતિહાસ
6. આચાર્ય ન. આ. : ગુજરાતના સિક્કાઓ
7. શાસ્ત્રી હરિપ્રસાદ : ગુજરાતના પ્રાચીન ઈતિહાસની સાધન સામગ્રી
8. શાસ્ત્રી હરિપ્રસાદ : ભારતીય અભિલેખ વિદ્યા
9. મુનશી કનૈયાલાલ માણેકલાલ : ગુજરાતની કીર્તિગાથા
10. સાંકળિયા હસમુખ : પૂરાતત્વમાં ગુજરાત
11. ધારૈયા આર. કે. અને અન્ય – ગુજરાતનો ઈતિહાસ

| એકમ-03 | ગુજરાતનો પ્રાગ ઈતિહાસ-કોઢ, પેઢામલી અને લાંઘણજના સંદર્ભમાં |
|---|---|

રૂપરેખા

3.0 ઉદ્દેશો
3.1 પ્રસ્તાવના તથા ગુજરાતનો ભૌગોલિક પરિચય
3.2 ભૂસ્તર રચના
3.3 પ્રાગ ઈતિહાસ
3.3.1 પુરાવસ્તુકીય અન્વેષણો
3.3.2 પ્રાગ-ઐતિહાસિક સંસ્કૃતિઓ
3.3.2.1 આદ્ય પ્રાચીન પાષણયુગ
3.3.2.2 મધ્ય પ્રાચીન પાષણયુગ
3.3.2.3 અંત્ય પ્રાચીન પાષણયુગ
3.3.2.4 નૂતન પાષણયુગ
3.4 સારાંશ
3.5 ચાવીરૂપ શબ્દો
3.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ
3.7 કેટલાક ઉપયોગી પુસ્તકો

**3.0 ઉદ્દેશો :**

આ એકમ શીખ્યા પછી તમે જાણી શકશો કે

- ગુજરાતના ભૌગોલિક સ્થાનની સાથે તેની શરૂઆતની ભૂસ્તર રચના અને એમાં થતાં ફેરફારો.
- સૌ પ્રથમ યોનિ અને માનવ યોનિનો ઉદ્દગમ.
- ગુજરાતમાં પ્રાગ-ઐતિહાસિક સમયની શરૂઆત અને અનુક્રમે જોવા મળતો વિકાસક્રમ
- તેઓના વપરાશના ઓજારો અને તેના પરથી જાણવા મળતો બદલાતો ઈતિહાસક્રમ

**3.1 પ્રસ્તાવના તથા ગુજરાતનો ભૌગોલિક પરિચય :**

ભારતમાં 28 રાજ્યો અને રાષ્ટ્રીય પાટનગર વિસ્તાર દિલ્હી સહિત 8 કેન્દ્રશાસિત પ્રદેશો છે. 1લી મે, 1960ના રોજ ભારતના 17 રાજયોમાંના એક એવા અલગ ગુજરાત રાજયની સ્થાપના થઇ. ભારતના આ 29 રાજ્યોમાં આર્થિક વિકાસની દૃષ્ટિએ દ્રિતીય ક્રમે આવતું ગુજરાત રાજ્ય આર્થિક,સામાજિક,સાંસ્કૃતિક અને રાજકીય દ્રષ્ટિએ એક અગ્રગણ્ય રાજ્ય છે.આજે ખુબ જ વિકાસ પામેલ ગુજરાતના પ્રદેશનો ઈતિહાસ પણ રસપ્રદ છે. ગુજરાતની હદ અત્યારે છે તે પ્રમાણે જ ભૂતકાળમાં હંમેશા ન હતી. રાજકીય પરિવર્તન અનુસાર ગુજરાતના વિસ્તારમાં જુદા જુદા સમયે વધઘટ થતી રહી છે. ભારતનો જે ભૂમિપ્રદેશ હાલ ગુજરાત તરીકે ઓળખાય છે તે ભારતના પશ્ચિમ

ભાગમાં આવેલો હોઈ પશ્ચિમ ભારતની અંતર્ગત ગણાય છે. આ પ્રદેશ અરબ સાગરના કિનારે 20°.6' ઉત્તર અક્ષાંશવૃતથી 24°.07' ઉત્તર અક્ષાંશવૃત્ત અને 68°.10' પૂર્વ રેખાંશવૃતથી 74°.28' પૂર્વ રેખાંશવૃત્તની વચ્ચે આવેલું છે.

તેની ઉત્તરે મારવાડ (રાજસ્થાન), ઉત્તર પૂર્વે મેવાડ (રાજસ્થાન), પૂર્વે માળવા (મધ્યપ્રદેશ) અને ખાનદેશ (મહારાષ્ટ્ર), દક્ષિણ પૂર્વે મહારાષ્ટ્રનો નાસિક જીલ્લો, દક્ષિણે કોકણ (મહારાષ્ટ્ર) અને પશ્ચિમે અરબી સમુદ્ર આવેલો છે, જયારે ઉતરે પશ્ચિમે સિંધ (પશ્ચિમ પાકિસ્તાન) આવેલો છે.

ગુજરાતના વિસ્તારની દૃષ્ટીએ જોઈએ તો, ગુજરાતનું કુલ ક્ષેત્રફળ 1,96,024 ચોરસ કિલોમીટર જેટલું છે. જે દેશના કુલ વિસ્તારના 5.96 ટકા જેટલું થાય છે. ગુજરાતનો રાજ્યનો વિસ્તારની દૃષ્ટિએ સાતમો જયારે વસ્તીની દ્રષ્ટિએ 10મો ક્રમ આવે છે. ગુજરાતની વસ્તી ગણતરી અનુસાર કુલ વસ્તી ગણતરી અનુસાર કુલ વસ્તી 6,04,39,692 હતી. જે દેશની કુલ વસ્તીના 4.99 ટકા જેટલી થાય છે.

ગુજરાત કચ્છ, સૌરાષ્ટ્ર, તટ (મધ્ય) ગુજરાત, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત એવા કુદરતી એકમો તરીકે અલગ તરી આવે છે.આમ, સ્થાન, વિસ્તાર,સીમા અને ઐતિહાસિકતાને લગતા કેટલાક આગવા લક્ષણોને કારણે તે ભારતના નકશામાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તો આવો આપણે ગુજરાતની ભૂમિની પ્રારંભિક અવસ્થાથી એનો પરિચય મેળવીએ.

## 3.2 ભૂસ્તર રચના :

ગુજરાતની ધરતી સપાટી નીચે જે જુદા જુદા ભૂસ્તર મળ્યા છે તે ભૂસ્તરો આ મુજબ છે :

1 આદ્ય કે અજીવમય યુગનો સ્તર

2 પ્રથમ કે પ્રાચીન જીવમય યુગના સ્તર

3 દ્વિતીય કે મધ્ય જીવમય યુગના સ્તર

4 તૃતીય કે નૂતન જીવમય યુગના સ્તર

5 અનૃ-તૃતીય કે ચતુર્થ માનવજીવમય યુગના સ્તર

આદ્ય કે આજીવમય યુગ સર્વેથી પ્રાચીન હોઈ Archaean (પુરાતન કે આદ્ય) તરીકે ઓળખાય છે. તે પૃથ્વીના ધગધગતા પેટાળ પર બંધાયેલ પહેલો સ્તર હોવો સંભવે છે . આ સ્તરના આદ્ય વિભાગમાં નાઈસ (Gneiss) નામે પાષણ-પડ મળે છે. આદ્ય સ્તરનો અંત્ય વિભાગ ભારતના ભૂસ્તર શાસ્ત્રમાં "ધારવાડ વર્ગ" તરીકે ઓળખાય છે. આ વર્ગના સ્તર બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ અને વડોદરા જીલ્લાઓમાં મળે છે. આ આદ્ય યુગ દરમ્યાન જીવસૃષ્ટિની ઉત્પત્તિ થઇ ન હતી, આથી એને અજીવમય (Azoic) પણ યુગ ગણવામાં આવે છે. પ્રથમ જે પ્રાચીન જીવમય યુગના સ્તરના અવશેષોમાં જીવસૃષ્ટિનો સંચાર થયેલ માલૂમ પડે છે. જીવયોનિના અવશેષો ધરાવતા સ્તરોના ચાર યુગમાં આ પહેલો યુગ "પ્રાચીન જીવમય યુગ"માં જીવયોનીની ઉત્પતિ થઇ. ભારતના ભૂસ્તરશાસ્ત્રમાં આ યુગના "દિલ્હી વિભાગ" તરીકે ઓળખાતા સ્તર ગુજરાતમાં દાંતા, પાલનપુર

અને ઇડરની આસપાસ મળે છે.આ યુગના સ્તરોમાં આદ્ય માંસમય પ્રાણીઓના અશ્મીભૂત અવશેષો પ્રાપ્ત થાય છે.

દ્વિતીય કે મધ્ય જીવમયયુગના બે વિભગના સ્તર મળે છે. જુરાસિક વિભાગના સ્તર કચ્છ અને સૌરાષ્ટ્રમાં આવેલા છે. આ સ્તરના સમયે દક્ષિણ ભારત, આફ્રિકા અને ઓસ્ટ્રેલીયા સાથે જોડાયેલું હતું, જયારે ઉત્તર ભારતની ઘણી ભૂમિ યુરોપિયન મહાસાગરમાં ડૂબેલી હતી. ગોડવાના ખંડ તરીકે ઓળખાતા આ ખંડના સમયની જીવસૃષ્ટિના અવશેષો કચ્છમાં ઠેકઠેકાણે મળ્યા છે. સૌરાષ્ટ્રમાં ધ્રાંગધ્રા અને વઢવાણ પાસે પણ મળ્યા છે. આ સ્તરમાં વિવિધ વનસ્પતિ તથા પ્રાણીઓના અશ્મીભૂત અવશેષોનો સમાવેશ થાય છે. "ગોંડવાના યુગ" પૂરો થતાં ઉત્તરનો યુરોપ-એશીયાઇ સમુદ્ર ફરી એકવાર કચ્છ, સૌરાષ્ટ્ર અને નર્મદા ખીણમાં છેક અંદર સુધી ફરી વળ્યો હતો. એ પછીનો સ્તર મુખ્યત્વે નર્મદા ખીણમાં અને ઉત્તરમાં વાડાસીનોર સુધી પથરાયા છે. સાબરકાંઠા, પંચમહાલ અને ભરૂચ જીલ્લામાં તથા ખેડા જીલ્લાના અમુક ભાગમાં એ ખાસ જોવા મળે છે છતાં સ્તરમાં ઉદરસર્પી પ્રાણીઓ, સર્પો, મગરો, કાચબો, માછલા વગેરે જળચર પ્રાણીઓના તથા નરમ માંસમય પ્રાણીઓના પરવાળાના અસ્મીભૂત અવશેષ મળે છે.

મધ્ય જીવમય યુગના અંતે ગુજરાત સહીત સમસ્ત પશ્ચિમ ભારતમાં ભયંકર આગ્નેય ક્ષોભ થયો. ભૂગર્ભમાંથી ધગધગતો રસ (લાવા) ચીરા અને ફ્રોટો વાટે બહાર નીકળી સેકડો મીટર જાડા સપાટ પગથીદાર સ્તરોમાં પથરાયો. એનો દેખાવ પગથીયા જેવા હોવાથી એને "ટ્રેપ" કહેવામાં આવે છે. ભારતના ભૂસ્તાશાસ્ત્રમાં અને "ડેક્કન ટ્રેપ" તરીકે ઓળખવામાં આવે છે. આ તૃતીય કે નૂતન જીવમય યુગ હતો. એના આરંભિક સ્તર સૌરાષ્ટ્રમાં તથા ગુજરાતના પૂર્વ સીમાડા પર મળે છે. ગીરનાર અને પાવાગઢ આ જ્વાળામુખી ઉદ્દભેદનોમાંથી ઉત્પન્ન થયેલા છે. વળી ફરી સમુદ્રના નીર ગુજરાતના પશ્ચિમ ભાગ પર ફરી વળ્યો. એની નિશાની ખંભાતના અખાતની બંને બાજુએથી મળે છે. અકીક અને તેલના ખનીજ આ સ્તરમાંથી પ્રાપ્ત થાય છે. રતનપુર (રાજપીપળા) ના અકીક આ સ્તરની ખાણોમાંથી નીકળે છે. સમુદ્રના નીર પાછા ફરતા જે જમીન પછી ઉપસી આવી. તેમાં જાત-જાતના હાથીઓ, વાગોળનારા પ્રાણીઓ, હરણો, જિરાફ, ડુક્કર અને હિંસક શિકારી પ્રાણીઓ, વસતા હતા. આ છીપોલીવાળા સ્તર સુરત જીલ્લમાં, ભરૂચ જીલ્લામાં અને ખંભાતની અખાતની બંને બાજુએ (વડોદરા અને ભાવનગર પાસે) આવેલી છે. પશ્ચિમ સૌરાષ્ટ્રમાં ઓખા પાસે એ વિશેષ જોવા મળે છે. આ યુગના અંતભાગમાં ભૂતળ-રચનામાં બે ભારે ફેરફાર થયા.દક્ષિણના ગોડવાના ખંડનો મોટા ભાગ નીચે બેસી ગયો, એના પર સમુદ્રના નિર ફરી વળ્યા. ભારત આફ્રિકાથી તદ્દન છુટ્ટ પડી ગયું. વચ્ચે અરબી સમુદ્ર અસ્તિત્વમાં આવ્યો. ઉત્તરના યુરોપ-એશીયાઇ સમુદ્રનું તળિયું ઉંચે ઉપસી આવ્યું, જેમાંથી હિમાલય પર્વત ઉંચે આવવા લાગ્યો. આ યુગના અંત્ય ભાગમાં વર્તમાન જીવયોનીઓનું અધિકત્તર પ્રમાણ રહેલું હોઈ એને "આધુનીક અધિકત્તર" (Pliocene) યુગ કહે છે. અ યુગમાં સસ્તન પ્રાણીઓનો વિકાસ થયો.

અનુ-તૃતીય કે ચતુર્થ માનવજીવમય યુગના પહેલા વિભાગને "આધુનિક-અધિકતમ (Pleistocene) યુગ" કહે છે. કેમ કે એમાં વર્તમાન જીવયોનીઓના અવશેષ સહુથી વધુ પ્રમાણમાં મળે છે. વળી માનવના પ્રાદુર્ભાવના ચિહ્નો આ યુગમાં દેખાય છે. આ યુગ દરમ્યાન ઉત્તર ગોળાર્ધમાં એકાંતરે ઠંડી આબોહવા અને પછી સરખામણી ગરમ આબોહવામાં વારાફરતી સાતેક વાર પરિવર્તન થયાં. ઠંડીના યુગને "હિમયુગ (Glacial age)" કહે છે અને બે હિમયુગો વચ્ચેના યુગને "અન્તહિમ યુગ (inter-glacial age)" કહે છે. આ યુગમાં માનવદેહના અવશેષો ન મળતાં માનવકૃત હથિયારોના અવશેષો પ્રાપ્ત થાય છે અને ગુજરાતમાં જૂનામાં જૂના નમુના બીજા હિમયુગના કે બહુ તો બીજા અન્તહિર્મ યુગના સ્તરોમાં મળે છે. દક્ષિણ ગુજરાતની કાળી જમીન, અર્વાચીન નદીઓનો કાંપ અને ઉત્તર ગુજરાતના અખાતોના પરણ એ અ યુગના લક્ષણો છે.

આમ, ધરતીના લાંબા ઈતિહાસમાં માનવનો ઈતિહાસ છે ક આજકાલનો લાગે છે તથા ગુજરાતમાં માનવના પ્રદુભાવ પછી તેના ભૂસ્તર-પરિવર્તન ઘણા જૂજ જોવા મળે છે.

**તમારી પ્રગતિ ચકાશો.-ક**

**1.** ગુજરાતની ભૂગોળ વિષે ચર્ચા કરો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**2.** ડેક્કન ટ્રેપ એટલે શું?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 3.3 પ્રાગ ઈતિહાસ :

માનવ કઈ સંસ્કૃતિના છેક ઉદ્દગમકાલથી લેખનકલા જાણતો ને પ્રયોજતો થયો ન હતો. સંસ્કૃતિના શરૂઆતના હજારો વર્ષોનો વૃતાંત અ-લેખિત રહ્યો છે. એ કાલની સંસ્કૃતિના વૃતાંત માટે અન્ય સમકાલીન સાધનો દ્વારા કેટલીક રૂપરેખાત્મક માહિતી મળે છે, જેમાં લેખિત ઉલ્લેખોના અભાવે કોઈ માનવવિશેષો, સ્થળવિશેષો કે ઘટના વિશેષોની સંજ્ઞાપૂર્વક વિગતો પૂરી શકાતી નથી; આથી સંસ્કૃતિના આ પ્રાગ - અક્ષરજ્ઞાન કે નીર-અક્ષરજ્ઞાન કાળને "પ્રાગ - ઐતિહાસિક કાળ તરીકે ઓળખવામાં આવે છે. પ્રાગ - ઐતિહાસિક કાળના ઉપલબ્ધ વૃતાંતને "પ્રાગ-ઈતિહાસ" કહે છે પ્રાગ-ઐતિહાસિક વસવાટના સ્થળ નદી અને તળાવ જેવા જળાશયો પાસે ખાસ કરીને મળે છે.

મિત્રો, ઐતિહાસિક કાલની સરખામણીએ પ્રાગ- ઐતિહાસિક કાળ ઘણો લાંબો છે. ભારતમાં ઐતિહાસિક કાલ છેલ્લા પાંચેક હાજર વર્ષોનો છે, જયારે પ્રાગ- ઐતિહાસિક સમય પટ અઢીથી પાંચ લાખ વર્ષ જેટલો વિસ્તૃત છે. આથી જ પ્રાગ- ઐતિહાસિક કાલને "યુગ" સંજ્ઞા આપવામાં આવે છે.

### 3.3.1 પુરાવસ્તુકીય અન્વેષણો :

વિદ્યાર્થી મિત્રો, આપણે આગળ જોયું કે પ્રાગ- ઐતિહાસિક સંસ્કૃતિમાં પ્રાગ-અક્ષરજ્ઞાન કે નીર અક્ષરજ્ઞાન હોવાથી એમાં કોઈ લિખિત કે અભીલિખિત સામગ્રીની અપેક્ષા રહેતી નથી. આ સંસ્કૃતિના વૃતાંતનો સર્વ આધાર એ કાલની પુરાવસ્તુકીય સાધન સામગ્રી પર રહેલો છે. આ પુરાવાસ્તુકીય સાધન સામગ્રીમાં મુખ્યત્વે માનવે ઘડેલા પાષણના હથિયારો, માનવોના અને માનવોની સાથે સંકળાયેલા પ્રાણીઓના દેહાવશેષ, માનવે ઘડેલા વાસણો, માનવે કંડારેલા ચિત્રાકનો વગેરે સામગ્રીનો સમાવેશ થાય છે. આ સામગ્રી મુખ્યત્વે સ્થળ તપાસ દ્વારા અને કેટલાક અંશે ઉત્ખન્ન દ્વારા મળી હોય છે.

આ બધી જ સામગ્રીની શોધ કેટલીક વાર અનાયાસ કે અકસ્માત થતી હોય છે અને આ શોધ કેટલીક વાર અન્ય ક્ષેત્રના માણસો દ્વારા થતી હોય છે પરંતુ આ અવશેષોણો પ્રાગ-ઈતિહાસ તથા ઈતિહાસની પ્રમાણિત સાધન-સામગ્રી તરીકે ઉપયોગ કરવા માટે પુરાવસ્તુવિદ્યાના જાણકારો આ અવશેષો સાથે પધ્ધતિસરની શોધ, સ્થળ તપાસ, ઉત્ખનન અને વૈજ્ઞાનિક પદ્ધતિના એના અભ્યાસ પરથી તર્કશુધ્ધ અનુમાનો તારવે ત્યારે એ પ્રમાણિત નીવડે છે.

પ્રાગૈતિહાસિક સંસ્કૃતિઓના અદાજીત સમયાંકન માટે અનેકવિધ પધ્ધતિઓ પ્રયોજાય છે. એમાં સી-14 ની પધ્ધતિ સહુથી વધુ પ્રચલિત છે. એમાં મૃત વનસ્પતિ તથા પ્રાણીઓના અવશેષોમાં સી-14 સંજ્ઞા ધરાવતા કાર્બનના ઘટાડાનો આધાર લેવામાં આવે છે. વળી અસ્થીઓ અશ્મીભૂત થવાનો વેગ તથા ધાતુને કાટ લાગવાનો વેગ પણ આમા ઉપયોગી નીવડે છે. વિવિધ સ્થળોએ મળેલ પદાર્થોમાં રૂપસામ્ય તથા સ્તરવિદ્યા પણ સમયાંકન માટે કામ લાગે છે.

### 3.3.2 પ્રાગ- ઐતિહાસિક સંસ્કૃતિઓ :

પ્રાગ- ઐતિહાસિક કાળમાં માનવ-કૃત ટકાઉ ચીજો મુખ્યત્વે પાષણની ઘડવામાં આવતી, આથી એ યુગને “પાષણયુગ” કહે છે. એ ચીજોમાં મુખ્યત્વે હથિયારોનો સમાવેશ થાય છે. પાષણના હથિયારો ઘડવાની જુદી-જુદી હુન્નર પધ્ધતિ પરથી પાષણયુગની સંસ્કૃતિના જુદા-જુદા તબક્કા જાણવા મળે છે અને એ અનુસાર પાષણયુગના જુદા-જુદા વિભાગ પાડવામાં આવે છે. આમ, પ્રાગ- ઐતિહાસિક કાલ આ પાષણયુગનો બનેલો છે.

મિત્રો, આપણે જોયું કે તેની પાષણની ચીજવસ્તુઓ ઘડવાની હુન્નર પધ્ધતિઓ સમય મુજબ બદલાતી રહી અને આ બદલાતી રહેતી હુન્નર પધ્ધતિ અને સંસ્કૃતિ તેનો સમય નિર્દેશિત કરે છે. આના આધારે આ યુગના બે ભેદ પાડવામાં આવ્યું છે. પ્રાચીન પાષણયુગ અને નૂતન પાષણયુગ. કેટલાક આ બે પાષણયુગના વચ્ચે મધ્ય પાષણયુગ નામે ત્રીજો યુગ પણ ઉમેરે છે. વળી, પ્રાચીન પાષણયુગના આદ્ય, મધ્ય અને અંત્ય એવા ત્રણ તબક્કા પાડવામાં આવ્યા છે.

#### 3.3.2.1 આદ્ય પ્રાચીન પાષણયુગ:

Pale - પ્રાચીન અને lith - પાષાણ

આમ, અંગ્રેજીમાં પ્રાચીન પાષણ યુગને paleltithic age કહેવામાં આવે છે.

ગુજરાતમાં પ્રાગ- ઐતિહાસિક યુગના પ્રાચીન પાષણયુગનાં ઓજાર પહેલા વહેલા ઈ.સ. 1893માં (હાલનાં મહેસાણા જિલ્લાના) વિજાપુર તાલુકામાં કોટ અને પેઢામલી ગામ પાસે સાબરમતીનાં કાંઠામાં મળેલાં. આની શોધ સૌ પ્રથમવાર રોબર્ટ બ્રુસ ફ્રૂટ નામના વ્યક્તિએ કરી. રોબર્ટ બ્રુસ ફ્રૂટ ભૂસ્તર શાસ્ત્રી તરીકે હિંદ સરકારની સેવામાંથી નિવૃત થયા બાદ વડોદરા રાજ્યની સેવામાં જોડ્યા. અહી રાજ્યનું આર્થિક દ્રષ્ટિએ ભૂસ્તર નિરીક્ષણ કરતા હતા, ત્યારે એમને ત્યાંના સાબરમતી પટમાં સાદોલિયા (તા.પ્રાંતિજ) ગામની સામે આવેલા અનોડીયા કોટ નામના સ્થળે હાથે ઘડેલા પથ્થરના બે હથિયાર અને પેઢામલી પાસે એવું એક હથિયાર મળેલું. આગળ જતાં 1941માં આવા ઓજાર એ જ પ્રદેશમાં લાંઘણજ ગામ પાસે મળ્યાં અને તે પણ નદીના આદ્યપટમાં.

સાબરકાંઠા અને મહેસાણા જિલ્લામાં સાબરમતી પણ કોતરોવાળી છે. એનું મૂળ નામ 'શ્વભ્ર' (સાબર) = કોતર પરથી પડેલું છે. સાબરકાંઠા અને મહેસાણા તથા ખેડા જિલ્લામાં આ નદીઓનાં કોતરોની અંદર રહેલા જુદા-જુદા થારોનું નિરીક્ષણ કરતાં એમાંથી જુદા-જુદા કાલના સ્તરોનાં લક્ષણ નજરે પડે છે. એ વખતની આબોહવા પણ હાલનાં કરતાં વધુ ભેજવાળી હતી. મિત્રો આપણે અગાઉ જોયું કે 1941માં લાંઘણજમાં નદીના આદ્યષ્ટમાંથી મળેલાં હથિયાર તેના પુરાતનતાની પ્રતીતિ કરાવતા હતા અને પછી તો પ્રાગ-ઐતિહાસિક શોધ જૂથોની પ્રવૃત્તિ 1949 સુધી ચાલુ રહી, ત્યાર પછી 1952, 1954, 1959 અને 1963માં લાંઘણજમાં વધુ ઉત્ખનન થયાં. મહી નદીની ભેખડોમાં પણ આવાં પાષણ-ઓજાર પ્રાપ્ત થયાં. પછી સૌરાષ્ટ્રમાં અનેક સ્થળોએ, દક્ષિણ ગુજરાતમાં છેક વલસાડ અને ડાંગ જિલ્લા સુધી તેમજ કચ્છમાં પણ આવાં ઓજાર પ્રાપ્ત થયાં. આમ, આ યુગનો માનવ ગુજરાતમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ એ પાંચેય પ્રદેશોમાં વસતો હતો એવું માલૂમ પડે છે.

નદીના પટમાંથી મળતાં હથિયારોમાં ચકમક જેવા પ્રકારના પથ્થરમાંથી હાથ-કુહાડી, છોલણી, છીણી વગેરે જાતના મોટા ઓજારો ઘડાયેલા છે. આ ઓજારો પથ્થરને ધીમે ધીમે ટોચીને એના ગાભામાંથી ઘડાતા અથવા પથ્થરની ચીપમાંથી ઘડાતા. આ ઓજારોમાંના કેટલાક જેવા તેવા ઘડેલા છે, જયારે કેટલાક એવા સફાઈદાર છે કે ભારતના બીજા પ્રદેશોના તેમ જ આફ્રિકા અને પશ્ચિમ યુરોપના પ્રાચીન પાષણયુગના ઓજારોની બરોબરી કરી શકે. અમુક હથિયારોમાં એક ભાગ ધારવાળો કે અણીવાળો હોય છે, જયારે બીજો ભાગ અણ ઘડેલો કે ગોળ હોય છે. જેને હાથમાં પકડતા ફાવે.

આ આદિમાનવના હાડપિંજર કે અસ્થિ પ્રાપ્ત થયા નથી. મળી આવેલ ઓજારોનો ઉપયોગ કંદમૂળ ખોદી કાઢવા, ઝાડ કાપવા કે પ્રાણીઓના શિકાર કરવા માટે કરતો હશે. આ ઉપરથી કહી શકાય કે તે માનવ કુદરતી રીતે ઉગેલી વનસ્પતિમાંથી અને શિકાર દ્વારા ખોરાક એકઠો કરતો અને આ ખોરાક પ્રાપ્ત કરવા એક વન પ્રદેશમાંથી બીજા વન પ્રદેશમાં ભમતો રહેતો અને તદ્દન જંગલી અવસ્થામાં વનવાસી જીવન ગાળતો. કપડાલતા કે દાગીના ધરાવતો નહિ. આ સમયે જુદા-જુદા પ્રદેશોમાં જુદા-જુદા પ્રકારના પથ્થર વપરાતા, સાબરમતી વગેરે ઉત્તર ગુજરાતની નદીઓમાં "ક્વાર્ટઝાઈટ"

નામના ખડક (પાષણ પડ) માંથી બનાવેલા, મહી અને ઓરસંગમાં "ક્વાર્ટઝાઈડ" ઉપરાંત "ક્વાર્ટઝ" તથા સૌરાષ્ટ્ર અને કચ્છમાં "બસાલ્ટ અને રેતીના પથ્થર" ના ઓજારો પ્રાપ્ત થાય છે. આ ઓજારો અને ઓજારો બનાવનાર માણસોનો સમય નક્કી કરવો મુશ્કેલ છે. પરંતુ આવા હથિયાર બનાવતો માનવ ગુજરાતમાં આજથી 50,000 - 1,00,000 વર્ષો પૂર્વે વસતો હશે એવું પુરાતત્વવિદો માને છે. આ ઉપરાંત ગુજરાતનો આદિ-માનવ આફ્રિકાના પૂર્વ કિનારેથી આવ્યો હોય એવું માનવામાં આવે છે.

### 3.3.2.2મધ્ય પ્રાચીન પાષણયુગ

તો મિત્રો, પાષણયુગના આ બીજા તબક્કાને મધ્ય પ્રાચીન પાષણયુગ કહે છે. ઉત્તર ગુજરાતમાં સાબરમતી અને એની ઉપનદીઓ સિવાય મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં નદીઓની ભેખડોમાં ચુનાથી ઘટ્ટ થયેલું રેતીનું એક બીજું પડ જોવા મળ્યું. એની ઉપર જામેલા નવા કાંપમાં જાડી રેતી અને બસાલ્ટમાં ઉદ્દભવેલા અકીક જોવા રંગબેરંગી ઉપલ પથરાયા. આ સ્તરના હથિયારો અગાઉના હથિયારો કરતાં સાધારણ રીતે નાનાં અને બહુ જ ઘટ્ટ  સુંદર પોતવાળા ઘડેલા છે. એ પતરીઓ કે સપાટ ઉપલોમાંથી બનાવેલા છે. આ ઓજરોમાં બાણના ફળા તથા ભાલાના ફળા જેવા ઓજારો પણ મળી આવ્યા છે. માનવ હવે ચામડાના કપડા કે વલ્કલો પહેરતો થયો અને દુરથીય પ્રાણીઓનો શિકાર કરવા લાગ્યો હોય એવું માલૂમ પડે છે. અહી સાબરમતી વગેરે નદીઓના ભાઠામાં આ લાંબા ગળાના થરોમાં માનવ-વસવાટની નિશાનીઓ મળતી નથી.

### 3.3.2.3 અંત્ય પ્રાચીન પાષણ યુગ

રોબર્ટ ફૂટને ઉત્તર ગુજરાતમાં સાબરમતીના પટમાં આદ્ય પ્રાચીન પાષણયુગના ઓજાર મળેલા, ત્યારે તેની જમીનની સપાટી પરથી અને ખાસ કરીને નાના મોટા ટીંબાઓ પરથી પાષણ ઓજાર અને માટીના ઠીકરાં પણ મળેલા. દક્ષિણ ગુજરાતમાં તથા સૌરાષ્ટ્રમાં પણ આવા અવશેષ પ્રાપ્ત થયેલા. આ પરથી ફૂટે બે ભિન્ન પાષણયુગને અલગ અલગ તારવ્યા. આગળ જતાં આવા અકીકના નાનાં ઓજારો ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર પણ પ્રાપ્ત થયા. ઉત્તર ગુજરાતમાં જે-જે સ્થળોએ ફૂટને આવા નાનાં અકીકના હથિયાર અને ઠીકરા મળ્યા હતા. તેમાંના થોડાક- વિજાપુર તાલુકામાં હીરાપુરા, ગઢડા, પેઢામલી, કુદેડા, મહેસાણા તાલુકામાં મેઉં, મૂળસણ અને આખાજ, કડી તાલુકામાં  ડાંગરવા કૈયલમાં પણ આ શોધ ચાલી.

આબોહવા ફરી ભેજવાળી થતાં માનવ હવે ટીંબાઓ (ટેકરા) માં વસવાટ કરવા લાગ્યો. ટીંબાઓની વચ્ચેના છીછરા ભાગમાં થતાં જળાશયના પાણીનો લાભ લેતો. આ માનવ મુખ્યત: શિકાર કરતો ને એ માટે જુદી-જુદી જાતના અકીકના નાનાં તીક્ષ્ણ ઓજાર ઘડતો. નાના નાના પાષણ ઓજારોને લઘુ-પાષણ ઓજાર તરીકે ઓળખવામાં આવે છે અને આ યુગને લઘુ પાષણયુગ, ઉત્તર પાષણયુગ કે અંત્ય પ્રાચીન પાષણયુગ કહેવામાં આવે છે.

મહેસાણા વગેરે જિલ્લાઓમાં ટીંબાઓની સપાટી પરના અન્વેષણ પરથી તેમ જ હીરાપુરા (તાલુકો વિજાપુર) અને લાંઘણજ (તાલુકો મહેસાણા) જેવા સ્થળોએ આવેલા ટીંબાઓના ઉત્ખનન પરથી આ પાષણયુગની માનવ સંસ્કૃતિ વિષે કેટલીક માહિતી મળે છે. આ ઉપરાંત સાબરમતી, માઝમ, મહી,

મેશ્વો, વિશ્વામિત્રી, નર્મદા, ઓરસંગ, સરસ્વતી, બનાસ, ભોગવો, ગોમા, વેણૂ, ભાદર, મોરઇ વગેરે અનેક નદીઓને કાંઠે આ યુગના લઘુ પાષણ ઓજારોના નમુના મળે છે. નાનાં ઓજારો સાથેના મોટા ઓજારોને ફળા તરીકે વાપરી પ્રાણીઓના શિકાર કરી પ્રાણીઓના શરીરોને ચીરતો અને એમાંથી માંસ બહાર કાઢતો. શિકારનો ભોગ બનેલાં આ પ્રાણીઓના હાડકાના અવશેષો પરથી માલૂમ પડે છે કે તેમાં ઘેટા, બકરા, નીલગાય, બળદ, હરણ, ડુક્કર, ગેંડા, કાચબો, માછલી અને પંખીઓનો સમાવેશ થતો. પાળેલા પશુઓમાં કુતરાઓનો સંભવ રહેલો છે. આ પુરાતન વસાહતોમાં એ કાળના માનવોના હાડપિંજર પણ મળ્યા છે. આ દેહાવશેષો પરથી આ માનવનુ લાંબુ - મોટું માથું, ઉપસેલા ભવાં, ઉપસેલો નીચેલો હોઠ અને ચીબુ નાક ધરાવતો. માનવોનો શાસ્ત્રીય રીતે અભ્યાસ કરનાર નિષ્ણાંત ડૉ. શ્રીમતી સોફી એરહાર્ડ અને ડૉ. કૅનેથ કેનેડી જેવા વિધવાનોનું માનવું છે કે લાંઘણજનો માનવ કયા માનવવંશનો હતો એ નિશ્રિત કરવું મુશ્કેલ છે કારણ કે એના શારીરિક લક્ષણોમાં લાંબુ મોટું માથું, ઠીક ઠીક ઉંચાઈ સાથે ઉપસેલા ભવાં, સહેજ બહાર આવતો નીચલો હોઠ અને કદાચ ચીબું નાક, આમ 4500 વર્ષો પૂર્વે ગુજરાતમાં માનવંશ-સંકરતા થઇ ગઈ હતી. એ ભૂમધ્ય જાતિ અને શ્રીલંકાની વેદ્દા અને આદિવાસી જેવી જાતિઓના મિશ્ર લક્ષણ ધરાવતા. અહી રોગોના નિવારણ માટે કોઈ વાર ખોપરીમાં કાણું પાડતા, જેથી ઉપદ્રવ કરનાર મલીન તત્વ એ કાણામાંથી જલ્દી બહાર નીકળી શકે. અહી, માનવના દેહને મુખ્યત્વે પૂર્વ-પશ્ચિમ દિશામાં ટૂંટિયું વળાવીને દાટતા.

અહી મળી આવેલા ઓજરોમાં મુખ્યત્વે બે પ્રકાર છે : ગાભો (core) અને પતરી (flake). કેટલીક પતરીઓ નાની હોય છે જે હાથમાં પકડીને નહિ, પણ લાકડાના કે હાડકાના હાથમાં ખોસીને વપરાતી હશે. કેટલાક ઉપલો હથોડા તરીકે વપરાતા. વેળું પાષણના ઓજાર વાટવાના કે ઘસવાના પાટા તરીકે વપરાતા હશે. લાંઘણજના ખોદકામમાંથી જે નમુના મળ્યા છે તે ઘણાખરા અડધા કે પા ભાગ જેટલા ભાગેલા હોઈ, ભાંગેલી બાજુ પર વપરાશના ચિહ્નો દેખાય છે.

વિદ્યાર્થી, મિત્રો આપણે અગાઉ વાંચ્યું કે આ યુગનો માનવ હવે ટીંબાઓ ઉપર રહેતો. આ પાષણયુગનો માનવ હજી જંગલી અવસ્થામાં રહેતો. પણ હવે એ એક ઠેકાણે રહેવા લાગ્યો હતો. હજી સુધી કોઈ પણ જાતના મકાનો-ઘાસ, પાંદડા અને ડાળીઓથી બનાવેલા ઝુપડા કે બીજા કોઈ પણ જાતનાં મકાનોના અવશેષ (દાખલા તરીકે માટીના ઢેફાં) લાંઘણજના ખોદકામમાંથી મળ્યા નથી. ઉત્તર ગુજરાતમાં લગભગ 100 થી વધારે ટીંબાઓ પર કેવળ પથ્થરનો નાનાં હથિયારો જ મળે છે, પરંતુ લાંઘણજ, આખજ અને હીરાપુરના ખોદકામ પરથી કહી શકાય કે આ યુગના ઉતરાર્ધમાં માનવ માટીના વાસણો વપરાતો થયો હશે. કારણ કે આપને અગાઉ જોયું એમ ઉપલા સ્તરોમાં થોડીક બહુ જ નાની નાની ઠીકરીઓ મળે છે. કેટલાક વાસણ હાથે ઘડેલા ને કેટલાક કુંભારના ચાક પર ઘડેલા હોય છે. આ વાસણ લાલ અને કાળા રંગના છે.

લાંઘણજમાં અંધારિયા ટીંબાના ખોદકામમાંથી નીકળેલા માનવના(પ૬ ૧૧, ૧૨૫) અને પ્રાણીઓના અવશેષો મોહેં - જો - દડોના અવશેષો કરતા વધારે જુના હોવાનો સંભવ છે. ટાટા ઇન્સ્ટીટયુટે કાર્બન C-14 ના આધારે એનો જે સમય આંક્યો છે તે ઈ.સ. પૂર્વે 2400ની આસપાસનો છે. ગુજરાતના આ

માનવ સંસ્કૃતિનો કાળ તદ્દન ચોક્કસ રીતે નક્કી થયો નથી. પણ, લાંઘણજમાં મળે છે તેવા પથ્થરના નાનાં ઓજારો અને સમુદ્ર કિનારે મળતાં નાનાં છીપલાંઓના મણકા, સિંધુ સંસ્કૃતિના સ્તરોની નીચે મળ્યા છે. આથી કહી શકાય કે લાંઘણજના અત્ય પાષણયુગની સંસ્કૃતિ આ પહેલાના સમયની તો હશે જ આ પરથી કહી શકાય કે લાંઘણજનો પાષણયુગી માનવ લગભગ 5,000 વર્ષો પહેલા ગુજરાતમાં વસતો હતો.

**3.3.2.4 નૂતન પાષણયુગ**

પ્રાચીન પાષણયુગનો માનવ શિકાર તથા ધાન્યની શોધમાં ઠેકઠેકાણે ભટકતોને આગળ જતાં એક સ્થળે સ્થાયી જીવન ગાળતો થયો. પરંતુ, ધાન્ય માટે તે કુદરતને ઉગાડેલા ધાન્ય ઉપર જ આધાર રાખતો. પરંતુ સમય જતાં માનવ ધાન્યના મોસમી ઉત્પાદનને અને વાર્ષિક સંગ્રહને લઈને હવે નદી કિનારે ગ્રામવાસીનું સ્થાયી જીવન ગાળવા લાગ્યો. કેટલાક પશુઓને પાળી પોતાના કામમાં જોતરવા લાગ્યો. કૃષિ અને પશુપાલનને લીધે એના આર્થિક જીવનમાં ક્રાંતિકારક પરિવર્તન આવ્યું. આથી નૂતન પાષણયુગને માનવ સંસ્કૃતિમાં પ્રથમ ક્રાંતિનો યુગ ગણવામાં આવે છે.

નૂતન પાષણયુગનો માનવ પતરી કે ગાંભામાંથી જરૂરી ઘાટનું ઓજાર ઘડી લેતો. કુહાડી અને રંદાના પાનાને લાકડાના કે હાડકાના હાથામાં ભરાવવામાં આવતાં અને પછી વેલાથી બાંધી ગુંદર જેવા ચીકણા પદાર્થથી ઘટ રીતે બાંધવામાં આવતાં. આના દ્વારા માનવ ઝાડ કાપતો, લાકડા ચીરતો અને ઘસતો. આમ, સુથારનો જન્મ થયો.

ઘસીને બનાવેલી કુહાડીના પાનાં, રંદાના પાનાં કે છીણી ગુજરાતમાં ક્યાંય મળ્યા નથી. જે ઉપલબ્ધ થયાં છે તે ગોળ, કાણાદાર મોટા પથ્થરો અને આ પણ નહિ જેવા જૂજ. એક લાંઘણજના ખોદકામમાં ક્વાર્ટઝાઇડ પથ્થરનું હથિયાર મળ્યું છે. આ ઉપરાંત તાપીના તટપ્રદેશમાં અને ડાંગ વિસ્તારમાં આવા પ્રકારના હથિયારો મળ્યાં છે. આમ, નૂતન પાષણયુગનું અસ્તિત્વ બતાવતી કોઈ ખાસ વધારે વસ્તુઓ પ્રાપ્ત થઇ નથી. માટે કહી શકાય કે ઉત્તર ગુજરાતમાં માનવે અંત્ય પાષણયુગમાંથી નૂતન પાષણયુગમાં પ્રવેશ કર્યો. પરંતુ આ નવી સંસ્કૃતિનો વિકાસ થયાની કોઈ નિશાનીઓ મળી નથી.

- **તમારી પ્રગતિ ચકાશો**

**(ખ)** ખાલી જગ્યા પૂરો.

I. ભારતમાં ....... રાજ્યો અને રાષ્ટીય પાટનગર વિસ્તાર દિલ્હી સહિત _______ કેન્દ્રશાસિત પ્રદેશો છે.

II. ગુજરાત રાજયની સ્થાપના _________ સાલમાં થઇ.

III. આદ્ય સ્તરનો અંત્ય વિભાગ ભારતના ભૂસ્તર શાસ્ત્રમાં _________ તરીકે ઓળખાય છે.

IV. પ્રાગ- ઐતિહાસિક કાળમાં માનવ-કૃત ટકાઉ ચીજો મુખ્યત્વે પાષણની ઘડવામાં આવતી, આથી એ યુગને ____________કહે છે.

V. ટાટા ઇન્સ્ટીટયુટે __________ ના આધારે લાંઘણજનો સમય આંક્યો છે

1. પ્રાગ - ઐતિહાસિક કાળ એટલે શું?

2. ગુજરાતમાં પ્રાગ- ઐતિહાસિક યુગના પ્રાચીન પાષણયુગનાં ઓજાર પહેલા વહેલા ક્યાંથી અને ક્યારે મળેલા છે.

## 3.4 સારાંશ :

માનવે પાષાણયુગના ઓજાર ઘડવાની હુન્નરકલાથી માંડીને કૃષિ, પશુપાલન અને સ્થાઈ વસવાટ સુધીની પ્રગતિ કરી. પરંતુ હજી લેખનકલા કે અક્ષરજ્ઞાન શોધી શક્યો ન હતો અને આથી અક્ષરરહિત સંસ્કૃતિને ઐતિહાસિક કાળમાં સમાવેશ ન કરતા તેમને પ્રાગ- ઐતિહાસિક ગણવામાં આવે છે. જેના હથિયારોને લીધે તે પાષાણયુગ તરીકે ઓળખવામાં આવ્યો.

## 3.5 ચાવી રૂપ શબ્દો (Key Words):

- ભૌગોલિક સ્થાન - પ્રદેશની ભૂગોળ. જેમાં નકશામાં તેનું સ્થાન, તેનો વિસ્તાર અને તેની સીમાઓ આવરી લેવામાં આવે છે.
- ભૂસ્તર રચના - ધરતીની સપાટીની નીચેની અવસ્થા. જેમાં સમયાંતરે ફેરફાર થયા
- પુરાતન કે આદ્ય - સૌથી જૂનું ,જૂનામાં જુનું
- અજીવમયયુગ - જે સમયમાં કોઈ જીવનું અસ્તિત્વ જ ન હતું.
- જીવમયયુગ - જે સમયથી સૃષ્ટી પર જીવનું અસ્તિત્વ શરુ થયું ત્યારથી અત્યાર સુધી
- ડેક્કન ટ્રેપ - પૃથ્વીમાંથી લાવા ફાટો વાટે પગથીદાર કે પગથિયાની જેમ પથરાયા.

## 3.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

**તમારી પ્રગતિ ચકાસો-ક**

(ખ) ખાલી જગ્યા પૂરો.

I. 29,7

II. 1 લી મે, 1960

III. ધારવાડ વર્ગ

IV. પાષાણયુગ

V. કાર્બન C-14

## 3.7 સંદર્ભસૂચી :


1. પરીખ રસિકલાલ છોટાલાલ, શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર (સંપા),ઈતિહાસની પૂર્વભૂમિકા, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-1, શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, ઈ.સ. 1972.
2. શાસ્ત્રી હરિપ્રસાદ, ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ, અમદાવાદ1964.
3. ચોપરા ડૉ. પી.એન. (સંપા), ભારતનું ગેઝેટીયર (ઈતિહાસ અને સંસ્કૃતિ), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ, 2001.
4. સાંકળીયા ડૉ.હસમુખ ધી, પુરાતત્વમાં ગુજરાત, ગુજરાત ઈતિહાસ પરિષદ, અમદાવાદ-1983.
5. નાણાવટી જયેન્દ્ર, અત્ર તત્ર પુરાતત્વ-ગુજરાતનો ઈતિહાસ, ટીમ સ્પીરીટ (ઇન્ડિયા) પ્રા.લી. અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ડીસેમ્બર-2003.
6. દવે મંજુલાબેન, ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અગિયારમી આવૃત્તિ, 2018.

| એકમ-04 | આદ્ય ઐતિહાસિક ગુજરાત - લોથલ અને ધોળાવીરાના સંદર્ભમાં |
|---|---|

**રૂપરેખા**

4.0 ઉદ્દેશો
4.1 પ્રસ્તાવના
4.2 માહિતિના સ્ત્રોત્તો
4.3 ગુજરાતમાં હડપ્પીય સભ્યતાનો પ્રસાર
4.4 ધોળાવીરા
4.5 હડપ્પીય સભ્યતાનો વિકાસ
4.6 લોથલ
4.7 બજાર અને ઔદ્યોગિક ક્ષેત્રે
4.8 ગોદી
4.9 અન્ય વિશેષતાઓ
4.10 સારાંશ
4.11 ચાવીરૂપ શબ્દો
4.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
4.13 સંદર્ભગ્રંથોની સૂચિ

**4.0 ઉદ્દેશો:**

આ એકમ વાંચ્યા પછી તમને આ બાબતો સમજાશે.

- ભારતમાં – ગુજરાતમાં 'નગર સંસ્કૃતિ'ની શરૂઆત કેવી રીતે થઈ?
- ભારતની આદ્ય સંસ્કૃતિનો માણસ કેટલો આધુનિક હતો?
- આજથી આશરે 5000 વર્ષ પહેલાં તે કેવો દુનિયાથી પરિચિત હતો?
- હજારો વર્ષે પૂર્વ આપણે ધાતુ, વિદ્યા, નગર- વ્યવસ્થા, લિપિ – વિદ્યા, કલા કૌશલ્ય, કૃષિ , વેપાર વગેરેમાં કેવા શ્રેષ્ઠ હતા?

**4.1 પ્રસ્તાવના:**

ભારતમાં નગર સંસ્કૃતિના પુરાવશેષ પહેલ વહેલા 1921-22માં પશ્ચિમ પંજાબમાં રાવી નદી પાસેના હડપ્પા નામે સ્થળેથી શોધાયા. આ પરથી એને 'હડપ્પીય સભ્યતા' તરીકે ઓળખવામાં આવે છે. આગળ જતાં સિંધમાં સિંધુ નદી અને તેને મળતી નદીઓની ખીણમાંથી મોહેં જો- દડો અને અન્ય નગરો પ્રાપ્ત થયા અને તેથી તેને "સિંધુ પ્રદેશની

સભ્યતાં તરીકે પણ ઓળખવામાં આવે છે. હડપ્પા નગરના જેવું જ બાંધકામ અન્ય નગરોમાંથી મળી આવતાં તેને 'હડપ્પીય સંસ્કૃતિ' પણ કહે છે.

એક મોટા ભૂભાગમાં પથરાયેલ એનો વિસ્તાર અને ઈ.સ. પૂર્વે 3000 થી 2000 વર્ષ સુધી ટકેલું એનું અસ્તિત્વ અને નગર રચના, સ્થાપત્ય તેમજ અન્ય કલાઓ તથા હુન્નરોના વિકાસમાં પ્રતિબિંબિત થતાં અર્વાચીન વલણો વગેરેને લક્ષ્યમાં લેતા આ સભ્યતા જગતની મિસર, બેબિલોનિયા, સુમેરિયા, ચીન વગેરેની પ્રાચીન આબાદ સભ્યતાઓ પૈકીની એક ગણાય છે.

ભારતમાં આ સભ્યતાના અગ્રેસર લોકો બલુચિસ્તાનમાં આવી વસેલા અને સાદું ખેડૂત જીવન જીવતા હતા. ધીમે ધીમે ખેતી પર આધારિત અર્થતંત્રનો વિકાસ થતાં, સિંધુ ખીણની સભ્યતાનો ઉદય થયો અને સિંધુથી નર્મદા સુધીના ઘણા વિશાળ ભૂભાગ પર તેનો ફેલાવો થયો. આ સભ્યતાનાં કેન્દ્રો બલુચિસ્તાનથી માંડીને ઉત્તર પ્રદેશ સુધી અને ઉત્તર પંજાબથી માંડીને દક્ષિણ ગુજરાત સુધી મળી આવે છે. સિંધુમાં મોહેં-જો – દડો અને ચાન્હુ દડો, પંજાબમાં હડપ્પા, રૂપડ, રાજસ્થાનમાં કાલીબંગન, ગુજરાતમાં દેસલપર અને સૂરકોટડા, ધોળાવીરા, રંગપુર, રોઝડી, શ્રીનાથગઢ, સોમનાથ, (સૌરાષ્ટ્ર) લોથલ (જિ. અમદાવાદ), મેઘમ (દ.ગુજરાત) વગેરે આ સભ્યતાના પ્રસિદ્ધ સ્થાનો છે. હાલમાં પ્રકાશમાં આવેલ સ્થાનો પૈકી જોતા (તા. કામરેજ  જિ. સુરત) સિંધુ સભ્યતાના દક્ષિણવર્તી પ્રસારનું છેલ્લું સ્થાન મનાય છે.

સિંધુ અને પંજાબનો વસવાટ સૌરાષ્ટ્ર અને ગુજરાતના વસવાટની સરખામણીમાં ઠીક ઠીક પ્રાચીન જણાયો છે. તેથી આ સભ્યતા ધીમે ધીમે ઉત્તરથી દક્ષિણ તરફ એટલે કે સિંધુ પંજાબથી ગુજરાત તરફ પ્રસરી હોવાનું કેટલાક વિદ્વાનો માને છે.

### 4.2 માહિતીના સ્રોત :

ભારતમાં નગરીય સંસ્કૃતિના ઉદ્ભમ અને વિકાસના વિવિધ તબક્કાઓના ઈતિહાસની જાણકારી માટે મોટે ભાગે ઉત્ખનન દ્વારા પ્રાપ્ત અવશેષો જેમકે મુદ્દાઓ, મુદ્રાભાણો, ઓજારો, હથિયારો, આભૂષણો, નગરરચના, કિલ્લા, કૂવાઓ, તોલમાપના સાધનો , રમકડાં, મૂર્તિઓ, ચિત્રો વગેરેમાંથી પ્રાપ્ત થાય છે. C-14 (કાર્બન કોરટીન) દ્વારા તેનું સમય નિર્ધારણ થયેલ છે. જે મુજબ ઈ.સ. પૂર્વે 3000 થી ઈ.સ. પૂર્વે 2000 સુધીનો સમય મનાય છે.

### 4.3 ગુજરાતમાં હડપ્પીય સભ્યતાનો પ્રચાર :

પંજાબમાંથી હડપ્પીય સભ્યતા પ્રકાશમાં આવ્યા પછી 1931માં એ સમયના લીંબડી રાજ્યમાં (હાલના સુરેન્દ્રનગર જિલ્લામાં) રંગપુર પાસેના ટીંબામાંથી હડપ્પીય સભ્યતાના અવશેષો સૌ પ્રથમ મળી આવ્યાં. ત્યારબાદ સૌરાષ્ટ્ર આ સંસ્કૃતિના પ્રસારનો માર્ગ શોધવા એ હસ્તકલાના પૂર્વ ભાગમાં અન્વેષણ કરતાં 1954માં ભોગાવો નદીના તટે ધોળકા તાલુકાંમાં લોથલમાંથી એક બીજી અને ગુજરાતની મોટી વસાહત મળી આવી. ત્યાર પછી 1955 થી

1962 સુધીમાં ચાલેલ ઉત્ખનનોથી આમરા, લાખાબાવળ, પ્રભાસ- સોમનાથ, રોજડી, (શ્રીનાથગઢ) આટકોટ, દડ, પીઠડીયા, નોંધપાત્ર છે. એવી રીતે કચ્છમાં દેશલપર, પબુમક, સુરકોટડા, ધોળાવીરા, શીકારપુર વગેરે સ્થળોએથી આ સભ્યતાની નાની મોટી વસાહતો મળી આવી. વળી દક્ષિણ ગુજરાતમાં ભગાતળાવ, મહેગામ અને તેલોદ જેવાં સ્થળો હડપ્પીય સભ્યતાની વસાહતો પ્રકાશમાં આવી છે.

ગુજરાતમાં મળેલી હડપ્પીય વસાહતોની મુખ્યત્વે લોથલ અને ધોળાવીરાના સંદર્ભમાં સમીક્ષા કરીશું.

## 4.4 ધોળાવીરા :

હડપ્પા સભ્યતાના પુરાસ્થળોમાં એક નવીન કેડી રૂપે જોડાયેલ ધોળાવીરા કચ્છના રણના મધ્યમાં આવેલ ખદીરબેટમાંથી મળી આવેલ છે. ધોળાવીરા ગામ ખદીરબેટના ઉત્તર પશ્ચિમ સીમા પર સ્થિત છે. આ નગર મનહર અને માનસર નદીની વચ્ચે વસેલ છે. આ નગરની રચના સમાન્તર ચતુર્ભુજ રૂપે જોવા મળે છે. આ નગરની લંબાઈ પૂર્વથી પશ્ચિમ તરફ છે. નગરની ચારે બાજુ એક 11મીટર જાડી મજબૂત દીવાલ (કિલ્લો) મળી આવેલ છે. આ દીવાલના ચાર દરવાજા છે. જેમાંથી નગરમાં પ્રવેશ થઈ શકતો.
નગરના મહાપ્રસાદવાળા ભાગની ઉત્તરમાં એક વિશાળ સંપૂર્ણ અને વિકસિત સમતલ મેદાન છે. તેની ઉત્તરમાં નગરનો મધ્યમાર્ગ છે. જેને "પુર" કહેવામાં અવે છે. જેની પૂર્વમાં નગરનો ત્રીજો મહત્વનો ભાગ આવેલ છે. જેને નીચલું શહેર કહેવામાં આવા છે.

આ નગરની શોધ 1960માં થઈ હતી. ઉત્ખનનના પ્રારંભિક તબક્કે એવું જાણવા મળે છે કે, અહીં વસવાટ કરવાવાળા લોકો પોતાની સાથે એક પૂર્ણ વિકસીત સભ્યતા લઇને આવ્યા હતા. જે બલુચિસ્તાન અને સિંધ તરફથી આવ્યા હતા. આ લોકો માટીના વાસણો બનાવવામાં તાંબાને શુદ્ધ કરવાની, પત્થરને કંડારવાની ઉપરત્નો, સેલખડી અને શંખમાંથી આભૂષણો અને મણકા બનાવવની પદ્ધતિના જાણકાર હતા. આ પ્રજાએ ચોક્કસ માપ અને આકારની બનેલી માટીની ઈંટોનો બાંધકામમાં ઉપયોગ કરેલ છે. ઈંટોની સાથે મર્યાદિત માત્રામાં પત્થરોનો પણ ઉપયોગ કરેલ છે.

આ સભ્યતાના બીજા તબક્કામાં કિલ્લેબંધીની અંદર બીજી 3 મીટર જાડી કાચી ઈંટોની દીવાલ બનાવવામાં આવેલ છે. દીવાલની અંદરના ભાગમાં સફેદ, ગુલાબી, ઘેરોગુલાબી જેવા રંગની માટીના તેર જેટલા પડ ચઢાવેલા જોવા મળે છે. આ જ પ્રકારની રંગીન માટીનો ઉપયોગ જાહેર ભવનોની અંદર, બહાર તેમજ રહેણાંક મકાનોના પ્લાસ્ટર તરીકે કરવામાં આવેલ છે.
કિલ્લાની દિવાલને વધુ મજબૂતી આપવા માટે અંદર તરફથી દીવાલને વધુ જાડી કરવામાં આવી હતી. નગરની ઉત્તરમાં એક વિશાળ મેદાન બનાવવામાં આવેલ છે. મેદાનની ઉત્તરે

સામાન્ય માનવવસ્તી માટે નગરનું નિર્માણ કરવામાં આવેલ છે. નગરની ચારે તરફ કિલ્લે માટેની ચારેય તરફથી દીવાલોના મધ્યભાગો ચાર દરવાજાનું નિર્માણ થયેલ છે. નગરના બંને ભાગના મધ્યમાં આવેલ મેદાનને રંગમહુલ કહેવામાં આવે છે. સંભવત: આ મેદાનનો ઉપયોગ સાર્વજનિક અને સામુહિક ઉત્સવોના સમયે કરવામાં આવતો હશે.

---

**4.5: હડપ્પીય સભ્યતાનો વિકાસ:**

---

સિંધુ સભ્યતાના ત્રીજો તબક્કો લગભગ 300 વર્ષ સુધી જળવાયેલ રહેતો. એવું અનુમાન કરવામાં આવે છે કે આ સભ્યતાના અંતિમ અર્ધાદાયકામાં સંભવત: આ નગર ભયંકર ભૂંકપનો ભોગ બન્યું હશે. પરંતુ આર્થિક સધ્ધરતાને કારણે આ પ્રજાએ ખૂબ ઝડપથી નગરનું પુન નિર્માણ કર્યુ હોવું જોઈએ. નગરનો ત્રીજો ભાગ મળી આવતાની સાથે જૂના શહેરને મધ્યમ નગર અને નવા જોડાયેલા ભાગને અવમ (citadel) નામ આપવામાં આવ્યું. આ તબક્કામાં ચિત્રકારી કરેલ માટીના વાસણોનો ઉપયોગ શરૂ થયો હતો. જે હડપ્પા નગર સાથે સીધો સંબંધ ધરાવે છે. વળી અન્ય પુરાતત્વીય ઉત્મનનોમાંથી પ્રાપ્ત મુદ્રાઓ જેવી જ મુદ્રાઓ અને તોલમાપના સાધનો સૌ પ્રથમ વખત અહીંથી પ્રાપ્ત થયા. એટલું જ નહી તત્કાલીન લીપીમાં લખાયેલ એક સાઈન બોર્ડ પણ મળ્યું  છે. જે અન્યત્ર કયાંયથી પ્રાપ્ત થયું નથી. માટીના વાસણોના એક ભાગ પર હડપ્પા લીપિ પણ મળી આવેલ છે. ધોળાવીરાનો આ તબક્કો નિ:સંદેહ હડપ્પા સંસ્કૃતિના વિકાસનો સાક્ષી છે.

ધોળાવીરાની બહુઆયામી સમૃદ્ધિ આપણને તેના ત્યાર પછીના ચોથા તબક્કામાં જોવા મળે છે. જેમાં કલાત્મક માટીના વાસણો, કલાત્મક મુદ્રાઓ, તોલમાપના સાધનો, લિપિવાળા લેખ, મણકા, શંખમાંથી બનેલા આભૂષણો, તાંબા તથા માટીની બંગડીઓ, ઉપરત્નો, છીપ, તાંબા, સોના તથા માટીના મણકાઓ શંખ અને છીપમાંથી બનેલ માળાઓ માટીના રમકડામાંથી ગાડા, બળદ, માનવકૃતિઓ વગેરે આ સંસ્કૃતિના લોકોની કલા ઉજાગર કરે છે.
ખાસ કરીને ચૂનાના પથ્થરમાંથી બનેલા સ્મારકોમાં કેટલીક જગ્યાએ પીળા તથા જાંબલી રંગની બનેલ જાળીઓ ધોળાવીરાની વિશિષ્ટ ઓળખ છે.

સભ્યતાની પાંચમી અવસ્થામાં ધોળાવીરાની પૂર્ણરૂપે વિકસેલી વસાહતના પતનનાં લક્ષણો જોવા મળે છે. સૌ પ્રથમ નગર આયોજન અને સ્થાપત્યક્ષેત્રે તે જોવા મળે છે. સંભવત: આ પતન માટે મહત્વનું રાજકીય અવ્યવસ્થાને ગણવામાં આવે છે.

સભ્યતાના છઠ્ઠા તબક્કમાં કેટલુંક પરિવર્તન જોઈ શકાય છે. જેમાં તે સમયે ભવન નિર્માણ કાર્યમાં ઉપયોગમાં લેવામાં આવેલ ઈંટો અનિયમિત માપ- આકારની મળી આવેલ છે. મકાનોની વચ્ચેની શેરીઓ નવા આયોજન પ્રમાણે બનાવેલ હતી. આ સમયના મકાનોમાં આદિ નગર વ્યવસ્થાના મકાનો માટે વપરાયેલા પત્થરોનો પુન: ઉપયોગ થયો હતો. આ સમયના મકાનોની ઉંચાઈ ઓછી અને છત લાકડાં અને ઘાસમાંથી બનાવેલ હતી. શંખ અને

ઉપરત્નો (અક્રીક)નાં આભૂષણો આ સમય દરમ્યાન પ્રચુર માત્રામાં ઉત્પાદિત થયેલા ધોળાવીરા સંસ્કૃતિનો આ તબક્કો સો વર્ષ સુધી જીવિત રહેલો.

સભ્યતાના સાતમા અને અંતિમ તબક્કામાં લોકો લંબ કે સમલંબ મકાનો કરતા ગોળાકાર મકાનો બાંધીને રહેવા લાગેલા જેને બુંગા કે ભૂંગા કહી શકાય. આ મકાનો પત્થર કે ઈંટોના નહી પરંતુ લાકડી ઘાસ ફૂસમાંથી તૈયાર કરવામાં આવેલા માત્ર બેથી અઢી ફૂટ વતૃળાકાર પત્થરની પરદી ઉપર આ પ્રકારના મકાનો તૈયાર થયેલાં છે. તેના ઉપર ગોળાકાર છત બનાવાવમાં આવતી. આ પ્રમાણે આશરે આ સભ્યતાનું નગર સાત સાત વાર પતન પામી નિર્માણ પામતું લગભગ 1000 વર્ષ સુધી ટકેલું હતું.

**4.6 લોથલ** :

લોથલ હડપ્પીય સભ્યતાનું ગુજરાતના અમદાવાદ જિલ્લામાં ભોગાવો નદીના કિનારે સરગવાલા ગામ પાસે આવેલ હડપ્પીય સભ્યતાનું નગર છે. તેનું ઉત્ખનન 1954-55માં રંગનાથ રાવના નેતૃત્વમાં થયું હતું. આ સ્થળમાં સમકાલીન સભ્યતાના પાંચ તબક્કા જોવા મળે છે. આ નગરમાં અલગ- અલગ વસાહતો નહીં; પરંતુ સમગ્ર નગર એક કિલ્લેબંધ નગર હતું. જે છ જેટલા ભાગોમાં વિભકત થયેલ હતું.

લોથલ નગર લગભગ સમચોરસ ક્ષેત્રમાં વિકસેલું અને તે નગરદુર્ગથી રક્ષિત હતું. જે પૂર્વથી પશ્ચિમ 117ની અને ઉત્તરથી દક્ષિણ 136 મીટર ફેલાયેલ હતુ.

**4.7: બજાર અને ઔદ્યોગિક ક્ષેત્રે** :

લોથલ નગરની ઉત્તરે એક મોટું બજાર અને દક્ષિણમાં ઔદ્યોગિક ક્ષેત્ર આવેલ હતું. જેમાં મણકા બનાવવા, વીંધવા, તાંબા અને સોનાનું કામ કરવાની ઉદ્યોગશાળાઓ હતી. અહીંયા એક ઘરમાંથી સોનાના મણકા, ચાર મહોર, --- અને તાબામાંથી બનેલ બંગડીઓ એક ઉત્તમ રીતે રંગાયેલ એક માટીનો ઘડો મળ્યો છે. લોથલમાંથી શંખ ઉપર કામ કરનાર કારીગરો અને તાંબાની વસ્તુઓ બનાવવની ભઠ્ઠીઓ પણ પ્રાપ્ત થયેલ છે.

લોથલ નગરમાં પાણીના શુદ્ધિકરણ કરવાની પદ્ધતિવાળી રચના પ્રાપ્ત થયેલ છે. પાણીનો બગાડ બિલકુલ નહોતો થતો. નગરના પશ્ચિમ ભાગમાં જુદા જુદા આકારના 11 ઓરડાઓ મળી આવેલ છે. જેનો ઉપયોગ સંભવતઃ મણકા બનાવવના કારખાના તરીકે થતો હશે. લોથલ નગરની બહાર ઉત્તર પશ્ચિમ કિનારે કબ્રસ્તાન મળી આવ્યું છે. આ નગરની સૌથી સિદ્ધિ તેની ગોદી ઉપરાંત વિશિષ્ટ પ્રકારના માટીના વાસણો, મુદ્રાઓ, તોલમાપના સાધનો તથા પથ્થરના ઓજારો છે. અહિંયાથી જે કબરો મળી છે તેમાં ત્રણમાંથી યુગ્મોદફન કરાયેલાં કંકાલો પ્રાપ્ત થયા છે. સ્ત્રી અને પુરૂષ યુગ્મ કેકાલ પણ પ્રાપ્ત થયેલ છે. કબરોમાં શબને એવી રીતે દફનાવવામાં આવતા હતા કે માથુ ઉત્તર તરફ અને પગ દક્ષિણ તરફ રહે. માત્ર અપવાદરૂપ એક જ કંકાલ પૂર્વ પશ્ચિમ દિશામાં મળ્યું છે.

### 4.8 બંદરગાહુ અથવા ગોદીવાડા:

લોથલની સૌથી મોટી બાબત તેની ગોદી છે. આ બંદરગાહુમાં ઇજિપ્ત મેસોપોટેમિયાથી જહાજો આવતા હતા. તેનો આકાર 214 X 36 મીટર અને ઉંચાઈ 3.3 મીટર હતી. તેની ઉત્તરમાં 12 મીટર પહોળું એક પ્રવેશ દ્વાર હતું; જેમાંથી જહાજો આવતા અને જતાં તથા દક્ષિણ તરફ વધારાના પાણીના નિકાલ માટેની પણ વ્યવસ્થા હતી.

### 4.9 અન્ય વિશેષતાઓ :

લોથલમાં રાજભવન અને નગર બંને કિલ્લાથી રક્ષાયેલા હતા. વળી આ ઉત્ખનનમાં ચોખાની ખેતીના પ્રમાણ પણ પ્રાપ્ત થયેલ છે. લોથલની સાઇટ્સમાંથી મુદ્રાઓ તથા બળદની લઘુમૂર્તિઓના અવશેષ મળી આવ્યા છે. લોથલમાંથી પ્રાપ્ત એક માટીના ઘડા ઉપર એક કાગડા અને શિયાળનું ચિત્ર પ્રાપ્ત થયેલ છે. આ નગરની ઉત્તરમાં એક અગ્નિવેદી મળેલ છે. હોડી આકારની બે મુદ્રાઓ અને લાકડાની કોઠી સંગ્રહ માટેની વ્યવસ્થા પણ પ્રાપ્ત થયેલ છે. આ સિવાય અનાજ દળવાની હાથઘંટી, હાથીદાંત પરના કોતરકામની વસ્તુઓ, દિશા માપવાનું નાનું યંત્ર, તાંબાનું પડત, બળદ, રમકડાં તથા કૂતરાના આકારના માટીના રમકડાં મળ્યા છે. એટલું જ નહીં તાંબામાંથી બનાવેલ કૂતરાની મૂર્તિ વિશેષ આકર્ષણ છે.

અહીંયાંથી નાની બટન આકારની એક મુદ્રા મળી છે. જે મૂળ મેસેપોટેમિયાની પ્રતિ કૃતિરૂપ છે. તે જ રીતે ત્રણ વેલણ આકારની મુદ્રાઓ પણ વિદેશો સાથેના સંબંધ દર્શાવે છે. અનાજ દળવાની ઘંટી સમગ્ર પુરાતત્વીય સ્થાનોમાં માત્ર લોથલમાંથી જ પ્રાપ્ત થયેલ છે.

ઉત્ખનનોથી લોથલ નગર અને ભૌતિક ચીજ વસ્તુઓ જે પ્રાપ્ત થયેલ છે તે સિંધુ-સભ્યતાની સમકાલીન છે. સ્વાભાવિક રીતે સમુદ્રતટ પર સ્થિત આ નગર પશ્ચિમ એશીયા સાથેના વેપાર માટેનું આ સર્વોત્તમ સ્થળ રહ્યુ છે.

### 4.10 સમાપન:

ધોળાવીરા અને લોથલના ઉત્પનનોથી એ સાબિત થાય છે. કે આજથી સાડા ચાર હજાર વર્ષો જૂની આપણી સભ્યતા કેવી શ્રેષ્ઠ હતી. નદીઓનાં પાણીનો મહત્તમ કેવી રીતે ખેતી અને વ્યકિતગત રીતે ઉપયોગ કરી શકાય, સંગ્રહ કરી શકાય એની આવડત એ પ્રજામાં હતી. સંભવત: પૂરની સ્થિતિથી નગરને કેવી રીતે રક્ષણ આપી શકાય, ઉંચી પીઠિકા ઉપર બજાર, રહેઠાણો, અન્નભંડાર, સભાગૃહો, બનાવી તેને કેવી રીતે બચાવી શકાય, વપરાશનું પાણી કેવી રીતે ઘર અને સ્નાનુગૃહ સુધી લાવી શકાય અને વપરાયેલા ગંદા પાણીનો કેવો ઉત્તમ રીતે નિકાલ કરી શકાય આ બધી આવડત આપણને આ નગરોની રચના પરથી ખ્યાલ આવે છે. દુશ્મનોના આક્રમણો સામે નગરને રક્ષણ આપવા માટેની કિલ્લેબંધી અદભુત છે. આજે તો અરબ સાગરના દરિયાથી લોથલ 18 km દૂર છે, પરંતુ જે તે સમયે

નગર સુધી વહાણોને લાવવા લઈ જવા બનાવેલ ગોદી અદભૂત ઈજનેરી કલાનો નમૂનો છે. મળી આવેલ મુદ્રાઓ પરની આકૃતિઓ અને લિપિ જે તે સમયના પશુપક્ષીઓના મામિતી પૂરી પાડે છે. હજુ આજદિન સુધી લિપિ ઉકેલી શકાય નથી. જયારે ઉકેલાશે ત્યારે આ સંસ્કૃતિની કેટલીક આજ્ઞાત બાબતો બહાર આવશે.

મળી આવેલ ધાતુ કામના અવશેષો તે પ્રજાના ધાતુ વિજ્ઞાનના જ્ઞાનને પ્રદર્શિત કરે છે તો અન્ય અવશેષો તે સમયના ઉદ્યમી અને કુશળ કારીગરોની આવડત છતી કરે છે. આપણા કારીગરોએ બનાવેલ ચીજવસ્તુઓ દુનિયામાં નિકાસ થતી અને આવા બૃહદ્ વેપારને કારણે આ પ્રજા ખૂબ ધનવાન બની હોવી જોઇએ. ટૂંકમાં આ પ્રજાના તમામ ક્ષેત્રોની આવડત અને શ્રેષ્ઠતા જગતની અન્ય સભ્યતાઓની જેમ શ્રેષ્ઠ હતી એમ ચોક્કસ પણે કહી શકાય.

## 4.11 : તમારી પ્રગતિ ચકાસો :

**(1) નીચેના વિધાનો વાંચી તે સાચાં (√) છે કે ખોટાં (X) તેની નિશાની કરો.**

1. હડપ્પીય સભ્યતાનો સમય ઈ.સ. 1000 થી 3000નો છે.
2. ધોળાવીરા પંજાબમાં આવેલ છે.
3. લોથલ સાબરમતી નદીના કિનારે વિકસેલ હતું.
4. લોથલથી જહામે દુનિયાના દેશો સુધી વેપાર કરવા જતાં.
5. આ સભ્યતાને " વૈદિક સભ્યતા " પણ કહેવામાં આવે છે.

(2) સિંધુ સભ્યતા એ નગરીય સભ્યતા હતી. દસેક લીટીમાં ઉત્તર લખો.

(3) "ધોળાવીરા એ મોહેં-જો – દડો અને હડપ્પાની ખોટ પૂરી કરી". દસેક લીટીમાં સમજાવો.

(4) લોથલ એક આંતરરાષ્ટ્રીય વેપારનું મથક અને બંદર હતું.. દસેક લીટીમાં સમજાવો.

## 4.12 ચાવીરૂપ શબ્દો :

- બેટ
- ઉત્ખનન
- પુરાતત્વ
- ભૂંગા
- બંદરગાહ
- મુદ્રાઓ
- ઉદ્યોગશાળા
- નગરરચના
- આયાત- નિકાસ

## 4.13 : તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

Q-1 વિધાનો સાચાં છે કે ખોટા

1. X
2. X
3. X
4. √
5. X

## 4.14 સંદર્ભ ગ્રંથ સૂચિ :


1. R.S. Sharma Oxford- India's Ancient Past –The Penguin History of Early India : From the Origins to AD 1300 Romila Thapar
2. R. c. Majumdar- Ancient India
3. सत्यकेतु विद्याभंडार - भारतीय संस्कृतका विकास
4. नागोरी एस क्षेल - भारतीय संस्कृतका बृहद इतिहास
5. ડૉ. ૨.ના મહેતા – ભારતીય પ્રગતિકાર
6. અંબાલાલ પટેલ – ભારતીય પ્રાચીન સંસ્કૃત
7. ભારતદર્શન – 1 (ઈતિહાસ – આદિયુગા જ્ઞાનગંગોત્રી શ્રેણી 22 સ.પ. યુનિવર્સિટી, વિદ્યાનગર.
8. દેવેન્દ્ર વી. ભટ્ટ – ભારત ઇતિહાસદર્શનધ્ ખંડ- ૧
9. હરિપ્રસાદ શાસ્ત્રી – પ્રાચીન ભારતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ- ૬
10. ડૉ. થોમસ પરમાર – ભારતીય સંસ્કૃતિની ઝળક

| એકમ-05 | ગુજરાતમાં મૌર્યસત્તા |
|---|---|

**રૂપરેખા**

5.0 ઉદ્દેશો

5.1 પ્રસ્તાવના

5.2 ગુજરાતમાં મૌર્યસત્તા

5.2.1 ગુજરાતની રાજકીય સ્થિતિ

5.2.1.1ચંદ્રગુપ્ત મૌર્ય

5.2.1.2 અશોક મૌર્ય

5.2.1.3 ઉત્તરકાલીન મૌર્ય શાસકો

5.2.2 પ્રાદેશિક વહીવટીતંત્ર

• તમારી જાતે ચકાસો.ક

5.2.3 સામાજિક આર્થિક સ્થિતિ

5.2.4 ધાર્મિક સ્થિતિ

5.3 ગિરનાર શિલાલેખનું ઐતિહાસિક-સાંસ્કૃતિક મહત્વ

• તમારી જાતે ચકાસો.

5.4 સારાંશ

5.5 શબ્દાવલી /ચાવીરૂપ શબ્દો

5.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

5.7 સંદર્ભ

**5.0 ઉદ્દેશો** :

આ એકમ વાંચ્યા પછી તમને આ બાબતો સમજાશે.

- ગુજરાતમાં ઐતિહાસિક મૌર્યસત્તાનો રાજકીય ઈતિહાસ.
- મૌર્યકાલીન ગુજરાતની વહીવટી વ્યવસ્થા.
- મૌર્યકાલીન ગુજરાતની સામાજિક,આર્થિક,ધાર્મિક સ્થિતિ અને સ્થાપત્ય.

**5.1 પ્રસ્તાવના:**

યુનિટ 1માં તમે ગુજરાતનો ઈતિહાસ જાણવાના વિવિધ સાધનોથી પરિચિત થયા. તમે એ પણ શીખ્યા કે પ્રાગ અને આદ્ય ઐતિહાસિક ગુજરાત પુરાવાસ્તુકીય સાધનોની બાબતમાં કેવું સમૃદ્ધ છે. તમે એ પણ જાણ્યું કે હડપ્પાકાલીન ગુજરાતમાં ધોળાવીરા અને લોથલ જેવાં સમૃદ્ધ બંદરો ને વસાહતો અસ્તિત્વમાં હતાં. સદ્દભાગ્યે ગુજરાતના પ્રાચીનકાલના ઈતિહાસ માટે અનેકવિધ સાધન-સામગ્રી સારા પ્રમાણમાં ઉપલબ્ધ છે. સર જદુનાથ સરકારના

શબ્દોમાં ઐતિહાસિક સાધનોમાં આખા ભારતમાં ગુજરાત જેટલું સમૃદ્ધ બીજું કોઈ રાજ્ય નથી. વૈદિકકાલ પછી મહાજનપદકાલમાં મગધનો ઉત્કર્ષ થયો. હર્યક વંશનો બિંબિસાર ગૌતમ બુદ્ધ અને મહાવીર સ્વામીનો સમકાલીન હતો ને તેના સમયથી(ઈ.પૂ. 5મી સદીથી) ભારતનો પ્રમાણિત ઈતિહાસ શરૂ થાય છે. જેને 'આરંભિક ઐતિહાસિકકાળ' ગણવામાં આવે છે. જે મૌર્યકાલની પહેલાંનો પ્રથમ તબક્કો છે. આ સંદર્ભમાં ગુજરાતનો આરંભિક ઐતિહાસિક કાલ દોઢેક સૈકા જેટલો મોડો શરૂ થાય છે. એટલે મૌર્યકાલથી જ ગુજરાતના રાજકીય ઈતિહાસની માહિતી હાથવગી થાય છે. મૌર્યકાલમાં ગુજરાત તે શાસકોના આધિપત્ય નીચે હતું ને અહિં તેમના નિયુક્ત રાષ્ટ્રીય(રાષ્ટ્રપાલ) વહીવટ ચલાવતા હતા. ઉપરાંત તે કાળે ધર્મ, સંસ્કૃતિ, સમાજ, વહીવટ, પૂર્તકાર્ય વગેરેમાં મૌર્યકાલીન ગુજરાતે વિકાસ કર્યો. જેની આપણે અહીં વધુ વિગતે અભ્યાસ કરીશું.

### 5.2 ગુજરાતમાં મૌર્ય સત્તા:

પ્રાગ-મૌર્યકાલીન ગુજરાતના ઈતિહાસની માહિતી ખૂબ ઓછી મળે છે. મગધના પ્રારંભિક ઐતિહાસિકકાળમાં હર્યંક વંશના રાજા બિંબિસાર(ઇ.પૂ. 543-491) અને તેના વંશજોની સત્તા પ્રવર્તેલી ત્યારે એ સમયે ગુજરાતમાં ક્યા રાજાઓનું રાજ્ય ચાલેલું તે જાણવા મળતું નથી. તેમ છતાં ઈ.પૂ. 5મી સદીના પાણિનિના 'અષ્ટાધ્યાયી' તથા શ્રીલંકાના પાલિ ભાષાના 'દીપવંસ'(4થી સદી) અને 'મહાવંસ'(6ઠ્ઠી સદી) જેવા બૌદ્ધગ્રંથોમાં મૌર્ય સમય પહેલાંના ગુજરાત વિશે થોડીક માહિતી પ્રાપ્ત થાય છે. ભારતનો ઐતિહાસિકકાળ બિંબિસારથી શરૂ થાય છે તો ગુજરાતનો ઐતિહાસિકકાલ મગધના મૌર્યવંશના સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્ય (ઈ.પૂ. 322-298)થી શરૂ થાય છે. એટલે ચંદ્રગુપ્ત મૌર્યના શાસનથી ગુજરાતનો સપ્રમાણ ઈતિહાસ પ્રાપ્ત થાય છે. આમ, દેશની તુલનાએ ગુજરાતનો ઐતિહાસિકકાલ 150 વર્ષ માંડો શરૂ થાય છે. મૌર્યકાલીન ગુજરાતનો ઈતિહાસ જાણવાનાં પુરાવશેષીય, અભિલેખિક સાધનોમાં સૌથી મહત્ત્વનું સાધન મૌર્ય સમ્રાટ અશોકનો ગિરિનાર શિલાલેખ છે. કર્નલ જેમ્સ ટોડે તેનું નિરીક્ષણ કરેલું.(1822) ઈ.સ. 1834-37 દરમ્યાન જેમ્સ પ્રિન્સેપ વગેરે વિદ્વાનોએ અશોકના અભિલેખોની લિપિ ઉકેલી હતી. આ શૈલ-શાસનોનું સારૂં લિપ્યંતર 1876માં બહાર પડ્યું. બીજા વર્ષે સર અલેકઝાંડર કનિંગહામે અશોકના અભિલેખોનો સંગ્રહ પ્રકાશિત કર્યો હતો. જેમ્સ બર્જેસની ભલામણથી ઈ.સ. 1900માં જૂનાગઢ રાજ્યના નવાબ રસુલ ખાને ગિરિનારના શૈલલેખની સુરક્ષા માટે મકાન બંધાવ્યું હતું તથા એ જ વર્ષે મૂળ શિલાલેખના રક્ષણાર્થે તેની પૂર્વ દિશાના એક શૈલ પર અશોકના શૈલલેખની નકલ જનતા માટે કોતરાવવામાં આવી. જેમ્સ પ્રિન્સેપ,ભગવાનલાલ ઈન્દ્રજી, બ્યૂહલર, કીલહોર્ન વગેરે વિદ્વાનોએ તેનું સંપાદન કર્યું છે. અત્યારે પુરાતત્વ ખાતા દ્વારા તેની જાળવણી થાય છે. આ ઉપરાંત પુરાવશેષ ઉત્ખનનથી મળેલ સામગ્રી અને ગિરનાર શૈલલેખ પરથી મૌર્યકાલીન ગુજરાતની રાજકીય, સામાજિક, ધાર્મિક ને આર્થિક સ્થિતિ વિશેની જાણકારી સંપ્રાપ્ત થાય છે. જેની ચર્ચા હવે કરીશું.

### 5.2.1 ગુજરાતની રાજકીય સ્થિતિ :

ચંદ્રગુપ્ત મૌર્યે પોતાના વિશાળ સામ્રાજ્યના યોગ્ય વહીવટ માટે તેના અલગ-અલગ પ્રદેશોમાં વિભાજન કર્યું હતું. તેના સામ્રાજ્યમાં ગુજરાતનો સમાવેશ થતો હતો. તેથી ગુજરાતના વહીવટની વ્યવસ્થા તેણે કરી હતી. ચંદ્રગુપ્ત મૌર્યથી લઈ સંપ્રતિ સુધીના મૌર્ય શાસકોની સત્તા ગુજરાતમાં ચાલી હતી. સંપ્રતિ પછીના છેલ્લા મૌર્ય શાસકોનું શાસન પણ આ પ્રદેશ પર હશે પણ તેનાં પ્રમાણ મળતાં નથી.

#### 5.2.1.1 ચંદ્રગુપ્ત મૌર્ય:

ચંદ્રગુપ્ત મૌર્યે ગુજરાતના પ્રદેશ શાસન માટે પુરાણ પ્રસિદ્ધ દ્વારવતીને સ્થાને ગિરિનગરને વહીવટી મથક બનાવ્યું. તેની પાછળ ગિરિવ્રજ (રાજગૃહ) હતું તેવું અનુમાન છે. પાટલિપુત્રમાં રાજધાની ગિરિવ્રજ ગિરિઓના વાદા વચ્ચે આવેલી હતી. તેવું સ્થાન તેને ગુજરાત પ્રાંતના શાસન માટે ગિરિનગરમાં દેખાયું હોય. હરિવંશની અનુશ્રુતિમાં મૌર્ય ગિરિપુરને 'ગિરિનગર' બતાવ્યાનો ઉલ્લેખ છે. જૂની વસાહતો ઉપર કે પાસે નવી વસાહતો વસાવવાની પરંપરા ઈતિહાસ પ્રસિદ્ધ છે. અર્થશાસ્ત્ર પણ આ પ્રકારના જનપદનો ઉલ્લેખ કરે છે. તેમાં વિવિધ જાતનાં દુર્ગોમાં 'પાર્વત દુર્ગ'નું પણ સૂચન છે. માનસારમાં સાત પ્રકારના દુર્ગો ગણાવ્યા છે. તેમાં પહેલું ગિરિદુર્ગ છે. જે સુરક્ષાની દ્રષ્ટિએ ઉત્તમ ગણાય. ગિરિનગર સૌરાષ્ટ્ર જનપદની મધ્યે હોઈ ત્યાંથી આખા પ્રદેશનો વહીવટ સુચારુ રૂપે ચાલી શકે. જલ-સ્થલમાર્ગે વેપાર-વણજ માટે પણ તે અનુકૂળ હતું ને તેના ઉલ્લેખો મળે છે. જોકે ગિરિનગરના અવશેષો હજી પૂરતા પ્રમાણમાં શોધાયા નથી. આથી તે ક્યા પ્રકારનો ગિરિદુર્ગ છે તે કહેવું મુશ્કેલ છે. ગિરિનગરમાં પ્રાકૃતિક સરોવર નથી. પરંતુ બારેમાસ પાણી મળી રહે તેવું જળાશય ચંદ્રગુપ્તે બંધ બાંધીને કરાવ્યુ હતું. આ સેતુબંધની વ્યવસ્થા રાજ્ય કરતું એટલે એના ઉપર કર લેવાતો. જેની જવાબદારી સમાહર્તાની રહેતી. જૂનાગઢમાં બાવા પ્યારા નજીકની ગુફાથી પ્રાપ્ત એક ક્ષત્રપ રાજાના મિતિ વગરના અભિલેખમાં 'ગિરિનગરમાં' એવો નિર્દેશ મળે છે. તેવી જ રીતે રુદ્રદામાના લેખમાં ગિરિનગર અને ગિરિ ઊર્જયતનો નિર્દેશ, સ્કંદગુપ્તના લેખમાં 'નગર' શબ્દ ગિરિનગર માટે ઉદિષ્ટ છે. ઉપરાંત તેમાં 'રૈવતક' અને 'ઊર્જયત'નો પ્રયોગ છે. આમ, મૌર્યકાલમાં ગિરિનગર એ આ પ્રદેશ (ગુજરાત)ની રાજધાની અને વહીવટી કેન્દ્ર હતું.

મૌર્યસમ્રાટ અશોકના ગિરનાર શૈલલેખની બાજુમાં ચાર સદી પછી કોતરાયેલ રાજા મહાક્ષત્રપ રુદ્રદામા 1 લાના શકવર્ષ 72-73(ઈ.સ. 150-51)ના લેખમાં ગિરિનગરના સુદર્શન તળાવના સેતુ(બંધ)ના ભંગાણ તથા પુન:નિર્માણના વૃત્તાંત સાથે એ જલાશયની ઉત્પત્તિ વિશે પણ કેટલીક હકીકત આપેલી છે. જે મુજબ સુદર્શન જળાશય મૌર્ય રાજા ચંદ્રગુપ્તના રાષ્ટ્રિય વૈશ્ય પુષ્યગુપ્તે નિર્માણ કરાવેલું અને અશોક મૌર્યના રાષ્ટ્રિય યવનરાજ તુષાસ્ફે એમાંથી નહેરો કરાવી હતી. આમ, ક્ષત્રપકાલીન શૈલલેખ મૌર્યકાલીન ઈતિહાસ પર પ્રકાશ પાડે છે.

આ પ્રદેશ પર ચંદ્રગુપ્ત મૌર્યનું(ઈ.પૂ.322-289) શાસન પ્રવર્ત્યું હોવાનું જાણવા મળે છે. મગધના મૌર્ય સામ્રાજ્યની સત્તા સૌરાષ્ટ્ર કચ્છ, તળ ગુજરાતના પ્રદેશો એમ સમગ્ર ગુજરાત પર સ્થપાઈ હતી. તે સ્પષ્ટ થાય છે. વહીવટી વડુ મથક ત્યારે ગિરિનગર હતું. ગિરિનગર પર્વતની તળેટીમાં પશ્ચિમે વસેલું તથા ત્યાં મૌર્ય રાજ્ય રાષ્ટ્રિય(રાષ્ટ્રપાલ) રહેતો. ચંદ્રગુપ્તના રાજયકાલમાં આ પ્રદેશ માટે એક જ રાષ્ટ્રિય વૈશ્ય પુષ્યગુપ્ત નિમાયો હતો. તેના પછી રાષ્ટ્રિય તરીકે કોણ નિમાયો તેની જાણકારી મળતી નથી. પુષ્યગુપ્ત વૈશ્ય હતો તે જાણવા મળે છે. પરંતુ તે ક્યાંનો વતની તથા તેણે કેટલાં વર્ષ સુધી આ પ્રદેશનો રાષ્ટ્રિય તરીકે વહીવટ કર્યો તે જાણવા મળતું નથી. તેમ છતાં તેનું પ્રશંસાપાત્ર ને નોંધપાત્ર કાર્ય તેણે ગિરિનગર પાસે ઉર્જયત ગિરિમાંથી નીકળતી સુવર્ણસિકતા, પલાશિની વગેરે નદીઓના આડે બંધ બંધાવી સુદર્શન નામે સુંદર જળાશય કરાવ્યું તે છે. આમ, ક્ષત્રપ રાજા રુદ્રદામાએ પોતાના લેખમાં પૂર્વકાલીન ઈતિહાસ નોંધી અમૂલ્ય હકીકત હાથવગી કરી આપી છે. જેથી ચંદ્રગુપ્ત મૌર્ય અને તેના સમયના ગુજરાતના શાસન વિશે જાણી શકાયું છે.

**5.2.1.2 અશોક મૌર્ય: (ઈ.પૂ. 273-237)**

ચંદ્રગુપ્ત મૌર્ય પછી બિંદુસાર(ઈ.પૂ.298-273) પાટલિપુત્રની ગાદીએ આવ્યો. તેના સમયે પણ અહીં મગધ રાજ્યના રાષ્ટ્રિયનો વહીવટ રહ્યો હશે. પેતવત્થુની પરમત્થદીપની બૌદ્ધ પાલિ (ઉત્તરકાલીન બૌદ્ધ ગ્રંથો)ની અનુશ્રુતિ મુજબ બિંદુસારના શાસનકાળના 16મા વર્ષે સુરાષ્ટ્રમાં પિંગલક નામે રાજા ગાદીએ આવ્યો. પરંતુ બિંદુસાર અને તેના ગુજરાતના રાષ્ટ્રિય વિશે કોઈ પ્રમાણ મળ્યાં નથી. પરંતુ તેના પછી અશોકના સમયથી આ પ્રદેશ પરના તેના શાસન ને ગિરિનગરના શાસનિક ઈતિહાસ વિશેની જાણકારી તેના ગિરનાર શિલાલેખ પરથી પ્રાપ્ત થાય છે. ગિરિનગરમાં તેનો યવનરાજ તુષાસ્ફ રાષ્ટ્રિય તરીકે હતો. પ્રાય: રુદ્રદામાના શૈલલેખમાં એનો યવનરાજ અને અશોક મૌર્યના રાષ્ટ્રિય તરીકે ઉલ્લેખ છે. તથા તેણે એમાંથી નહેરો કરાવી હતી. મહાક્ષત્રપ રુદ્રદામાના સમયમાં અતિવૃષ્ટિથી નદીઓમાં આવેલા પૂરથી સુદર્શન જળાશયનો બંધ તૂટી ગયો ને જળ વહી ગયું. તેનું સમારકામ રુદ્રદામાના અમાત્ય સુવિશાખ પહલવે કરાવ્યું હતું. આની હકીકત પ્રસ્તુત શૈલની બીજી બાજુ ઉપર ઐતિહાસિક દસ્તાવેજ રૂપે કોતરાવી પૂરી પાડી છે. 5મી સદીમાં ગુપ્ત રાજા સ્કંદગુપ્તના સમયમાં પુન:સરોવરની પાળ તૂટી ત્યારે એના ગોપ્તા(સૂબા) પર્ણદત્તે પુત્ર ચક્રપાલિતના સહકારથી સમરાવી એની સ્મૃતિમાં શૈલની ત્રીજી બાજુ ઉપર સ્કંદગુપ્તના નામે સંસ્કૃત પદ્યમાં લેખ કોતરાવ્યો હતો તથા સરોવરની પાળે ચક્રધારી વિષ્ણુનું ઊંચું મંદિર બંધાવ્યું હતું. આમ, એ શૈલ ઉપર ત્રણ રાજવંશોના ત્રણ લેખ 'સુદર્શન' જલાશયને કેન્દ્રમાં રાખી નિર્માણ કરાવેલા જોવા મળે છે. જે ઈ.પૂ.ત્રીજી સદીથી ઈ.સ.ની પાંચમી સદી સુધીના આઠસો જેટલા લાંબા કાળના ત્રણ વિભિન્ન તબક્કાઓ ઐતિહાસિક અને સાંસ્કૃતિક પરિચય તે આપે છે. આ અભૂતપૂર્વ દસ્તાવેજ 'અશોકના શૈલલેખ' તરીકે વિખ્યાત છે. કારણ કે તે ત્રણેય લેખમાં પૂર્વકાલીન છે. સુદર્શન તળાવ મળ્યું નથી. તેને શોધવાના પ્રયાસ ઘણા વિદ્વાનોએ પ્રયાસ

કર્યા હતા. ઈ.સ. 1967-68ના વર્ષોમાં ડૉ. રમણલાલ નાગરજી મહેતાએ તેનું પુન: અન્વેષણ શરૂ કરી સુદર્શન સરોવરનું સ્થાન નક્કી કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમની તપાસમાં રુદ્રદામાના લેખમાં નિર્દિષ્ટ સેતુ શોધી કાઢવામાં આવ્યો હતો. જે માટી અને પથ્થર માંથી નિર્માણ પામ્યો હતો.

દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા તરીકે પોતાને ઓળખાવતા અશોક મૌર્યએ કલિંગ વિજય પછી હ્રદય પરીવર્તન થતાં જાગેલી ઉત્કંઠ ધર્મ-ભાવનાનો સમગ્ર પ્રજામાં પ્રસાર-પ્રચાર કરવાના હેતુથી સમગ્ર સામ્રાજ્યમાં જુદા જુદા પ્રદેશોમાં ચૌદ ધર્મલેખો કોતરાવ્યા. તેમાંથી ગિરિનગરનો શૈલલેખ એક છે. જે તેના શાસનનો સંગીન પુરાવો છે. સામાન્ય રીતે ચૌદ શૈલલેખો તરીકે ઓળખાય છે. જેમાં ગિરિનાર(ગુજરાત), કાલસી(ઉત્તરપ્રદેશ), ધૌલી(ઓરિસ્સા), જૌગઢ(ઓરિસ્સા), એરંગુડી(મદ્રાસ), સોપારા(મહારાષ્ટ્ર), માનસેરા(પશ્ચિમ પાકિસ્તાન) અને શહબાજગઢી(પેશાવર,પશ્ચિમ પાકિસ્તાન)માં મળ્યા છે. અશોકના 'ગિરનાર શૈલશાસનો' કે ચૌદ શૈલશાસનો 'ગિરનાર પાઠ' તરીકે જ્યારે એ જ શૈલ ઉપર બીજા બે લેખ (રુદ્રદામા અને સ્કંદગુપ્ત) 'જૂનાગઢ શૈલલેખ' તરીકે ઓળખાય છે.

અશોકના ચૌદ ધર્મલેખોનો ટૂંકો સાર આ પ્રમાણે છે: "કોઈએ પ્રાણીને મારી હોમવું નહિ;રાજાએ પોતાના રાજયમાં બે પ્રકારના ચિકિત્સા કરી છે: મનુષ્ય-ચિકિત્સા અને પશુ-ચિકિત્સા; મારા અધિકારીઓ પ્રદેશોમાં ફરતા રહે ને ત્યારે ધર્મોપદેશ પણ કરતા રહે; માતા-પિતાની સેવા,મિત્રો,પરિચિતો અને સંબંધીઓને તથા બ્રાહ્મણોને અને શ્રમણોને દાન કરતા રહે; રાજાના ધર્મપ્રચારથી લોકોમાં ધર્માચરણ વધ્યું છે; રાજાએ ધર્મના મહામાત્ર નીમ્યા છે; નિવેદકો સર્વ કાલે ને સર્વ સ્થળે રાજા પાસે આવી શકે; સર્વ સંપ્રદાયો સર્વત્ર વસે; રાજાએ વિહારયાત્રાને બદલે ધર્મયાત્રા કરવા માંડી છે; સાંસારિક હેતુથી માંગલિક વિધિ અલ્પફલદાયી છે, જ્યારે ધર્મની માંગલિક વિધિ મહાફલ દે છે; રાજા ધર્મ-પ્રચાર સિવાય બીજા કશામાં યશ કે કીર્તિ ઝંખતા નથી; ધર્મદાન શ્રેષ્ઠ દાન છે, રાજા સર્વ સંપ્રદાયોને દાન તથા આદર દે છે. કલિંગના યુદ્ધમાં થયેલી વિપુલ હિંસા માટે રાજા ભારે સંતાપ અને પશ્ચાત્તાપ અનુભવે છે ને હવે ધર્મવિજય જ મુખ્ય વિજય માને છે; આ ધર્મલેખ એટલા માટે કોતરાવ્યો છે કે એ લાંબો વખત ટકે ને પ્રજા એ પ્રમાણે વર્તે."

આમ, અશોકનો શૈલલેખ નૈતિક જીવનની ઉન્નતિનો પાયાનો ખ્યાલ રજૂ કરે છે. તેના ઉપદેશેલા સામાન્ય અને ઉદાત્ત માનવધર્મ ઉપર બૌદ્ધ અનુયાયી હોઈ બૌદ્ધધર્મની અસર વર્તાય છે. ચંદ્રગુપ્ત અને અશોક મૌર્યના સમયના ગિરિનગરના રાષ્ટ્રિય તેમની સુદર્શન તળાવના નિર્માણ, નહેરોનું નિર્માણ વગેરે રુદ્રદામાના લેખ પરથી જાણી શકાયું છે. અશોકના લેખમાં માત્ર ધર્માદેશો છે. અશોકના ધર્મલેખની ભાષા પાલિ અને લિપિ બ્રાહ્મી છે.

**5.2.1.3 ઉત્તરકાલીન મૌર્ય શાસકો :**

આમ તો ગુજરાતમાં મૌર્યસત્તા ઓછામાં ઓછી અશોકના રાજ્ય અમલ સુધી જ જ્ઞાત પડે છે. તે પછી અહિ કોનું શાસન રહ્યું તે બાબતે જાણવા મળતું નથી. વળી અનુ-મૌર્યકાલના સાધનો ખુબ ઓછા પ્રાપ્ય છે. અશોકના પુત્ર કુનાલ હતો અને કુનાલપુત્ર સંપ્રતિને રાજ્ય વારસો મળેલો તેવી જૈન અનુશ્રુતિ છે. જ્યારે પુરાણોમાં અશોકનો ઉત્તરાધિકારી કુનાલે આઠ વર્ષ રાજ્ય કર્યું જણાવે છે. તો બૌદ્ધ પરંપરામાં એને 'ધર્મવિવર્ધન' કહ્યો છે. કુનાલના (ઈ.પૂ. 237-229) શાસન દરમ્યાન મૌર્યસત્તા દૂરના પ્રદેશોમાં નબળી પડી. કુનાલના પુત્ર સંપ્રતિએ સૌરાષ્ટ્ર, આંધ્ર અને દ્રવીડ પ્રદેશ સર કર્યાનો 'નિશીથચૂર્ણિ' ગ્રંથ નોંધે છે. કુનાલના રાજ્ય અમલ પછી મગધ સામ્રાજ્ય ત્રણેક ભાગમાં વહેંચાઈ ગયું ને પશ્ચિમ ભારતના પ્રદેશો પર કુનાલના પુત્ર સંપ્રતિની સત્તા સ્થપાઈ. જેની રાજધાની ઉજ્જયિનીમાં હતી. જિનપ્રભસૂરિના વિવિધતીર્થકલ્પ, પ્રભાચંદ્રાચાર્યના પ્રભાવકચરિતના ઉલ્લેખ મુજબ શત્રુંજ્ય અને ભરૂકચ્છમાં સંપ્રતિએ દેરાસર બંધાવ્યા હતાં. એજ રીતે ગિરનારનું મહાવીર મંદિર પણ તેણે બંધાવ્યું હોવાનું મનાય છે. એ સ્થાન સંપ્રતિની ટૂંક તરીકે ઓળખાય છે. હેમચંદ્ર પરિશિષ્ટ પર્વ અને વિવિધતીર્થકલ્પની અનુશ્રુતિ પ્રમાણે ગુજરાતમાં જૈન તીર્થધામોમાં કેટલાક પ્રાચીન જિનાલય સંપ્રતિએ બંધાવ્યા હોવાનું માને છે. આમ, જૈન ધર્મના વિકાસમાં સંપ્રતિનો ફાળો મહત્ત્વનો ગણાય છે. પુરાણો સંપ્રતિ પછી શાલિશૂક ગાદીએ આવ્યો હોવાનું જણાવે છે. અને તેણે (ઈ.પૂ. 220 થી 207) 13 વર્ષ રાજ્ય કર્યું તેવું નોંધે છે. પરંતુ ગુજરાત પર તેના અને તેના વંશજોના શાસન વિશે ચોક્કસ માહિતી મળતી નથી. આમ, ઉપરોક્ત સાધનો પરથી ગુજરાતમાં મૌર્યસત્તા સંપ્રતિ સુધી ચાલી હશે ને તેના પછી ગુજરાતમાં મૌર્યસત્તાનો અંત આવ્યો. કેમ કે, સંપ્રતિ પછી મૌર્યશાસનને લગતા કે કોઈ અન્ય વંશના શાસન સંબંધી કોઈ જ ઉલ્લેખો મળતા નથી. મગધમાં મૌર્યવંશના છેલ્લા રાજા બૃહદ્રથને તેના સેનાપતિ પુષ્યમિત્ર શુંગેને મારી શુંગવંશની સત્તા સ્થાપી. તે સાથે મૌર્યવંશનો અંત આવ્યો. આમ, ગુજરાતમાં મૌર્યસત્તાનું શાસન ચંદ્રગુપ્ત મૌર્યથી અશોક મૌર્ય સુધી ચાલ્યું તે સ્પષ્ટ છે.

**5.2.2 પ્રાદેશિક વહીવટીતંત્ર :**

મૌર્યકાલીન ગુજરાતમાં કેવા પ્રકારનું પ્રાંતિક વહીવટીતંત્ર હતું તે વિશે ચોક્કસ માહિતી મળતી નથી. અશોકના ગિરનાર શિલાલેખમાં ગુજરાતના કોઈ પ્રાદેશિક ઉલ્લેખો નથી. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં સુરાષ્ટ્રની ક્ષત્રિય શ્રેણીનો નિર્દેશ આવે છે. તેના પરથી સૌરાષ્ટ્રમાં ક્ષત્રિયોની શ્રેણી હશે તેવું જાણવા મળે છે. રુદ્રદામાના જૂનાગઢ શૈલલેખમાં ચંદ્રગુપ્ત અને અશોક મૌર્યના ગિરિનગરના રાષ્ટ્રિય અનુક્રમે વૈશ્ય પુષ્યગુપ્ત અને યવનરાજ તુષાસ્ફના ઉલ્લેખ છે. જે કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં જણાવેલ રાષ્ટ્રપાલ હોવાનું જણાય છે. રાષ્ટ્રિયનો એક અર્થ રાજાનો સાળો એવો પણ મળે છે. પરંતુ ચંદ્રગુપ્ત કે અશોકના રાષ્ટ્રિય વચ્ચેના સંબંધ વિશે ચોક્કસ પ્રમાણ મળતું નથી. પ્રાપ્ત સાધનોના અભ્યાસ પરથી ગુજરાતનો રાષ્ટ્રિય કેન્દ્રના સીધા શાસન હેઠળ પ્રદેશ વહીવટ ચલાવતો હતો. વળી, અનુશ્રુતિઓમાં સૌરાષ્ટ્રમાં

અશોકના સમયમાં સ્થાનિક રાજાનો ઉલ્લેખ છે. તે પરથી રાષ્ટ્રિય પ્રાંતિક સૂબા કરતાં સામ્રાજ્યના હાઈ-કમિશનર હોવાનું ધારવામાં આવ્યું છે.

આમ, રાષ્ટ્રિય(રાષ્ટ્રપાલ) મૌર્યકાલીન ગુજરાતમાં સામ્રાજ્યના અધિકારી તરીકે સૌરાષ્ટ્ર ગિરિનગરમાં રહી પ્રાંતિક વહીવટ કરતો હતો. તેના અન્ય વહીવટી વિભાગો વિશે જાણકારી મળતી નથી. પરંતુ મૌર્યકાલમાં આનર્ત-સુરાષ્ટ્રના સંયુક્ત વહીવટી વિભાગ હશે ને તેના અધિકારી રાષ્ટ્રિય પરથી તે વહીવટી વિભાગને 'રાષ્ટ્ર' કહેવાતું હતું. રજ્જુક પણ રાષ્ટ્રિય જેવો પ્રાંતિક સૂબેદાર(કલેક્ટર જેવો), યુક્ત એ સર્વ અધિકરણનો ખજાનચી અધિકારી હશે. સુરાષ્ટ્ર કે આનર્ત-સુરાષ્ટ્રના વહીવટી પેટા-વિભાગો વિશે જાણવા મળતું નથી. તેમ છતાં પ્રદેશ, વિષય અને આહાર જેવા પેટા વિભાગો પણ હશે તેવું અનુમાન છે. આ ઉપરાંત રાજ્ય વહીવટમાં અમાત્યો, અધ્યક્ષો નિમાતા હતા. જેમાં નગરાધ્યક્ષને નાગરિક, ગ્રામાધ્યક્ષને 'ગોપ' કહેતા. આ સ્થાનિક અધિકારીઓની ફરજો વિશે અર્થશાસ્ત્રમાં વિગતે વર્ણન છે. પૌર-વ્યાવહારિક કે નગર-વ્યાવહારિક(ન્યાયાધીશ) કુમાર અને રાષ્ટ્રપાલની સમકક્ષ ગણાતો હતો. કેન્દ્રીયતંત્રની પ્રાંતિકતંત્રમાં પ્રશાસ્તા, સમાહર્તા, સંનિધાતા, નાયક, કાર્માતિક વગેરે મહામાત્રો ઉપરાંત અશોકના સમયે ધર્મ-મહામાત્ર નિમાયા હતા. જેનો લાભ અહીંના લોકોને મળ્યો હશે.

એ સમયના ચાંદી અને તાંબાના આહત સિક્કા(Punch-Marked) ગુજરાતમાંથી તળગુજરાત, વડોદરા, બનાસકાંઠા, કામરેજ, નવસારી વગેરેથી મળ્યા છે. જે નાના કદના તથા નાનાં-મોટાં ચિહ્ન જોતાં સિક્કા પડાવનાર અને મંજૂર કરનાર જુદાં-જુદાં અધિકૃત મંડળોના માલૂમ પડે છે. થોડાક તાંબાના આહત સિક્કા અમરેલી, હાથબ, કામરેજ, કરવણ, મોઢેરા, વડનગર વગેરે સ્થળોએથી મળ્યા છે. જે પરથી સમસ્ત ગુજરાતમાં મૌર્યસત્તાનું શાસન સ્થપાયું કહેવાય. પરંતુ અશોક પછીના મૌર્યશાસકોના સમયે ગુજરાતનાં શાસન વિશે જાણકારી મળતી નથી. પ્રદેશની આર્થિક ઉન્નતિ માટે સામ્રાજ્યના રાષ્ટ્રિય અધિકારીઓ દ્વારા વિવિધ પ્રજાકલ્યાણને બહુજન હિતાર્થે કાર્યો થતાં હતાં. સુદર્શન જળાશય તેનું નક્કર ઉદાહરણ છે. ખેતીના વિકાસાર્થે દૂરંદેશી નીતિ અપનાવી હતી. તે સમયે સમાહર્તા વિવિધ કરની સાથે સેતુબંધ ઉપર પણ કર લઈ તેની વ્યવસ્થા પર દેખરેખ રાખતો હશે.







આહત સિક્કાઓ

**તમારી પ્રગતિ ચકાસો**

(ક) સાચાં જોડકાં જોડો.

| A | B |
|---|---|
| 1. હર્યંક વંશ | a) રાજગૃહ |
| 2. મૌર્યવંશ | b) બિંબિસાર |
| 3. શુંગવંશ | c) કૌટિલ્ય |
| 4. બ્રાહ્મી લિપિ | d) જેમ્સ પ્રિન્સેપ |
| 5. ગિરિવ્રજ | e) ચંદ્રગુપ્ત મૌર્ય |
| 6. અર્થશાસ્ત્ર | f) જળાશય |
| 7. સુદર્શન | g) પુષ્યમિત્ર |
| 8. યવનરાજ તુષાસ્ફ | h) સ્કંદગુપ્ત |
| 9. રાષ્ટ્રિય | i) અશોક |
| 10. પર્ણદત્ત | j) પ્રાંતિક સૂબો(અધિકારી |

1. અશોકમૌર્યના ગુજરાત પરની સત્તા વિશે પાંચ વાક્યો લખો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

2. મૌર્યકાલીન ગુજરાતના પ્રાદેશિક વહીવટીતંત્ર વિશે ટૂંકમાં જણાવો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**5.2.3 સામાજિક-આર્થિક સ્થિતિ:**

વર્ણ, જાતિ, સમાજરચના વિશે ખાસ માહિતી મળતી નથી. જ્ઞાતિવ્યવસ્થાનાં બંધન જણાતાં નથી. પુરુષો અને સ્ત્રીઓ મોટે ભાગે સીવ્યા વગરનાં સૂતરનાં, ઊનનાં કે રેશમનાં વસ્ત્રો

પહેરતાં. ઉચ્ચ વર્ગના પુરુષો મોટેભાગે બે વસ્ત્રો- એક ધોતિયું બીજું ઓઢવાનું પહેરતા. માથે ફાળિયા જેવું બાંધતા. સ્ત્રીઓ શરીરના નીચલા ભાગે વસ્ત્ર વીંટતી ને વસ્ત્રનો એક ટુકડો ઉપલા ભાગમાં છાતી ઉપર બાંધતી. મુખ્યત્વે નગરા, ટીંબરવા, ભરુચ, સોમનાથ, ધાતવા વગેરેમાંથી મૌર્યકાલ કરતાં પણ જૂના થર મળ્યા છે. એ માટીના વાસણો મૌર્યકાલના શ્રીમંત વર્ગો વાપરતાં. તે પરથી શ્રીમંત ગરીબ જેવા વર્ગો પણ હતા. ઉત્ખનનમાં પ્રાપ્ત ડાંગર અને કોદરાનાં બી મળ્યાં છે. જેનો ખોરાકમાં ઉપયોગ થતો હતો. અશોકે પોતાના લેખમાં અહિંસાનો ઉપદેશ કર્યો છે તે પરથી મૃગયા(શિકાર) થતો હશે ને માંસ પણ ખોરાકમાં વપરાતું હતું. ઉપરાંત વિવિધ અનાજ, ફળ, દૂધ-ઘી ખોરાકમાં વપરાતા. બાંધકામમાં માટી, પથ્થર ઉપરાંત ઈંટો(19"થી 22" માપની) ઉપયોગ થતો હતો. ઉપરાંત માટીની ઢીંગલીઓ, શંકુ ઘાટના દાટાઓ, મણકા, કાનની બુટ્ટીઓ, મેલ કાઢવાનાં મેલિયાં, પથ્થરનાં કુંડળ,નિશા અને નિશાતરા, ગોળ લખોટા વગેરે પ્રાપ્ત થયા છે. તે પરથી એ કાળે સ્ત્રી-પુરુષોમાં સૌંદર્યપ્રસાધન ઘરેણાં અને બાળકો માટે રકમકડાં બનતાં હતા. પ્રાપ્ત સાધનો પરથી ગામડાં ખેતી પર નિર્ભર હતાં તથા નગરોમાં વેપાર-ઉદ્યોગ સારો ચાલતો હતો.

અર્થશાસ્ત્ર અને અશોકના શૈલલેખનાં ઉલ્લેખો મુજબ બ્રાહ્મણ(ધર્મ-મહામાત્રો), ક્ષત્રિય-શ્રેણીઓ, વાર્તા-ખેતી, સુરાષ્ટ્રના જંગલોમાં હાથીઓ થતાં તથા રાષ્ટ્રિય, સમાહર્તા, રજ્જુક, અમાત્યો, અધ્યક્ષો, નાગરિક, ગોપ જેવા ઉલ્લેખો પરથી ખેતી, પશુપાલન ઉપરાંત લશ્કર,વહીવટી વિભાગોમાં રાજ્યની વિવિધ નોકરીઓ તથા સુદર્શન તળાવના નિર્માણ પરથી માટીકામ, પથ્થરકામ, સલાટકામ, લહિયાકામ, વણાટકામ, મૌર્યકાલીન મળેલ ચાંદીને તાંબાના આહત સિક્કાઓ પરથી સોનીકામ, મળેલ લોખંડના પુરાવશેષો પરથી લુહારીકામ, મૌર્યકાલીન મળેલ માટીનાં કાળા-લાલ ચકિત વાસણોના ટૂકડા પરથી કુંભારીકામ ઉપરાંત જુદા જુદા વ્યવસાય ઉદ્યોગ-ધંધા મૌર્યકાલીન ગુજરાતમાં પ્રવર્તમાન હતા.સમ્રાટ અશોકે બૌદ્ધધર્મને રાજ્યાશ્રય આપેલો અને વિદેશ વેપાર માટે બૌદ્ધ ધર્મે કરી આપેલી અનુકૂળતા પરથી વિદેશ વેપાર પણ ચાલતો હશે. અશોક મૌર્યના સમયમાં બૌદ્ધ ભિક્ષુઓ માટે ગુફાઓ કંડારવી શરૂ થઈ હતી. તેથી ગુફાનિર્માણ સાથે જોડાયેલ કારીગરોનો વર્ગ પણ હતો. આગળ ઉપર એક ઠેકાણે આપણે સુદર્શન જળાશય નિર્માણ અને તેમાંથી નહેર નિર્માણ વિશે જોઈ ગયા તેના પરથી મૌર્યકાળમાં ગુજરાતનો મુખ્ય વ્યવસાય ખેતી હતો.

જૈન આગમ અનુશ્રુતિ પ્રમાણે વિક્રમ પૂર્વે પાંચમી સદીમાં ભરૂકચ્છ અવંતિના રાજા પ્રદ્યોતના આધિપત્ય હેઠળ હતું. તેનો દૂત મલ્લવિદ્યામાં પારંગત હતો. ગુર્જરદેશમાં મલ્લવિદ્યાની ખૂબ પ્રાચીન છે. ઈ.પૂ. 5મી સદીથી જ ગુજરાતના વેપાર માટે ભરૂકચ્છ જલ-સ્થલ માર્ગે જાણીતું હતું ને તેથી તે ક્યારેક ઉજ્જયિની, પ્રતિષ્ઠાન તો ક્યારેક ગુજરાતના શાસન હેઠળ ચાલ્યા કરતું હતું. મૌર્યકાલમાં ગિરિનગર ઉપરાંત ભરૂકચ્છ પણ મહત્વનુ વેપારી મથક હશે. જે

પછીથી ક્ષત્રપકાલમાં વધુ વિકસ્યું ને કાળક્રમે ત્યાંનો સમુદ્ર છીછરો થતાં તેનું મહત્વ ઘટ્યું.એ ઉપરાંત પણ બીજા વેપારી બંદરો હશે. જે અંગે જાણકારી મળતી નથી.

**5.2.4 ધાર્મિક સ્થિતિ:**

આ કાલખંડમાં ગુજરાતના ધર્મસંપ્રદાયો ને ધાર્મિક સ્થિતિ વિશે ચોક્કસ માહિતી આપતાં સાધનો ઘણાં ઓછાં પ્રાપ્ત થાય છે. ગુજરાતમાં બ્રાહ્મણ,જૈન અને બૌદ્ધ એમ ત્રણ મુખ્ય આર્ય ધર્મ પ્રચલિત હતા. જૈન અનુશ્રુતિ પ્રમાણે બાવીસમા જૈન તીર્થંકર નેમિનાથનું નિર્વાણ ઉજ્જયંત-ગિરિનાર ઉપર થયું હતું. તેમના સમયથી ગુજરાતમાં જૈન સંપ્રદાયને વેગ મળ્યો હશે. જે મૌર્યકાલ અને પછીના સમયે પણ ગુજરાતમાં જૈન સંપ્રદાય લોકપ્રિય હતો. આગળ જતાં પશ્ચિમ ભારતમાં કેન્દ્ર સ્થાને રહ્યો હતો. જૈનધર્મ જેમ બૌદ્ધ ધર્મ પણ ગુજરાતમાં વિકાસ પામ્યો હતો. ઈ.પૂ. ત્રીજા સૈકામાં અશોકના રાજ્યકાલથી આ પ્રદેશમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર થયો જણાય છે. અશોકના સમયથી બૌદ્ધ ભિક્ષુઓ માટેના વિહારો, ગુફાઓ નિર્માણ પામવી શરૂ થઈ હતી. તે ઉપરાંત આજીવક, અગ્નિપૂજકો, નાગપંથ વગેરેની વસ્તી ઓછા પ્રમાણમાં હોવા સંભવ છે. હિંદુ ધર્મમાં બે પંથો શૈવ અને વૈષ્ણવનો વિકાસ ક્ષત્રપકાલ અને ગુપ્તકાલમાં સવિશેષ થયો તે સુવિદિત છે.

મૌર્યકાલીન ગુજરાતમાં પૂર્તધર્મ મહત્ત્વ ધારણ કરે છે. જેનું સીધું પ્રમાણ સુદર્શન તળાવનું નિર્માણ, તેમાંથી નહેરોનું નિર્માણ ઉપરાંત કૂવા, વાવ વગેરેનું બાંધકામ લોકહિતાર્થે છેક મૌર્યકાલથી શરૂ કરી આજ પર્યંત મહત્ત્વ પામ્યું છે. આ બધામાં સૌથી નોંધનીય બાબત એ છે કે અશોકે પોતાના ધર્મલેખમાં બધા ધર્મોમાં વ્યાપ્ત મૂળભૂત એકતામાં વિશ્વાસ કર્યો. અહિંસાનો બોધ કર્યો ને વિહારયાત્રાને સ્થાને ધર્મયાત્રા દ્વારા ધર્મથી વિશ્વવિજયની કામના કરી. તેનો વ્યક્તિગત ધર્મ બૌદ્ધ હતો. પરંતુ વ્યવહારિક અને રાજધર્મમાં સર્વધર્મ નિચોડ છે. રુદ્રદામાના લેખમાં તેના માટે અશોક મૌર્ય સ્પષ્ટ વપરાયું છે તે પણ ધ્યાનાર્હ છે. કેમ કે, તેના અન્ય અભિલેખોમાં(માસ્કી, ગુર્જરામાં અશોક) તેના નામ કે ઉપાધિ દેવાનપ્રિય, દેવાનપ્રિયદર્શી કે રાજા દ્વારા જ ઓળખવ્યો છે.

**5.3 ગિરનાર શિલાલેખનું મહત્વ:**

વર્તમાને જૂનાગઢના પ્રાંગણમાં ગિરનાર પર્વત જવાના રસ્તે તળેટીમાં 'અશોકના ધર્મશાસનો'થી સુવિખ્યાત રાષ્ટ્રીય સ્મારક તરીકે તે આવેલ છે. તેના જેવો ખડક ઉપર ઉત્કીર્ણ લગભગ 800 વર્ષનો ઈતિહાસ આપતો લેખ મળવો દુર્લભ છે. બ્રાહ્મી અને સંસ્કૃત લિપિ તથા ભાષામાં ઉત્કીર્ણ ત્રણ લેખ ભાષાવિકાસ, લિપિવિકાસ સમજવામાં ઉપયોગી છે તો સાથે ભારતમાં આરંભિક દફતરવિદ્યા વિશેનું જ્ઞાન પણ તે આપે છે.



**ગિરનાર શિલાલેખ**

જૂનાગઢનું જૂનુ નામ ગિરિનગર તેમાંથી જાણવા મળે છે. સાથે ત્રણ રાજવંશો મૌર્ય, ક્ષત્રપ અને ગુપ્ત સમયના આ પ્રદેશના પ્રાદેશિક શાસન, સંસ્કૃતિ, ધર્મ, લિપિ, ભાષા, કૃષિ, જળાશય વગેરે વિશે પણ જ્ઞાન પ્રાપ્ત કરાવે છે. સમયની દ્રષ્ટિએ ઈ.પૂ. ત્રીજી સદીથી ઈ.સ. પાંચમી સદી જેટલા લાંબાકાળનો ઈતિહાસ તેમાં સંગૃહીત છે. આમતો તેનો મુખ્ય હેતુ સુદર્શન સરોવર નિર્માણ, તેનું તૂટવું, સમરાવવું અને ફરી તૂટવું, પુન: સમરાવવું એમ તેના ઈતિહાસની ઝાંખી આ શૈલાલેખ કરાવે છે. આપણા દેશના ઐતિહાસિક વંશના/યુગના સ્થાપક ચંદ્રગુપ્ત મૌર્યના ગિરિનગરના(ગુજરાતના) સૂબા વૈશ્ય પુષ્યગુપ્તે સુદર્શનનું નિર્માણ કરાવ્યુ, અશોકના રાષ્ટ્રિય યવનરાજ તુષાસ્ફે તેમાંથી નહેરો કરાવી સ્મૃતિરૂપે શૈલ ઉપર ચૌદ ધર્મલેખો કરાવ્યા. ક્ષત્રપ સમ્રાટ રુદ્રદામાના સમયમાં સરોવરમાં ગાબડું પડતાં તેના અમાત્ય સુવિશાખે તેનું સમારકામ પ્રજા પાસેથી અતિરિક્ત કર લીધા વિના રાજ્ય કોશમાંથી કરાવ્યુ. પાંચમી સદીમાં ગુપ્ત રાજા સ્કંદગુપ્તના સમયમાં ફરી પાળ તૂટતાં તેના સુરાષ્ટ્રના ગોપ્તા પર્ણદત્તે ગિરિનગરના અધિકારી ને પોતાના પુત્ર ચક્રપાલિતના સહયોગથી પુન:સમરાવ્યું તથા સ્કંદગુપ્તના નામે લેખ કરાવ્યો. ઉપરાંત ચક્રધારી વિષ્ણુનું ઊંચુ મંદિર પણ બંધાવ્યું. આમ, પૂર્વકાલના ઈતિહાસ માટે ગિરનાર શિલાલેખ બેનમૂન છે. તેમાંથી ગિરિનારના કહો કે ગુજરાતના વિભિન્ન ત્રણ રાજવંશોના પ્રાદેશિક વહીવટી અધિકારીઓ રાષ્ટ્રિય, અમાત્ય અને ગોપ્તા જેવા હોદ્દા પણ જાણવા મળે છે. પ્રાદેશિક વહીવટી હકીકત સંદર્ભે આ લેખત્રયીનું દસ્તાવેજી મહત્ત્વ વિશેષ છે. સિંધુખીણની સંસ્કૃતિમાં ધોળાવીરા,લોથલ વગેરેના ઉત્ખનનોમાં જળાશયો મળ્યાં તેના પછીના કાળમાં મૌર્ય, ક્ષત્રપ અને ગુપ્તકાલમાં ગિરિનગરના સુદર્શન સરોવરની જે હકીકતો ગિરનારના શૈલલેખમાંથી મળે છે તથા આજ પર્યંત જળાશયોનું મહત્વ આપણા પ્રદેશમાં જે રહ્યું છે તેના વિશે ડો. ઈશ્વરલાલ ઓઝા યોગ્ય જ નોંધે છે કે, "ગુજરાતની સંસ્કૃતિ સરોવરની સંસ્કૃતિ છે."

ગિરિનાર શૈલલેખ આ પ્રદેશમાં અર્થકારણના અભ્યુદય પર પણ પ્રકાશ પાડે છે. તેમાં અર્થતંત્રની કેટલીક પાયાની લાક્ષણિક્તા નજરે પડે છે. જેમાં આપણા દેશની ખેતી વરસાદી ખેતી કરતાં વિશેષ સરોવરિયા ખેતી પર વિશ્વાસ, તે માટે થયેલા પ્રયાસો તેમાંથી જાણવા

મળે છે. દેશનો મુખ્ય વ્યવસાય ખેતી છે. તેના વિકાસ માટે વિભિન્ન સમયે જુદા જુદા રાજવંશોએ દાખવેલ રુચિ-રસ તે બતાવી આપે છે.

અશોકના શૈલલેખ પાછળનો હેતુ નહેરો માટેનો હોવા છતાં તેનો ઉલ્લેખ નથી. પણ પ્રજાના નૈતિક ઉત્થાન માટેનો પાયાનો ખ્યાલ તેમાં છે. તે બૌદ્ધધર્મી હોવા છતાં તેનો ઉલ્લેખ પણ નથી. પરંતુ સર્વધર્મસમભાવ, અહિંસા, ધર્મદાન, પ્રાણીઓનું કલ્યાણ જેવાં મુખ્ય સૂર તેના લેખમાં છે. ગુજરાતીઓમાં જે ઉદારતાનો ગુણ સહજે રહેલો છે તેનું પ્રતિબિંબ અશોકના લેખમાં ઝિલાયુ છે. પ્રાણીમાત્રની સેવા એ જ ધર્મ એવો મંત્ર અશોકના લેખોથી અભિવ્યક્ત થાય છે. જે માનવધર્મની સાચી વ્યાખ્યા કરી આપે છે. અશોકના ચૌદ ધર્મલેખો ગદ્યમાં તથા સામ્રાજ્યની પ્રચલિત રાજભાષા પાલિમાં છે. જે શુદ્ધ અને શિષ્ટ સંસ્કૃત અલંકારિક ગદ્ય શૈલીનો ઉત્કૃષ્ટ નમૂનો છે. જેમાં અલંકાર ને સામાસિક શબ્દોનો ભરપૂર ઉપયોગ થયેલો છે. જળાશયો ત્યારે નિર્માણ પામે છે જ્યારે વરસાદની અનિયમિતતા હોય. તેથી અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ જેવી પ્રાકૃતિક બાબતોનો પણ આ લેખ પરથી ખ્યાલ મળે છે. તેમાં ઉલ્લેખિત પૌર અને જાનપદ જેવાં શબ્દો પરથી આ પ્રદેશમાં શહેરી અને ગ્રામજીવન વિદ્યમાન હોવાની પ્રતીતિ કરાવે છે. આમ, ગિરનાર શિલાલેખ દેશ અને ગુજરાતના તત્કાલીન ઈતિહાસ અને સંસ્કૃતિ પર ઠીક પ્રકાશ પાડે છે.

- **તમારી પ્રગતિ ચકાસો**

(ખ) નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર માટે સાચા વિકલ્પની સામે √ ની નિશાની કરો.

(1) કાળાં ચકિત વાસણો મૌર્યકાળમાં કયો વર્ગ વાપરતો હતો?

(a) ગરીબ વર્ગ (b) મધ્યમ વર્ગ (c) શ્રીમંત વર્ગ (d) કારીગર વર્ગ

(2) મૌર્યકાલમાં ગુજરાતનો મુખ્ય વ્યવસાય કયો હતો?

(a) ખેતી (b) સલાટકામ (c) સોનીકામ (d) માટીકામ

(3) મૌર્યકાલીન ગુજરાતમાંથી કઈ ધાતુના સિક્કા પ્રાપ્ત થયા છે?

(a) સોનાના (b) માટીના (c) સીસાના (d) ચાંદી અને તાંબાના

(4) અશોકના શૈલાલેખની લિપિ કઈ છે?

(a) અર્ધ માગધી (b) માગધી (c) ગુજરાતી (d) બ્રાહ્મી

(5) સમ્રાટ અશોકે ક્યા ધર્મને રાજ્યાશ્રય આપેલો?

(a) જૈન (b) વૈષ્ણવ (c) બૌદ્ધ (d) શૈવ

1. મૌર્યકાલના ગુજરાતના સમાજજીવન વિશે પાંચ વાક્યો લખો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

2. ગુજરાતમાં મૌર્યકાલ સમયની આર્થિક સ્થિતિ કેવી હતી?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

3. ગિરિનારના શિલાલેખનું મહત્ત્વ ટૂંકમાં વર્ણાવો?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**(ગ) તમારી પ્રગતિ ચકાસો**

1. ગુજરાતમાં મૌર્યસત્તા વિશે વિસ્તારથી જણાવો.
2. મૌર્યકાલીન ગુજરાતની સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિને નિરૂપો.
3. મૌર્યકાલીન ગુજરાતની પ્રાદેશિક વહીવટી વ્યવસ્થા વિગતે સમજાવો.
4. ટૂંકનોધ: (1) ચંદ્રગુપ્ત મૌર્યનું ગુજરાત શાસન (2) અશોક મૌર્યનું ગુજરાત શાસન (3) ગિરનાર શિલાલેખનું મહત્વ

## 5.4 સારાંશ:

ગુજરાતમાં મૌર્યસત્તાની હાજરી આપણા દેશના ઐતિહાસિકયુગ મૌર્ય સામ્રાજ્યના સ્થાપક ચંદ્રગુપ્તના રાજ્ય અમલ સમયે આપણા રાજ્ય(ગુજરાત)નો સૂબો વૈશ્ય પુષ્યગુપ્ત હતો. જેણે ગિરનાર પર્વતમાંથી નીકળતી નદીઓ આડે સેતુબંધ કરી સુદર્શન સરોવરની રચના કરી. અશોક મૌર્યના રાષ્ટ્રિય યવનરાજ તુષાસ્ફે આ સરોવરમાંથી નહેરો કરાવી સાથે અશોકે ત્યાં ચૌદ ધર્મલેખ કોતરાવી પ્રજાને ધર્માદેશ કર્યો. આમ, પ્રાય: અશોક સુધી ગુજરાતમાં મૌર્યસત્તાના પ્રમાણ મળે છે. આ મૌર્યસત્તાની ઉપલબ્ધિ આપણે સુદર્શન જળાશયમાં જોઈ શકીએ છીએ. આપણી સંસ્કૃતિ સરોવરિય સંસ્કૃતિ તરીકે ઓળખાવી શકીએ. જેનો પ્રારંભ ધોળાવીરાના સરોવરથી, સુદર્શનથી તેનો આરંભ થયો ને સહસ્ત્રલિંગ સરોવરમાં પરાકાષ્ઠાએ પહોંચી. જેનું મહત્વ આજ પર્યંત છે ને રહેશે. મૌર્ય રાજ્યકર્તાઓનો તેમાં પ્રજાકલ્યાણકારી અભિગમ ઉપરાંત સાહિત્યમાં ભાષા, લિપીનો વિકાસ, અભિલેખવિદ્યા, ધર્મ સંબંધિત અહિંસા, સહિષ્ણુતા, પ્રજામાં પૂર્તધર્મનું મહત્ત્વ વગેરે મૌર્યકાલીન દેન ગણાવી શકાય. જેનો પછીના સમયે વિકાસ થયો.

## 5.5 શબ્દાવલી

સમાહર્તા- કર સંગ્રહકર્તા અધિકારી

નાગરિક- નગરનો શાસન અધિકારી

વ્યાવહારિક- મુખ્ય ન્યાયાધીશ

પ્રિયદર્શી- અશોક મૌર્યનું અધિકારી નામ

દેવોનો પ્રિય- અશોકે ધારણ કરેલ રાજકીય ઉપાધિ

ઐતિહાસિક કાલ- જ્યાંથી ઈતિહાસ લેખિત સ્વરૂપે મળે છે ને તેની લિપિ ભાષા ઉકેલાઈ છે.

રાષ્ટ્રિય- રાષ્ટ્રપાલ, પ્રદેશનો મુખ્ય વહીવટી અધિકારી

કુમાર- યુવરાજ

પૌર- ગામ

વાર્તા- ખેતી

બ્રાહ્મી લિપિ: ઐતિહાસિક ભારતની સૌથી જૂની લિપિ. અશોકના શિલાલેખો આ જ લિપિમાં લખાયા છે.

અર્થશાસ્ત્ર: ચંદ્રગુપ્તના પ્રધાન, કૌટિલ્ય જેણે ઈ.સ.પૂ. 4-3 સૈકામાં તેણે લખેલું પુસ્તક.

પંચમાર્ક સિક્કાઓ: ત્રાંબા અને ચાંદીના બનાવેલા સિક્કા જે ઈ.સ.પૂ. છઠ્ઠા-પાંચમાં સૈકામાં વપરાતા સૌથી જૂના સિક્કા

## 5.6 તમારી પ્રગતિ ચકસોના જવાબો

**•તમારી જાતે ચકાસો ક ના જવાબો.**

1. 1-(b), 2-(e), 3-(g), 4-(d), 5-(a), 6-(c), 7-(f), 8-(i), 9-( j), 10-(h)

**•તમારી જાતે ચકાસો ખ ના જવાબો.**

1. (1)-(c), (2)-(a), (3)-(d), (4)-(d), (5)-(c).

## 5.7 સંદર્ભ :


1. છો. પરીખ અને હ.ગં. શાસ્ત્રી, 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ',ગ્રંથ-2, મૌર્યકાલથી ગુપ્તકાલ, ભો.જે. વિદ્યાભવન,અમદાવાદ.
2. રસેશ સી. જમીનદાર, ક્ષત્રપકાલીન ગુજરાત; ઈતિહાસ અને સંસ્કૃતિ, લાલભાઇ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ.
3. અબુઝફર નદવી, ગુજ. અનુ. છોટુભાઇ ર.નાયક,ગુજરાતનો ઈતિહાસ, ભાગ-2, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ.
4. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી, ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
5. ભોગીલાલ જયચંદ સાંડેસરા, જૈન આગમ સાહિત્યમાં ગુજરાત.
6. A.S. Altekar, A History of Important Ancient Towns and Cities in Gujarat and Kathiawad, Bombay.
7. M.R. Majmudar(Ed.), Historical and Cultural Chronology of Gujarat, Baroda.
8. Jackson, Gazetteer of the Bombay Presidency, Vol.I, Part I, History of Gujarat: Early History, Prepared from notes by Bhagvanlal Indraji, Bombay.(Also useful Vol., 5,8 and 9)
9. R. S. Tripathi, History of Ancient india, 2nd Ed., Varanasi.
10. H. D. Sankalia, Archaeology of Gujarat(including Kathiawar), Bombay.

નોંધ

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-89909-04-3